આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૧ ● અંક : ૨
સળંગ અંક : ૯૭૪
એપ્રિલ-૨૦૨૧





# સંસ્કૃતિ

સંસ્કૃતિના મૂળમાં વિચાર અને વિવેક - એ બે બાબતો રહેલી છે. જગતનાં સર્વ પ્રાણીઓમાં વિચારવાની શક્તિ અને પોતાના ભાવિને લાંબે સુધી જોવાની શક્તિ માત્ર મનુષ્યમાં જ રહેલી છે. તેથી વિચારની મદદથી તેણે પોતાના જીવનમાં નોંધપાત્ર પરિવર્તનો કર્યા છે. આ પરિવર્તનોનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે અને તેના વડે જ પરંપરાઓનું સર્જન થયું છે અને થઈ રહ્યું છે.

ઇતિહાસકારોની દૃષ્ટિએ સંસ્કૃતિ એટલે જે તે માનવસમાજનો બૌદ્ધિક અને કલાત્મક વિકાસ. લિન્ટન, ફોર્ડ વગેરે માનવશાસ્ત્રીઓની દૃષ્ટિએ સંસ્કૃતિ એક ગતિશીલ (ડાયનેમિક) ધારણા છે. સંસ્કૃતિ એ બંધિયાર સરોવર નથી પણ વહેતી નદી છે. સમયના બદલાવની સાથે સાથે સંસ્કૃતિમાં પરિવર્તન અને સુધારો-વધારો થયા કરે છે. જેના ફળ સ્વરૂપે એક સંસ્કૃતિમાં નવાં તત્ત્વો જોડાય છે તો અનેક જૂનાં તત્ત્વો બદલાય છે અને કેટલાંક તત્ત્વો અંત પણ પામે છે. આમ સંસ્કૃતિ સદાય વિકસતી પ્રક્રિયા છે. દરેક સંસ્કૃતિ ઓછી કે વધતી ગતિએ હંમેશા આગળ વધે છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૦

સળંગ અંક : ૯૭૪ | એપ્રિલ-૨૦૨૧



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબહેન શાસ્ત્રી

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


આયુષીને ભણવાનું ગમશે — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪
સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫
શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૬
ચાલો કરીએ પર્યાવરણનું જતન — પવાર અસ્મા મો. રફીક / ૧૩
એક વિદ્યાર્થી સ્વાતંત્ર્ય સેનાની — હીરજીભાઈ નાકરાણી / ૧૪
અંદરથી ઊગવું જોઈએ ! — હરેશ ધોળકીયા / ૧૯
તથાસ્તુ - કોરોનો ! — રણછોડ શાહ / ૨૧
તો નથી કોઈ સ્વાર્થ હોતો — દિપ્તિબેન ક્રિશ્ચિન / ૨૨
વિદ્યાર્થીઓની આત્મકથા, એક સમસ્યા... — ડૉ. ઊર્મિલા શાહ / ૨૩
કેળવણીના સાંપ્રત પ્રવાહો-પરિવાર સજાવો સદ્‌ગુણોથી — ડૉ. કિરીટ જોષી / ૨૫
બાળકોને ઉત્સવી આનંદ કરાવતી સળંગ વારતા — ઈશ્વર પરમાર / ૨૭
કદર કરવાની આ રીત કેવી ? — મનસુખ સલ્લા / ૨૮
શાળા જીવનના સાથીદારો — અશોકભાઈ સોમપુરા / ૨૯
લોક સાહિત્ય : રાસ — વિનીતા વાછાણી / ૩૧
પુસ્તક પરિચય - ગાંધીજી અને નવે પેઢી — નિશાબેન જે. ત્રિવેદી / ૩૨
'ધી હેબીટ ઓફ વિનીંગ' — બળદેવભાઈ છત્રોલા / ૩૩
Let's be human today — ચેતનાબેન રાવલ / ૩૩
વિદ્યાર્થી કે રેસનો ઘોડો — મનોજકુમાર સુથાર / ૩૪
આજના વિદ્યાર્થી માટે શિક્ષણ કેટલું જરૂરી — ખુશાલસિંહ ચાવડા / ૩૬
બાળ ઘડતરના અનુભવો — રમેશભાઈ બી. પટેલ / ૩૭
પ્લાસ્ટિક સ્વાસ્થ્ય માટે લાભકારક કે — કુસુમબેન / ૩૮
શિક્ષણ સમાચાર — અશોકભાઈ સોમપુરા / ૩૯
સેવામૂર્તિ દંપતી — સંકલન / ૪૧
ચાલો જંગ જીતીએ કાવ્ય — મૃણાલબેન ઓઝા / ૪૨



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# આયુષીને ભણવાનું ગમશે

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ભણવા આવતાં બાળકો અવનવાં હોય. તેમનો દેખાવ પણ જુદો અને સ્વભાવ પણ જુદો. તેમનાં રસ-રુચિ જુદાં અને શક્તિઓ પણ ભિન્ન-ભિન્ન.

આયુષી નામની સાતમા ધોરણમાં ભણતી એક છોકરીને ભણવાનો કંટાળો આવે. તે આખો દિવસ શૂન્ય-ચોકડી રમ્યા કરે. પોતે તો ના ભણે, પરંતુ પોતાની આજુબાજુ જે બેઠું હોય તેને પણ શાંતિથી ના ભણવા દે. ભણવા સિવાયની બધી હરકતો કરે. ભણે નહીં એટલે ભણવામાં કાચી. ભણે સાતમામાં, પરંતુ બીજા ધોરણનો દાખલો પૂછો તોય ના આવડે.

આયુષીને અભ્યાસ અભિમુખ કેમ કરવી તે વિદ્યાદાનની ટીમ માટે પડકાર બની રહ્યો. હવે શું કરવું ? એક રસ્તો મળી ગયો. વિદ્યાદાનમાં એક દિવ્યાંગ છોકરો ભણવા આવતો હતો. પોતાની તમામ વિકલાંગતાને તેણે ઠેબે ચડાવી હતી. હાથ-પગ યોગ્ય સ્થિતિમાં નહોતા તો પણ તે ખૂબ સારી રીતે ભણીને આગળ વધ્યો હતો. વિદ્યાદાનની ટીમે એક વખત આયુષીને કહ્યું કે આપણા આ સાથીદાર ભણવામાં તેજસ્વી છે. ભગવાને તેમને બરાબર હાથ-પગ નથી આપ્યા. તેમને મગજનો પણ થોડો પ્રોબ્લેમ છે. ભગવાને તને આ બધું સારું આપ્યું છે, પરંતુ તને તે કામનું લાગતું નથી. જો તને વાંધો ના હોય તો આપણે એક સારા ડોક્ટરને બોલાવીને તારા હાથ-પગ અને મગજ એ ભાઈને આપી દઈએ. તેમનું કામ થાય.

પહેલાં તો આયુષીએ હા પાડી, પરંતુ પછી કહ્યું કે ના, ના હોં, હું મારું કશું નહીં આપું.

વિદ્યાદાન તરફથી કહેવામાં આવ્યું કે તો પછી તું એનો ઉપયોગ કર. નહીંતર આપણે કોઈને આપી દઈશું. આયુષી એ જવાબ આપ્યો કે હું આજથી જ તેનો ઉપયોગ ચાલુ કરું છું.

ક્યારેક છોકરાઓનો કાન સીધી રીતે નહીં તો આમ આડકતરી રીતે પકડવો પડે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## ચૂંટણી પછીની જવાબદારી

ગુજરાતમાં ચૂંટણી પૂરી થઈ. બધા જ પડઘમ શાંત પડ્યા. પ્રજાએ ભારે આત્મવિશ્વાસ સાથે પોતાના મત આપ્યો. ભવિષ્ય ભાખનારાઓ અને વળી સોશિયલ મીડિયા ક્યાંક સાચી તો ક્યાંક ઓછી સાચી પડી. ભાજપ પક્ષ ભારે બહુમતી મેળવી સત્તા સ્થાને આવ્યો. ચૂંટણીમાં કોઈ પક્ષ હારે છે તો વળી કોઈ પક્ષ જીતે છે. રાજકીય પક્ષોની હાર-જીત થવી એ ચૂંટણીનું આગવું અંગ છે અને સનાતન સત્ય છે. ક્યારેક કોઈ સ્થાનિક કાર્યકરની સેવા વધારે ઉપયોગી લાગે તો તે અપક્ષ રીતે પણ ચૂંટણી લડે છે. લોકોનો વિશ્વાસ મેળવી ચૂંટણી જીતે છે. લોકશાહી દેશમાં લોકોનું સ્થાન ખૂબ મહત્ત્વનું હોય છે. રાજવહીવટ કોને સોંપવો, સત્તા સ્થાને કોને બેસાડવા તે પ્રજા જ નક્કી કરે છે.

હાલમાં જીતેલા પક્ષના મોવડીઓએ વિવિધ વિભાગના નેતાઓ કયા છે તે નક્કી કરી લીધુ છે. શહેરના મેયર, ડેપ્યુટી મેયર અને અન્ય વિભાગમાં કોણ જવાબદાર નેતા હશે તેઓના નામોનો પણ આ નિર્ણયમાં સમાવેશ થઈ ગયો છે. હવે આવા નેતાઓને તેમની જવાબદારી અને અન્ય કાર્યભાર ખૂબ નિષ્ઠાપૂર્વક બજાવવાનો સમય શરૂ થયો છે.

મહાનગરપાલિકાઓના અને અન્ય વિભાગોના આવા ચૂંટાયેલા કાર્યકરો અને સત્તાધીશો પાસે સારા, ઝડપી અને હકારાત્મક કામની અપેક્ષા પ્રજા રાખે એ સ્વાભાવિક છે. એમાંય ખાસ કરીને સ્થાનિક લોકોના પાણી, વીજળી, સફાઈ એ શિક્ષણ અંગેના પ્રશ્નોને ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે અને તેનો નિકાલ વેળાસર લાવવામાં આવે એ જરૂરી છે. સામાન્ય નાગરિક પોતાના શેરીના કે મહોલ્લાના વિવિધ પ્રશ્નો અંગે આવી સારી અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસેથી આટલી અપેક્ષાઓ...

(૧) લોકસંપર્ક દ્વારા સ્થાનિક પ્રશ્નોને સમજે અને ઉકેલ માટે સક્રિય બને. (૨) જાહેર વહીવટ માટે અભ્યાસશીલ બને. વિષયમાં ઊંડા ઉતરે. (૩) નિયમ અને કાયદાનું પાલન કરી પ્રજામાં કાયદાના શાસનને પ્રતિષ્ઠિત કરે. (૪) વિચાર-વાણી અને વર્તનમાં સૌજન્ય દાખવે. (૫) બંધારણીય સંસ્થાઓનું ગૌરવ જળવાય તે રીતે વર્તન કરે. (૬) પક્ષ કરતા મતદારોને વફાદાર રહે.

ઘણી વખત એવું જોવા - સાંભળવામાં - અનુભવવામાં આવતું હોય છે કે જે તે વિસ્તારમાં કોઈ પ્રધાન, નેતા કે કોઈ ઑફિસર આવવાના હોય ત્યારે સત્તાધીશો દ્વારા ત્યાંની સફાઈનું પૂરું ધ્યાન આપવામાં આવે છે. આવા જ પ્રકારનું ધ્યાન અને કામગીરી સામાન્ય દિવસોમાં પણ નિયમિત રીતે થતી રહે તે જરૂરી છે.

હવે ચૂંટણી જીતી ગયેલા સભ્યોએ પોતાની પ્રામાણિકતા અને આવડતનો ઉપયોગ કરીને પૂરી નિષ્ઠાથી

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)

# શિક્ષણના સિતારા

**ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧ ૩૩૫. મો. ૯૪૨૭૨૮૮૭૪૨

*વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે ''શિક્ષણના સિતારા'' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે ''શિક્ષણના સિતારા''ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે  કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.*

## અમે માછલીઓ ઊંડા જળની

**જયંતભાઈ શુક્લ**
૬, આમ્રપાલી સોસાયટી, કારેલી બાગ, વડોદરા - ૧૮.

દરેક વરસના દીકરાના મોંમાં બીડી દેખીને પરસનબાની દર્શન-પૂજા પછીની પ્રસન્નતા પલાયન થઈ ગઈ. દીકરાના મોંમાંથી બીડી ખેંચી ને ચંપલ ખોસતા કહ્યું, ''બીડીને બદલે લે આ ચામડું ખા ! લાજતો નથી ?''

આ પછી દીકરાએ છાનેછપને ઠૂંઠા ચૂસવા માંડ્યાં. જાજરૂમાં ધુમાડાના ગોટા ! પરસનબાએ પતિ શિવશંકરભાઈને આ વાત ભારે ચિંતા સાથે કરી, ''છોરો હાથથી જાય છે, તમે બરાબરનું કંઈ કરો.''

પિતા તરત કંઈ ન બોલ્યા જાજરૂમાં ઠૂંઠું જોઈને, છૂપકે છૂપકે 'ગોટેગોટે ગૌદાન' કરતા પુત્રને થોડા દિ' પછી કર્યો સીધો સવાલ, ''ભાઈ, તું બીડી પીએ છે કે છોડી દીધી ?''

''જ્યારથી મારી બાએ કહ્યું છે ત્યારથી જ છોડી દીધી છે.''

પિતાએ પુત્રની સામે ઠૂંઠું મૂકીને કહ્યું, ''આપણા જાજરૂમાં આ ક્યાંથી ? દીકરા, તેં બીડી પીધી તેનું દુઃખ તો થાય જ અમને; તેમાં વળી તું ખોટું પણ બોલતો થયો છે તેથી ખૂબ દુઃખ થાય છે. બેટા, બીડી પીવાથી મોઢું ગંધાય, છાતીમાં દુઃખે, ઉધરસ થાય, દિલ કંતાઈ જાય. તું બીડી છોડે તેમાં તારું ભલું છે; ઠીક લાગે તેમ કર, ભાઈ.''

મોંમાં ચંપલ ખોસનાર માતાએ જોયું કે પિતાની સમજાવટથી બેટો બીડીનો બંધાણી થતાં બચી ગયો ! વરસો પછી તો એ બાળકોની ભલાઈ માટેના કામોનો બંધાણી થયો. આ બાળપ્રેમી શ્રી જયંતભાઈ શુક્લનો જન્મ સને ૧૯૨૬ની ૬ઠ્ઠી ઑક્ટોબરે આણંદ ખાતેના સારસા ગામે થયો હતો. આ બાળકનાં તોફાનોથી મા-બાપ ખૂબ ત્રાસી ગયાં હતાં. નાછૂટકે દાદીમાં ચંચળબા પાસે ભાદરવા ગામે મોકલાવી દેવો પડ્યો. હેતાળ દાદીના હાથના સાદા-મીઠા કુલેર ને મહામિષ્ટાન્ન જેમ ઝાપટતા જયંતકુમાર તે ગામે બીજી ચોપડી પાસ કરીને પાછા સારસા ગામે આવી ગયા - શાણા થઈને !

ચંચળ તરુણ જયંતની શક્તિ, સેવા અને સંગઠનના માર્ગે વળી. બ્રાહ્મણ પ્રગતિ મંડળની સ્થાપનામાં સહયોગ કર્યો. પછીથી એણે વ્યાયામ ઉપરાંત નાટ્ય-નૃત્યના કાર્યક્રમો પણ ચગાવ્યા.

શાળાની પરીક્ષા પાસ કરી ચૂકેલ (૧૯૪૦) પુત્રને પિતાએ આગળ અભ્યાસ માટે દાદાને ત્યાં નડિયાદ મુકામે મોકલ્યો. (૧૯૪૧) ગાંધીપ્રેરિત 'ભારત છોડો આંદોલન'ના આંદોલનો ઝીલતાં ઝીલતાં જયંતકુમાર સભા-સરઘસમાં સરકી પડ્યા. માર પણ ખૂબ ખાધો. દાદાએ આ 'પરાક્રમી' પૌત્રને પાછા સારસા ગામે રવાના કરી દીધો. આઠમા ધોરણથી આગળનું ભણતર અટકી ગયું.

સારસા ગામમાં પણ ગાંધીસભા-સરઘસમાં વ્યસ્ત રહેતા જયંતકુમારને પોસ્ટ ઑફિસ સળગાવવામાં સામેલ હોવા બદલ પોલીસ-થાણામાં સખત મારઝૂડ સહેવી પડેલી. રાષ્ટ્રપ્રેમી પિતા તરફથી ગાંધીપ્રેરિત પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ મળતો પરંતુ ગાંધીવિરોધી જ્ઞાતિજનોએ ગાંધીપ્રેમી તરુણનું વતનમાં થયેલ વેવિશાળ તોડી નાંખ્યું !

વેવિશાળ તૂટતાં તરુણ જયંતકુમારને માનસિક આંચકો લાગ્યો. ગાંધીપ્રેમી કાકા આ સત્તર વર્ષના બેચેન ભત્રીજાને પોતાને ત્યાં આંકલાવ લઈ ગયા. (૧૯૪૭) અહીં ખાદીભંડાર શરૂ કરી આપ્યો. તરવરિયા તરુણને ભંડારનું બેઠાડું જીવન ફાવ્યું નહીં. કાકાએ વિચાર કરીને સૂચવ્યું, ''ભાઈ, તું મુંબઈ જા. બાળશિક્ષણની તાલીમ લે; તારાબહેન મોડકની સંસ્થામાં.'' - આમ જયંતભાઈને દોડવું'તું ને ઢાળ મળી ગયો !

સને ૧૯૪૪; મુંબઈમાં દાદર મુકામે શિશુવિહાર નામની સંસ્થા; આ સંસ્થામાં ચાલતા બાલઅધ્યાપન-મંદિરમાં પ્રવેશ મળી ગયો. એક વર્ષની તાલીમ પૂરી થઈ.

મુંબઈમાં જ રહીને બાળશિક્ષણનું કામ કરવાનો મનોમન નિર્ણય તો જયંતભાઈએ લીધો પરંતુ મુંબૈશે'ર માં રોટલા અને ઓટલાનું શું ? એક જ્ઞાતિબંધુની પેઢીમાં સૂવાનું ગોઠવાયું. રહ્યો રોટલાનો સવાલ. માળવી બાળમંદિરમાં આચાર્યા મોંઘીબહેન જયંતભાઈના શિક્ષણકાર્યથી ખૂબ સંતુષ્ટ. એમણે સૂચવ્યું, ''હાલ તમે બે-ચાર બાળમંદિરમાં જવાનું રાખો; ત્યાં વાર્તા - નાટક - સંગીત જેવી પ્રવૃત્તિઓ કરાવતા રહો; તેમાં તો તમે પૂરતા કાબેલ છો. હાલ પગાર નહીં મળે; ધીમે ધીમે ગમે ત્યાં ગોઠવાઈ જશો.''

પરંતુ બે-ચાર બાળમંદિરો સુધી પહોંચવા માટેનું ટિકિટભાડું ક્યાંથી કાઢવું ? મોંઘીબહેને તત્કાળ પાંચ રૂપિયાની મદદ કરી. તે પાંચ રૂપિયાનાં અગરબત્તીનાં પડીકા ખરીદીને જયંતભાઈ એ લોકલ-સ્ટેશનો પર તે વેચવા માંડ્યા. સાંજ પડ્યે બાર આના (પંચોતેર પૈસા) જેવું વળતર મળી રહેતું. તે જમાના (૧૯૪૫)માં આઠ આના (પચાસ પૈસા)માં તો લૉજમાં આખું ભાણું પિરસાતું ફુલ ડિશ !

કરકસરિયા જયંતભાઈને બાળમંદિરોમાં ગાંઠને ખરચે જવા છતાં નોકરી તો ન મળી પણ એક ઘેર ટ્યૂશન મળ્યું. માસ આખરે બંધ કરવામાં પગાર મળ્યો - રૂપિયા પચાસ ! એક માસનું મહેનતાણું : ત્રણ માસનું ભોજન ! જયંતભાઈના જીવનની આ પહેલી સુખદ ઘટના !

આ પછી 'ભગિની સમાજસેવા મંદિર' નામની સંસ્થાના બાળમંદિરમાં શિક્ષક તરીકેની નિમણૂંક મળી. (૧૯૪૫) આ બાળમંદિર મુંબઈ સેન્ટ્રલ પાસેના હરિજનવાસમાં ચાલતું. ઓગણીસ વર્ષના એકલરામ જયંતભાઈ બાળમંદિરમાં જ નહીં, તે સંસ્થા સંચાલિત પ્રાથમિક શાળા, સીવણવર્ગ, યુવાપ્રવૃત્તિ અને પ્રૌઢ શિક્ષણ માટે પણ પૂરતો સમય અને શક્તિ ફાળવતા. તેમની કામગીરીથી ખૂબ સંતુષ્ટ થઈને સંસ્થાએ તેમને કાર્યાલયમાં રહેવાની સગવડ આપી.

આ ગાળામાં પૂજ્ય ગાંધીજીના તારાબહેન મોડક પરના ગ્રામલક્ષી આદેશને અનુસરીને થાણા જિલ્લાના બોર્ડી ગામે ગ્રામવિસ્તારમાં આદિવાસી બાલવાડી તેમજ બાલઅધ્યાપન-મંદિર શરૂ થયું હતું. તારાબહેનના સૂચન મુજબ, એ સંસ્થામાં અધ્યાપકીય સેવાઓ આપવા જયંતભાઈ અવારનવાર જતા.

બાળશિક્ષણની પ્રવૃત્તિને ન્યાય અને વેગ મળે તે માટે બીજા મૉન્ટેસોરી શિક્ષકો સાથે મળીને જયંતભાઈએ નૂતન બાલશિક્ષક સંઘની સ્થાપના કરી હતી. શિક્ષકો માટે યોગ્ય પગારધોરણની માંગણી કરી અને તેમાં સફળતા મેળવી. સને ૧૯૪૮માં મુંબઈ પધારેલા મેડમ મૉન્ટેસોરીને તેમના પ્રસરેલા શિક્ષણની ઝલક દર્શાવવા એક મોટા 'બાળ-શિક્ષણનગર'નું આયોજન થયેલું. નૂતન બાળશિક્ષક સંઘે જયંતભાઈના જહેમતભર્યા માર્ગદર્શન નીચે તે કાર્યક્રમ ખૂબ સફળ કરી ઊજવી બતાવ્યો.

સંઘની અને બોર્ડી ખાતેની અધ્યાપકીય પ્રવૃત્તિઓ દરમિયાન તે જ સંસ્થામાં શિક્ષણકાર્ય કરતાં હીરાબહેન જયંતભાઈ સાથે પરિચયમાં આવ્યાં અને સહકાર્યકર તરીકે જીવનભર કાર્ય કરવા તેમની સાથે લગ્ન કર્યાં. (૧૯૪૮)

જયંતભાઈએ માધવબાગ ખાતે એક નમૂનેદાર બાળમંદિર સ્થાપેલું અને ચલાવેલું. (૧૯૪૯-'૫૦)

મુંબઈમાંની બાલકન-જી-બારીની તારાબાગ અને ચોપાટી શાખામાં પણ તેઓ કાર્યરત રહેતા.

ભાવનગર મુકામે બંધ પડેલ 'દક્ષિણામૂર્તિ' સંસ્થાને પુનઃ કાર્યરત કરવા તારાબહેને જવાબદારી સંભાળી. (૧૯૫૦) એમના સૂચનથી જયંતભાઈએ તે સંસ્થામાં તત્કાળ એક વર્ષ (૧૯૫૦-'૫૧) સેવા આપી. સંસ્થાના અધ્યાપન-મંદિર એ બાલવાડીને પ્રાણવાન બનાવવા એમણે સજોડે અથાગ પ્રયત્નો કર્યા.

આ પછી નૂતન શિક્ષક સંઘ દ્વારા રૌપ્ય મહોત્સવ ઉજવાયો. (૧૯૫૧) આ નિમિત્તે મહારાષ્ટ્ર-ગુજરાતમાં વાલી અને શિક્ષકોની શિબિરો અને બાળશિક્ષણનગરોની પ્રવૃત્તિ શિક્ષણશાસ્ત્રી શ્રી શૈષ નામલેના નેતૃત્વ નીચે થઈ. તેમના મદદનીશ તરીકે કામ કરવાની તક પચીસ વર્ષના જયંતભાઈને મળી. આ સાન્નિધ્યથી તેમનામાં શિક્ષણક્ષેત્રે આગવી સૂઝ વિકસી.

રૌપ્ય મહોત્સવ પૂરો થયા પછી જયંતભાઈ અને હીરાબહેન મુંબઈ બોર્ડી ખાતેની આદિવાસી વિસ્તારમાં ચાલતી બાળશિક્ષણની પ્રવૃત્તિઓમાં જોતરાયા તે પહેલાં તે જ વરસે (૧૯૫૨) સસ્તા અનાજની ન્યાયી વહેંચણી અંગે આણંદ મુકામે થયેલ સમાજવાદી પક્ષ પ્રેરિત સત્યાગ્રહમાં ભાગ લઈને જયંતભાઈએ થોડા દિવસોની કેદ વહોરી લીધી હતી.

ત્યાંથી બોર્ડી પરત આવેલ જયંતભાઈ માટે આઘાતનો ઓછાયો પથરાયેલો પડ્યો હતો. હીરાબહેન એકાએક બિમારીમાં પટકાયાં. શીતળાની ટૂંકી માંદગીને લીધે મુંબઈની હરકિસનદાસ હૉસ્પિટલમાં એમણે છેલ્લા શ્વાસ લીધા. (૧૯૫૨) બે બાળકો પરથી માતૃછાયા સંકેલાઈ ગઈ; ને જયંતભાઈ જીવન-હીરારહિત !

એ હીરાના અગોચર અજવાશથી પ્રેરિત જયંતભાઈ મક્કમતાપૂર્વક મનને કાઠું કરીને પુનઃ બાળકલ્યાણની પ્રવૃત્તિમાં ખૂંપી ગયા. તારાબહેનના માતૃવત વ્યવહારે તેમને હૂંફ આપી. તેમને ઘેર જ રહેતા-જમતા જયંતભાઈ આદિવાસી વિસ્તાર માટેની 'વિકાસવાડી' યોજનામાં લાગી ગયા. વિકાસવાડીમાં ઘોડિયાઘર, બાલવાડી, પ્રાથમિક શાળા, પ્રૌઢશાળા અને સામૂહિક ઉત્સવ કેન્દ્રનો સમાવેશ થતો હતો.

આદિવાસીઓ પોતાનાં બાળકોને છાણાં-લાકડાં કે ફળ-કંદમૂળ ભેગાં કરવા મોકલતા. ભૂલકાંને ભણવા મોકલવાનું તેમને સમજાવતા જયંતભાઈને જવાબ મળતો, "તમને સરકારે મોકલ્યા લાગે છે ; અમારા છોરાં ભણે કે અમને મદદ કરે ?"

આમ છતાં ધીરજપૂર્વક ગીત-સંગીતને આધારે જયંતભાઈએ આદિવાસી બાળકોને શાળા તરફ આકર્ષવા માંડ્યા. તેઓ બેસે, વાર્તા સાંભળે, ગીત ઝીલે. એકવાર વાસમાં કોઈએ ડુક્કર કાપ્યું. છોકરાં ગીત ફેંકીને વાટકા લઈને માંસ લેવા દોડ્યાં. તત્કાળ નાહિંમત થયેલા જયંતભાઈ હિંમતભેર વાસમાં ગયા. મરેલા ડુક્કરની આસપાસ છોકરાં ઊભાં હતાં ને ડુક્કર કાપનારો તેમને થોડું થોડું માંસ વહેંચતો હતો.

સાંજે તારાબહેનને આ પ્રસંગ જણાવીને જયંતભાઈએ ઉમેર્યું, "બહેન, હું ચુસ્ત બ્રાહ્મણ આ માંસાહારી કોમને કેમ શિક્ષણ આપી શકીશ ?"

"જયંત, આપણા દેશમાં અનેક પ્રદેશો એવા છે કે જેમાં લોકો માંસાહારી છે. ઘણા ગરીબો આ પ્રકારના પ્રાણીઓને ઉછેરીને પોતાનું પેટ ભરે છે. તેમના તરફ ઘૃણા કર્યા વિના તેમને શીખવો કે જે ડુક્કરનું માંસ ખાવાના હો તે ડુક્કરને સ્વચ્છ રાખો."

બીજા દિવસે જયંતભાઈ પેલાં બાળકો પાસે પહોંચીને કહે, "ચાલો, આજે આપણે ભૂંડોના બચ્ચાંને નવડાવીએ." બાળકોને ખૂબ મજા પડી. ગીતો ગાયાં. પછી વાર્તાના સ્વરૂપમાં જયંતભાઈએ ખ્યાલ આપ્યો કે માંસ કેવું ખવાય ને કેમ ખવાય !

વિકાસવાડી અંગેની કામગીરી દરમિયાન એક પારસી પરિવારના ભાવનાશાળી પુત્રી દીનાબહેન ઝાઈવાલાનો એક સહકાર્યકર તરીકે જયંતભાઈને પરિચય થયો.

ઘરનું ઘર, ગાડી ને વાડી ધરાવતા શ્રીમંત પરિવારમાં દીનાબહેનનો જન્મ સને ૧૯૩૩ની ૧૨ જાન્યુઆરીના રોજ થયો હતો. પિતા જમશેદજી દારૂના છંદે ચડ્યા. સાંજે ઘરમાં

સોંપો પડી જાય. તે આવે. બકે. ચામડાના પટ્ટાથી બાળકોને ઝૂડે. અભણ માતા માણેકબાઈ હૈયાસૂઝથી પરિસ્થિતિ સંભાળી લેતા. નશો ઊતરતાં જ પિતા પ્રેમમૂર્તિમાં પલટાઈ જતા ! જોકે દારૂના દૈત્યે ઘરના વૈભવને હરી લીધો.

સને ૧૯૫૩માં દીનાબહેને તારાબહેન મોડકના સાન્નિધ્યમાં બોર્ડી મુકામે બાળઅધ્યાપનની તાલીમ લીધી. આ પછી આદિવાસી વિસ્તારમાં ઘોડિયાઘરથી માંડીને ચોથા ધોરણ સુધીની શાળા વિકાસવાડી યોજના અન્વયે સંભાળી. (૧૯૫૨-'૫૬) આ નિમિત્તે અનુભવનું ભાથું અમૂલ્ય મળ્યું.

એક વખત બાલવાડીનો હિસાબ તપાસતાં જણાયું કે સંસ્થાની રકમ (પાંચ રૂપિયા) ઘરખર્ચમાં વપરાઈ ગઈ હતી. તારાબહેને કહ્યું, "જો દીના, સંસ્થાના હિસાબમાંથી એક પણ પૈસા ઘરખર્ચ માટે વપરાય નહીં. આપણે તો નૈતિક મૂલ્યોના માણસો છીએ. ફરી વાર આવી ભૂલ ન થાય તે માટે તને દસ રૂપિયાનો દંડ કરું છું."

દીનાબહેને દસ રૂપિયા નહીં, આખા મહિનાનો પગાર સંસ્થામાં જમા કરાવીને ભૂલનું પ્રાયશ્ચિત કર્યું.

જયંતભાઈ વિકાસવાડીનું સમગ્ર સંચાલન સંભાળતા હતા તેથી દીનાબહેન અને તેમના પરિવારનો સહજમાં પરિચય થયો. આ વિકસેલ પરિચયના પરિણામે એક વખત જયંતભાઈએ પ્રસ્તાવ મૂક્યો, "આપણે એક જ ક્ષેત્રના જોગીઓ છીએ; સાથે રહીને આપણે બાળશિક્ષણના કામો કરીએ તો કેમ ?"

સામાજિક દૃષ્ટિએ આ ક્રાંતિકારી પગલું હતું. બે બાળકોના પિતા, ભિન્ન જાતિ, ભિન્ન ધર્મ, બંનેનાં પરિવારોનો વિરોધ - આ સ્થિતિને લીધે પુછાયેલા પ્રશ્નથી દીનાબહેનને મૂંઝવણ થવી સહજ હતી; પરંતુ ઉત્તર આપવાની સમયમર્યાદા તો પ્રશ્નકર્તાએ બાંધી જ ક્યાં હતી ?

★

ત્યાં તો જયંતભાઈને ફરી ભાવનગર જવાનું થયું. (૧૯૫૪) દક્ષિણામૂર્તિ સંસ્થાના બાળઅધ્યાપન મંદિર, બાળમંદિર અને પછાત વિસ્તારની બાલવાડીમાં કામગીરી કરવાની આવી; પરંતુ તારાબહેન સાથે વૈચારિક મતભેદ થતાં જયંતભાઈએ 'દક્ષિણામૂર્તિ' છોડવાનો નિર્ણય કર્યો.

બન્યું એવું કે દિવાળીની રજાઓમાં દાદાને લઈને યાત્રાએ ગયેલ જયંતભાઈ બીજું સત્ર શરૂ થયા પછી પાંચ દિવસ મોડા હાજર થયા. સંસ્થાએ ઠેરવ્યું કે આમ મોડા હાજર થનારને આખા વૅકેશનનો પગાર ન આપવો. જયંતભાઈને આ અન્યાય માન્ય ન હતો. છેવટે તારાબહેન કહ્યું, "હું અંગત રીતે તમને પગારની રકમ આપી દઈશ, સંસ્થા તો નહીં જ આપે."

જયંતભાઈ સ્પષ્ટ હતા, "પગાર આપ નહીં, સંસ્થા જ આપે. પગારપત્રક પર સહી કરીને આ પગાર સંસ્થાને દાન તરીકે આપી દઈશ; પણ મારા હક્કનો પગાર તો સંસ્થા તરફથી મને મળવો જ જોઈએ."

સંસ્થા આ બાબતે સંમત થઈ શકી નહીં. જયંતભાઈએ તત્કાળ રાજીનામું આપ્યું. તેઓ સુરેન્દ્રનગરની બાળશિક્ષણની સંસ્થામાં જોડાયા. (માર્ચ ૧૯૫૫)

સુરેન્દ્રનગર જતાં અગાઉ જયંતભાઈએ ભાવનગરથી દીનાબહેનને પુછાવેલી : "તમે સાથે જોડાવા માટે, કામ કરવા માટે શું વિચારો છો ?"

એક જ ને વળી પ્રિય વ્યવસાયમાં કામ કરવાની તક મળે છે. પાત્ર પણ પ્રેમાળ છે. એમ વિચારીને દીનાબહેન લગ્ન માટે સંમત થયા. તારાબહેનની સંમતિ, સહાય અને સૂચનથી સુરેન્દ્રનગરની કોર્ટમાં લગ્ન નોંધણી કરાવી. (૧૯૫૬)

ત્યાં વળી, ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં તારાબહેને શરૂ કરેલ બાલવાડીને સ્થિર કરવા કોસવાડ મુકામે જયંતભાઈને જવાનું થયું. (૧૯૫૬) આ પડકારને ઝીલીને જયંતભાઈ ગરીબોના હમદર્દ બની રહ્યા. તેમની જેમ જીવ્યા. એ લોકો તો તેમને પોતાના ભગવાન માને !

સુરેન્દ્રનગરના બાળકેળવણી મંડળ સંચાલિત બાળમંદિરની જવાબદારી જયંતભાઈએ સ્વીકારી. એમણે મંડળ પાસે બાળઅધ્યાપન મંદિર શરૂ કરવાની દરખાસ્ત મૂકી. તે સ્વીકારાઈ. સંસ્થાના નિયામક તરીકે પ્રખર શિક્ષણશાસ્ત્રી હરભાઈ ત્રિવેદી નિમાયા. તેમના પરિચયની તક મળી. સંસ્થા હંમેશા તૂટમાં રહેતી. પગાર

ચૂકવવાની મુશ્કેલી ઊભી થતી ત્યારે નાણાંની સગવડ કરવા જયંતભાઈ સમાજ સંપર્ક કરતા અને સફળ પણ થતા.

આ અલગારી શિક્ષકને ઘેર મહેમાનો તો હોય જ હોય ! મહિને અનાજનું બિલ પણ ન ચૂકવી શકે. એક વખત દીનાબહેન ઉધાર અનાજ લેવા ગયા ત્યારે વેપારીએ નન્નો સુણાવી દીધેલો ! આર્થિક સ્થિતિ અતિ સામાન્ય. એક સારી શિક્ષણસંસ્થામાં પુત્રને દાખલ કરી શકવા માટે આખા વરસની એકસાથે ફી ભરવાની પણ તેમની શક્તિ ન હતી. આથી પુત્રને તે સંસ્થાના લાભથી વંચિત રહેવું પડ્યું.

બાળમંદિરમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં દીનાબહેને ભાષા અને ગણિતના શિક્ષણની જવાબદારી સોંપાઈ હતી. જયંતભાઈએ જોયું કે મહારાષ્ટ્રમાં ભણેલ આ પારસી બાનુના ઉચ્ચારો અશુદ્ધ થાય છે. આ કેમ ચલાવી લેવાય ? એમણે દીનાબહેનને તરતોતરત મુક્ત વ્યવસાય - નર્સરી વિભાગમાં બદલાવી દીધાં. સ્વમાની શિક્ષિકાને આનો આઘાત તો એવો લાગ્યો કે આગળ જતાં એમણે બી.એ.માં મુખ્ય વિષય ગુજરાતી રાખ્યો એ બી.એડ્.માં એક પદ્ધતિ પણ ગુજરાતી જ !

પોતાને હસ્તકલા બાળમંદિરને છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોથી સજ્જ રાખવા જયંતભાઈ આતુર રહેતા. શાળાના સાત ધોરણ સુધીના બાળકોની ઊંચાઈને ખ્યાલમાં રાખીને એમણે હીંચકાઓ તૈયાર કરાવ્યા હતા. નાનાં બાળકોને બપોર ઊંઘવા માટે પલંગો પણ રખાવેલા. પોતે હારમોનિયમ લઈને બાળગીતો ગાતાં ને ઝીલવતાં. એમની વાર્તાના પૂરમાં તો મોટેરાંય ખેંચાય ! સાથી (પટાવાળા)ની ગેરહાજરીમાં સાવરણી લઈને સફાઈકામમાં લાગી જતા જંયતભાઈને કોઈ અજાણ્યા વાલી આચાર્ય તરીકે તો ઓળખે જ શાના ?

આમ ત્રણેક વર્ષ (૧૫૫૫-'૫૮) યશસ્વી બાળસેવા કરીને નગરજનોની ચાહના મેળવી ચૂકેલા જયંતભાઈએ સંચાલકો સાથે કેટલાક સૈદ્ધાંતિક મતભેદોને કારણે સુરેન્દ્રનગર છોડ્યું.

ભાવનગરની 'ઘરશાળા'એ આ બેલડીની બાળમંદિર અને બાળઅધ્યાપન મંદિરમાં અધ્યાપકીય સેવાઓ લેવાનું સ્વીકાર્યું. ગૃહપિતા તરીકે ફરજ પણ જયંતભાઈએ સ્વીકારી. અહીં તેઓ ત્રણ વર્ષ (૧૯૫૮-'૬૦) રહ્યાં. આ ગાળા દરમિયાન જયંતભાઈ એસ.ટી.સી. થયા, દીનાબહેન બી.એ.(૧૯૬૦)

સિદ્ધ કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી તે કાળે રાજ્યસભાના સભ્ય હતા તેથી તેમનાં દિલ્લી ખાતેના રોકાણો વધ્યા. બાળઅધ્યાપન મંદિરમાં તેમના મનોવિજ્ઞાનના તાસ લેવાતા બંધ થયા. (૧૯૫૮) તાલીમાર્થીઓ મૂંઝાયા. ગુજરાતીમાં પુસ્તક પણ પ્રાપ્ય ન હતું. દીનાબહેન અને જયંતભાઈએ આ મૂંઝવણ દૂર કરવા બીડું ઝડપ્યું. મરાઠીમાં લખાયેલા પુસ્તકો મેળવીને દીનાબહેને તેનો સાર-અનુવાદ તૈયાર કર્યો ; રાતે જાગીને તેના આધારે તૈયારી કરીને જયંતભાઈ ભણાવે. આ રીતે અભ્યાસક્રમ પૂરો કરાવીને એમણે હરભાઈનું વિશેષ હેત મેળવ્યું. એમની સંસ્થાકીય રજૂઆતોને હરભાઈ જરૂરથી દાદ આપતા. તેમના વિશે જયંતભાઈ કહે છે : "મારા જીવનઘડતરમાં 'ઘરશાળા'એ મોટો ભાગ ભજવ્યો. બાળકોનું સ્વાતંત્ર્ય, બાળમાનસની સમજ, છાત્રાલય-વ્યવસ્થા, વિદ્યાર્થીઓ સાથે મિત્રભાવે વર્તવાની માનવીય પદ્ધતિ મને શ્રી હરભાઈ પાસેથી મળી. મારા જીવનદૃષ્ટા તરીકે તેમનું સ્થાન કાયમ રહેશે."

જવાબદારીના ગંજ છતાં જયંતભાઈ આમ રહે હળવાફૂલ ! સંગીતશિક્ષક ગુલભાઈની ફાંદ પર હાથ પસરાવતા લલકારે "આજ તો મિયાં મેં કહ દૂઁગી, બસ કહ દૂઁગી... ઢોલ બજાકે સારે ગાઁવ કો કહ દૂઁગી..." ગુલભાઈ પણ ગીતમાં ભળે ને ઘરશાળામાં ખિલખિલાટ !

ગૃહપિતા જયંતભાઈ ગામમાં ગયા હોય કે, બહારગામ; પોતાના ઘરને ક્યારેય તાળું ન લગાવતા. જે કોઈ છાત્રને ખાંડ, ચા, દૂધ, સોય, દોરા, કાતર, બ્લેડ, વાસણ, પ્રાયમસ, દવા, મલમપટ્ટા જે કંઈ જોઈએ તે પોતાની મેળે લઈ લે ! ક્યારેક એવુંય બને કે પોતે દૂધના અભાવે ચા ન બનાવી શકે !

ઘરશાળા, ભાવનગરમાં બે'ક વર્ષ વીત્યા પછી સુરેન્દ્રનગરના કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ વિનંતી કરી કે ગઈ ગુજરી ભૂલી જઈને ફરી સંસ્થા સંભાળો. મૂળે તો શ્રી હરભાઈએ જ તે ટ્રસ્ટીઓને સૂચવેલું કે જયંતભાઈને મુક્ત રીતે કામ કરવા દેવામાં જ ડહાપણ છે. સ્વમાની જયંતભાઈ - દીનાબહેન બાળઅધ્યાપન મંદિરના પૂર્ણ સમયનાં અધ્યાપક રહ્યાં. (૧૯૬૧-'૬૩) એમણે એસ.ટી.સી. કર્યું. (૧૯૬૧) આ પછી દીનાબહેને બાળઅધ્યાપન મંદિરમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે સેવાઓ આપી. (૧૯૬૩-'૬૯)

સંસ્થા-સંનિષ્ઠા અંગે તો આ પતિ-પત્ની વચ્ચે હોડ હતી કે શું ? એક વખત અધ્યાપિકા દીનાબહેન અગિયાર ને પાંચ મિનિટે અધ્યાપન મંદિરમાં આવીને હાજરીપત્રકમાં સહી કરવા જતા હતા. ત્યાં આચાર્યશ્રી જયંતભાઈ કહે, "દીનાબહેન, તમે આજે પાંચ મિનિટ મોડા છો, આ ચાલે નહીં. આજની રજા મૂકી દો." દીનાબહેને તે દિ'ની રજા તો મૂકી પણ કામ તો આખો દિવસ કર્યું !

સંસ્થા-સંચાલનની સતત કામગીરી છતાં તક મળે ત્યારે જયંતભાઈ 'પશા પટેલના ખેતરમાં તે મજા, મજા, ભાઈ, મજા, મજા' જેવા ગીતો બાળકોને ગવડાવે ને કુદાવે. નાટકમાં ખલનાયક તરીકે જમાવટ કરે. દલા તરવાડીનો પાઠ તો અદ્ભુત ભજવે. પપેટ શૉના પ્રેમી, જનસંપર્કમાં કુશળ જયંતભાઈ સંસ્થામાં જ શાના પુરાઈ રહે ?

એમણે જોયું કે સરકાર પ્રાથમિક શિક્ષણને વિકસાવવા જેવી તત્પર છે તેવી પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નથી. ઉપવાસ આદિ ગાંધી ચીંધ્યા માર્ગે એમણે તે કાળે સરકારી વલણમાં સમતુલા આણી.

જયંતભાઈ સુધરાઈની ચૂંટણીમાં સ્વતંત્ર રીતે ચૂંટાઈ આવ્યા. શિક્ષણ સમિતિના ચૅરમૅન થયા. આ જવાબદારોને જવાબ આપવા એમણે નગરપાલિકાની શાળાઓને અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી કરી. શિક્ષકો માટે સ્કાઉટ શિબિર કરી. ડેડસ્ટોકનો પ્રશ્ન ઉકેલ્યો. વહીવટી સમાનતા આણી. ચૅરમૅન જયંતભાઈ તક મળતાં શાળામાં ગીતધારા રેલાવી આવતા.

જયંતભાઈએ સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ બનીને શિક્ષકોના હક્ક-હિત માટે સરકારમાં સફળ રજૂઆતો કરી હતી. જીવનશુદ્ધિ અને સમૃદ્ધિના હેતુ માટે 'વિદ્યામંડળ' સંસ્થા રચી હતી. આ સંસ્થાના નેજા હેઠળ શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, આરોગ્ય અને પ્રાસંગિક પ્રવૃત્તિઓનું આયોજન થતું રહેતું. આમ અનેકવિધ પ્રવૃત્તિઓને લીધે સુરેન્દ્રનગરના ચિત્તમાં જયંતભાઈ છવાઈ ગયા અને જયંતભાઈના ચિત્તમાં સુરેન્દ્રનગર છવાયેલું રહેતું.

પરંતુ પરિવારજનોને - ખાસ કરીને માડીજાયા પ્રહલાદભાઈના ચિત્તમાં વડીલ બંધુ જયંતભાઈના અને તેમના ચારેય બાળકોની આર્થિક સલામતી અને ઈચ્છિત વિકાસ માટે ઘટતું કરવાની ઈચ્છા છવાયેલી રહેતી હતી. એમણે આગ્રહપૂર્વકની રજૂઆતો સતત કર્યા કરી. છેવટે જયંતભાઈને વગર મૂડીએ પોતાના વડોદરા ખાતેના કારખાનામાં ભાગીદાર બનાવીને જ જંપ્યા. મને-કમને સુરેન્દ્રનગરની વિદાય લીધી. (૧૯૬૯)

બંધુપ્રેમને વશ થઈને બાળકેળવણીનું પ્રિય ક્ષેત્ર છોડવાનું થતાં એમનું મન કારખાનામાં કોળતું ન હતું. વડોદરા આવ્યા તે જ વરસે કવિ 'કંટક'નો સામેથી પરિચય કરીને હૈયું ઠાલવ્યું : "આવું સરસ શહેર હોવા છતાં મને એકલું લાગે છે, સવારે કારખાને જાઉં છું, સાંજે પાછો આવું છું ; પણ કામમાં કંઈ દિલ લાગતું નથી. આમ તો મેં આખી જિંદગી બાળકો વચ્ચે કાઢી છે પણ અહીં છે યંત્રો ! બાળકોનો સ્નેહભીનો અવાજ યંત્રોમાં સાંભળવા ખૂબ જ પ્રયત્ન કર્યો છતાં સંભળાતો નથી."

બાળકોનો અવાજ સાંભળવાને માટે થઈને ધંધો કરતાં કરતાં પણ તેઓ કેળવણીનું કામ કરતા રહેતા હતા. જોકે કારખાનું પણ મજૂરો સાથેના માનવીય વ્યવહારથી મધમધતું રહ્યું. આ ગાળે એમનો બાળકાવ્યસંગ્રહ 'ચકુબકુ' (૧૯૭૩) અને 'વિવિશા' નામનો ગઝલસંગ્રહ (૧૯૭૪) પ્રકાશિત થયો. તેમાંની એક ગઝલમાં એમણે જાણે ખુદને જ અરીસો ધર્યો છે :

*'હા ! માન ને અપમાનના મૂલ્યો જગતમાં છો રહ્યાં,*

*પોતે સલામત જ્યાં રહ્યો ત્યાં ત્યાં સર્યો એ માનવી.'*

શિશુ, શિક્ષણ અને સાહિત્યજગતમાં જ્ઞાતિ-સલામતી જોતા જયંતભાઈએ વડોદરામાં 'અક્ષરા' અને 'ભૂલકાં-ભવન' જેવી સંસ્થાઓના સ્થાપનમાં સક્રિય રસ દાખવ્યો. (૧૯૭૯)

મહીકાંઠાના કોતરોમાં વાસદ ગામે યોજાયેલ રાષ્ટ્રકક્ષાની યુવાશિબિરમાં જોડાયેલા ચોપન વર્ષના યુવાન જયંતભાઈ મૂકસેવક બબલભાઈ મહેતાથી ખૂબ પ્રભાવિત થયા. બબલભાઈએ તો આ પરિચયથી જન્મેલ આત્મીયતાના અધિકાર સાથે આદેશ જ આપ્યો, "જયંતભાઈ, તમે શિક્ષણક્ષેત્રમાંથી નિવૃત્તિ લઈ અહીં આવી ધંધા સાથે પણ આ કાર્યને વળગી રહ્યા છો તેનો મને ખૂબ આનંદ છે. તમે આ ધંધામાંથી મુક્ત થઈ શિક્ષણકાર્ય જ કરવા માગો છો તે અભિનંદનીય છે પણ મારી તમને સલાહ ગણો તો તે નહીં તો આદેશ સમજો કે, તમે હવે કોઈ સંસ્થામાં જોડાશો નહીં, અને નવી સંસ્થા ઊભી કરવાનું વિચારશો નહીં. તમારા આજ સુધીના બાળશિક્ષણના અનુભવ, પ્રયોગો સમજ અને આવડતને પ્રચાર-પ્રસાર અર્થે ફરતી યુનિવર્સિટી બની ગુજરાતની સંસ્થાઓને લાભ આપો. જ્યાં અને જ્યારે બોલાવે ત્યારે અનુકૂળતા કરી પહોંચવું તે જ હવે તમારું કાર્ય ગણાવું જોઈએ !"

અને છેવટે ઉદ્યોગ-ધંધા સાથેના દોઢ દાયકાના (૧૯૬૯-'૮૩) સંબંધના પોટલાંની ઉત્સાહી યુવાનપુત્રને સોંપણી કરી. હજુ ગયા વરસે (૧૯૮૨) પ્રકાશિત તેમના મુક્તક સંગ્રહ 'છીપે છીપે મોતી'માં તેમનો મનોભાવ આ સંદર્ભે વ્યક્ત થયો હતો :

*'કોરા જીવનને આકરા તડકા મળ્યા,*
*ને ઉવેખવા અસ્તિત્વ વાદળ ગળ્યાં.'*

વડોદરાના દીનાબહેનને તો હવે પુષ્કળ સમય મળતો. ઘેરથી પરવારીને આજુબાજુના બાળમંદિરમાં જાય; બાળકોને ગીતા ગવડાવે ને શિક્ષકોને માર્ગદર્શન આપે. વસંત વિદ્યાલયમાં સુપરવાઈઝર ને શિક્ષક તરીકે પણ ચાર વર્ષ (૧૯૭૦-૭૪) સેવાઓ આપી. ત્યાર પછી સમાજકલ્યાણ મંડળ સંચાલિત બાલવાડીઓને તથા આઈ.સી.ડી.એસ. સંચાલિત કાર્યકર તાલીમકેન્દ્રોમાં પણ માર્ગદર્શન આપતાં રહ્યાં. વચ્ચેવચાળે જ્યારે જ્યારે બાળક સંબંધની પ્રવૃત્તિ - કાર્યક્રમો - બાળસભા, માતૃસભા, વાલીસભા, સંગીત-નાટ્ય શાળા, બાળપ્રદર્શન, બાળરેલી, બાળશિક્ષણનગર વગેરે યોજાયાં હોય તે અંગેનું નિમંત્રણ મળે તો તેમાં હાજર રહીને પોતાના ઉત્સાહથી યુવાનોને રંગી દે તેમાં શી નવાઈ? એમના બાળગીત સંગ્રહ 'છલક છલાણું' (૧૯૮૯)ની ત્રણ વર્ષમાં ત્રણ આવૃત્તિઓ થાય તેમાં શી નવાઈ ? ગિજુભાઈ જન્મશતાબ્દી (૧૯૮૫)ની ઉજવણી વખતે જરૂરી નાણાં ઉદ્યોગક્ષેત્રમાંથી ઉઘરાવી આપવામાં નોંધપાત્ર ભાગ ભજવે તેમાં શી નવાઈ ? મૂળે જીવ જ બાળજગતનો !

પ્રખર ચિંતક ડૉ. ગુણવંત શાહની આગેવાની નીચે જાપાનના પ્રવાસે ગયેલ વીરૂ વિશ્વશાંતિ યાત્રીઓમાં દીનાબહેન અને જયંતભાઈ પણ સામેલ હતા. (૧૯૮૬) હિરોશીમામાં સાંજે વિશ્વશાંતિ પરિષદનું ઉદ્ઘાટન થયું તે સભામાં આ બાળપ્રેમી બેલડીએ બાળનૃત્યગીત રજુ કર્યું :

*"દાદાજીની લાકડી, લાકડીનો ઘોડો*
*ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો;*
*દોડ્યો...દોડ્યો...દોડ્યો...*
*ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો !"*

આ નૃત્યમય યુગલગાનને બસો પ્રતિનિધિઓએ ભાષાભેદ ભૂલીને સૂર, તાળી કે અભિનય દ્વારા દાદ આપી !

વડોદરા જિલ્લા સમાજકલ્યાણ મંડળના પ્રમુખ તરીકે ગ્રામીણ વિસ્તારમાં ચાલતી પચાસ બાલવાડીઓના સંચાલનની જવાબદારી; આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રનું સંચાલન; નૂતન બાળશિક્ષણ સંઘ દ્વારા ચાલતા કાર્યકર પ્રશિક્ષણ શિબિરોનું સંચાલન; બાળઉછેર અંગેની ગુજરાતની એકમાત્ર માસિક પત્રિકા 'બાલમૂર્તિ'નું પ્રકાશન; જાગૃત ગ્રાહક સંસ્થાને સહયોગ; લાલબહાદુર

શાસ્ત્રી વિદ્યાલયના પૂર્વપ્રાથમિક વિભાગનું અધ્યત્રપદ - આવી જવાબદારી ઉમંગભેર સંભાળતા જયંતભાઈ દીનાબહેન સાથે વડોદરા કે ગુજરાતભરમાં જ્યાં જ્યાં બાળકલ્યાણનું કામ ચાલે ત્યાં બંને ત્યાં લગી સમય અને શક્તિ આપે. તેમ કર્યા વિના તેમનાથી રહેવાવાનું જ નથી. શિશુજગતને સમર્પિત આ દંપતી મધુર કંઠે આ ગીત ગાઈને પોતાના પ્રિય જગતને વ્યક્ત કરે છેઃ

*'અમે માછલીઓ ઊંડા જળની,*
*ઊંડા પાણીમાં રહીએ રે...*
*બહાર કાઢો તો તરફડી મરીએ !'*

'મૂછાળી મા' ગિજુભાઈ બધેકાને જોયા-સાંભળ્યા વિના એમનું સામીપ્ય અનુભવતા રહેતા જયંતભાઈ-દીનાબહેનને મળવું તે પણ એક રૂડો અવસર !

"જયંતભાઈ, બાળકો વતી શું તરત કહેવાનું આપને મન થાય છે ?"

"આપણે વગર વિચાર્યે બાળકનવે જડ ચોકઠામાં પૂરી દઈએ છીએ. બાળક તો બિચારું બીકનું માર્યું આપણે કહીએ એમ કરે લછે પણ એ જ વખતે આપણે એના મનમાં આપણા માટે કટુતાનાં વાવેતર કરીએ છીએ. આવું વાવેતર કરીને આપણે માણસો કેવી રીતે ઉગાડવાના ?"

"હાલમાં થતા બાળશિક્ષણ અંગે આપના મતે ચિંતાજનક બાબત શી છે ?"

"ઈશ્વરભાઈ, ભણતરના દફતરનો ભાર, ભણતરના ભાગરૂપે ઘરકામ, ભણતરની કસોટી માટે પરીક્ષા, શહેર'માં શાળાએ જવા રિક્ષા - આવી કેટલીક બાબતો ચિંતાજનક હોવાનું જણાય છે."

"દીનાબહેન, બાળમંદિર કક્ષાએ કોણ વધુ અસરકારક : શિક્ષક કે શિક્ષિકા ?"

"શૈશવની જરૂરિયાતો અંગે સામાન્ય રીતે બહેનોને વધુ ખ્યાલ અને અનુભવ હોય છે; તેથી શિક્ષિકા વધુ અસરકારક બને. જોકે માતૃ દયથી કામ કરનાર શિક્ષક પણ અસરકારક બને; પણ એ તો જૂજ અપવાદોમાં. કેટલીક બહેનો પણ અપવાદરૂપે, બાળશિક્ષણ માટે યોગ્ય નથી હોતી તે પણ એટલું જ સાચું છે."

"આપ બંનેની સહિયારી જીવનભાવના - જયંતભાઈ આપ કહેશો ?"

"જન્મ અકસ્માત છે, મૃત્યુ નિશ્ચિત છે, પણ માણસે જીવન કેમ જીવવું તે નક્કી કરવાનું તેના હાથમાં છે. અમે શિક્ષણક્ષેત્ર સ્વીકાર્યું. તેમાં કામ કરતાં નિજાનંદ મળતો રહ્યો; બાળકોની નિર્દોષતા અને નિખાલસતા વચ્ચે જીવવાની મજા આવી. આવતી કાલના ઉમદા માણસને ઉગાડવાના કામ માટે અમારી સમજ-શક્તિ અને સમય આપવાનો અવસર જ્યાં સુધી જીવન ટકે ત્યાં સુધી મળતો રહે એવી ભાવના છે."

ગુજરાતના ગૌરવ ને આશિષ સમાન આ બાળભેરુ બેલડીને અદબભેર સલામ !

## ચાલો કરીએ પર્યાવરણનું જતન

**પવાર અસ્મા મો. રફીક**
(જે. એન. બાલિકા વિદ્યાલય)

*જો કરશો પર્યાવરણનો નાશ,*
*તો નક્કી છે આપણો વિનાશ.*
*બધાને જોઈએ સુખ-સુવિધા,*
*પણ પછી પડશે બધાને દુવિધા.*
*કામ છે બધારે હજાર,*
*પણ એક વૃક્ષ ઉગાડવામાં કેટલી વાર ?*
*નાશ કરવા પશુ-પંખીના રહેઠાણો,*
*એ નથી ધ્યેય જીવનનો આપણો.*
*શ્વાસ લેવામાં પડશે તકલીફ,*
*ત્યારે ખબર પડશે વૃક્ષોનું હિત.*
*પાણીએ મળશે સોની જેમ,*
*કોઈ દિવસે આવશે એ પણ ટેમ.*

# એક વિદ્યાર્થી સ્વાતંત્ર્ય સેનાની

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૯૦૭૭૦૭૬

ઘરના ભલે ગમ્મે તેટલી જૂની હોય પણ તેમાં છુપાયેલ સત્ય કદી જૂનું થતું નથી કેટલીક આનંદદાયક તરોતાજી સ્મૃતિપટ પર ખડી થાય છે ત્યારે ભાવ નિકટવાની પ્રસન્નતા દઈ જાય છે.

આવી એક ઘટના નવેમ્બર ૧૯૫૨ના શુભ દિને ઘટી હતી ; જે વખતે હું ગ્રામ દક્ષિણામૂર્તિ : આંબલાની લોકશાળામાં બીજા વર્ષનો વિદ્યાર્થી હતો. અમારા ખેતી શિક્ષક શ્રી બાબુભાઈ અવરાણીએ સૌરાષ્ટ્રના કેટલાંક અભ્યાસ્ પોષક સ્થળોની મુલાકાત લેવા માટે પ્રવાસનું આયોજન કર્યું હતું. જેમાં અમારી સાથે માણાર કૃષિફાર્મના ખેતીકાર્યકર શ્રી ગોવિંદભાઈ ઢેઢીયણ હતા. તેમનો સ્વભાવ ખૂબ રમુજી હતો. તેમના અટ્ટહાસ્યમાં તેમની સફેદ બત્રીસી શ્યામસુંદર ચહેરાનીયે ચાંદ જેવી ચમકતી હતી. આખા પ્રવસમાં તેમણે ખૂબ આનંદ કરાવ્યો અને વિવિધ દેશી ઓઠા આપીને અમને ખૂબ ખખડાવ્યા હતા. જે આજે પણ યાદ કરું છું ત્યારે ભૂતકાળની મીઠી મધુરી સ્મૃતિ તરોતાજી બનીને પ્રસન્નતા આપી રહી છે.

સૌપ્રથમ અમારે પ્રગતિશીલ ખેડૂત શ્રી ઈસ્માઈલભાઈ નાગોરીનું તરવાડામાં શેત્રુંજી નદી કાંઠે આવેલ ફાર્મહાઉસ જોવા જવાનું થયું. તેમની વાડી ફરતીની વાડ દૂજણી જોઈ ત્યારે અમને અપાર આનંદ થયો હતો. ઈસ્માઈલ દાદા નાગોરી એટલે બાગબનીનો ભેજાબાજ માણસ તેની તોલે કોઈ ન આવી શકે. આ દિવસે સાંજના અમે ધારીના પ્રખ્યાત શેઠ રામજી હંસરાજનું આમ્રકુંજ ફાર્મ જોવા પહોંચી ગયા તે દિવસનું વાળુ અને રાતવાસો ફાર્મમાં કર્યો હતો. શેઠ પોતે કલકત્તા હોવાથી અમારા વચ્ચે આવી શક્યા નહોતા પણ તેમના સેવકોએ શેઠની ખોટ પડવા ન દીધી. પૂ. નાનાદાદાના મિત્રો જ્યાં હોય ત્યાં કોઈ વાતની મણા રહે ખરી ? ભઆવથી રાત્રિ ભોજન થયું. સુવા માટે પણ મોટી વ્યવસ્થા થઈ હતી.

બીજા દિવસે સવારે નાસ્તા-ચા-પાણી કરી અમે શેત્રુંજી પર બંધાયેલ ડેમ જોયો. બપોરે અમે જૂનાગઢના મોતીબાગના કૃષિફાર્મમાં પહોંચ્યા. બીજા દિવસે સકરબાગનું પ્રાણી સંગ્રહાલય જોયું. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સંચાલિત ગ્રામોદ્યોગ વાડીમાં ચાલતા વિધિ ગૃહઉદ્યોગો અને ખાદી વણાટ કેન્દ્ર જોયું. આ દિવસે સાંજના અમે રાજકોટ પહોંચ્યા. અમારો ઉતારો રાષ્ટ્રીય શાળાના અતિથિગૃહ ઉપક્રમે ગોઠવાયો હતો. અહીં પણ સમિતિ તરફથી પેડોકમાં ચાલતા ગૃહઉદ્યોગો જોયો. સાંજે સંસ્થાના ઉપાસના ભવનમાં સાથે પ્રાર્થના ગોઠવેલી તેમાં અમે હાજરી આપી. પૂ. નારણદાસકાકા ગાંધી અને તેમના પુત્ર શ્રી પુરુસોત્તમ ગાંધી ઉપસ્તિથિતિમાં સર્વધર્મ પ્રાર્થના થઈ તે પછી કાકાના પુત્રએ સુમધુર કંઠે મીરાંનું 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' ભજન ગાયું અને છેલ્લે 'રઘુપતિ રાઘવ રાજારામ' ની ધૂન ગવડાવી.

પ્રાર્થનામાં હાર્મોનિયમનો સાથ હતો. તાલ લય સાથે પ્રાર્થના, ભજન, ધૂન સંગીતમય બની ગઈ. પ્રાર્થનાઓના વાતાવરણે સૌને પ્રસન્ન બનાવી દીધા. પૂ. નારણદાસ કાકાએ આઝાદીની લડતનો અછડતો ઉલ્લેખ કરી વિદ્યાર્થીજોગ કેટલીક શિક્ષણની વાતો કરી.

રાજકોટથી અમે જામનગર સવારે દસેક વાગે પહોંચ્યા. અમારે અહીંનું એરોડ્રામ અને સોલાર સેનીટેશન જોવાનું હતું. તે માટે કોઈ માર્ગદર્શકની જરૂર હતી. આંબલા સંસ્થાના ભુતપૂર્વ શિબિરાર્થી અને શ્રી ગોવિંદભાઈના પરિચિત મિત્રનું અમે સરનામું મેળવી સંપર્ક કર્યો. તેમણે અમને આપેલ સરનામે તેમની સોસાયટીના એક નિવેસ

જઈ પહોંચ્યા. ટેનામેન્ટ સોસાયટીમાંના નિવાસના દરવાજે જઈને જોયું તો દરવાજાનું તાળું ખુલી ગયું હતું. અમે શાંતિપૂર્ણ વાતાવરણમાં ભંગ પાડ્યા વગર દરવાજો ખોલી પ્રવેશ કર્યો. ઘરના મુખ્ય દરવાજા પરના કૉલબૅલનું બટન દબાવ્યું. તરત જ એક પતલો આમ સુંદર યુવાન બહાર આવ્યો. તેમના મીઠાં અને મૃદુ આવકારથી અમે પ્રસન્ન થયા. તેમણે રંગીન જાડી ખાદીનો સદરો પહેર્યો હતો એ સફેદ વેલામાં શ્યામસુંદર ચહેરો શોભી રહ્યો હતો. માથે કાળા ભમ્મર વાળનો જાણે મધપૂડા ન બેઠા હોય ! શ્યામસુંદર ચહેરા ઉપર કાળાભમ્મર વાળનું મેચિંગ ઘણું સુંદર લાગતું હતું. તેમનું મંદ મંદ હાસ્ય, ઋજુ સ્વરમાં મંગળકારી પણ લાગતું હતું. તેમના મીઠા આવકારમાં અમને સ્વજનની અનુભૂતિ થઈ. તેમણે અમને બેઠક રૂમની બે સેટી પર અને ખુરશી પર બેસાડ્યા. પોતે ઘોડિયા નજીક નીચે જ બેસી ગયા અને હાથમાં દોરી પકડી લીધી. અમારા પ્રવેશથી થોડો શાંતિભંગ થયો હશે એટલે બાળક સળવળ્યું. તરત દોરી ટાઈટ કરી અને હિંચકો શરૂ થઈ ગયો. થોડીવારમાં બાળક પોઢી ગયું. એમને તો એમજ હશે કે મારી માં હિંચોળે છે. પણ એવું નહોતું પુરુષના સ્વરૂપમાં ભીની સંવેદનામાં તે વખતે તો બાળકની માં જ હતી.

શાંતિ છવાઈ જતા પંદરેક મિનિટ હળવા સ્વરે વાતોની આપ-લે થઈ રહી હતી ત્યાં નાહી-ધોઈને ખાદીની સાડીમાં શોભતી એક દુબળી-પાતળી કમરવાળી નયનરમણી, ગૌરવર્ણી યૌવનાએ દર્શન દીધા. રૂપાળી રાધાને જોઈને હું તો હબક થઈ ગયો. મનમાં થયું જરૂર કાગડો દહીંથરું લઈ ગયો. ક્યાં રાધા અને ક્યાં શ્યામ ! શ્યામ સુંદરને રાધા કઈ રીતે ભેટી ગઈ હશે ! મારા વિયનો જવાબ શોધી રહ્યો હતો ત્યાં એક સમાધાન થયું. કદાચ પ્રેમલગ્ન થયા હશે. પછી જાણવા મળ્યું કે તે યુગલ પ્રેમલગ્નથી જોડાયું નહોતું પણ લગ્નપ્રેમથી તો જરૂર જોડાઈ ગયેલા જણાયું.

'રાધા' શબ્દ જ અલૌકિક છે. શબ્દ સૌંદર્યમાં જ રાધાનું રૂપ, લાવણ્ય સમાઈ ગયેલું હોય છે. રાધા એ પ્રેમની ધારા છે એ ધારામાં જ રાધા સમાઈ જાય છે. આમ રાધા વગર શ્યામ અધૂરા છે અને શ્યામ વગર રાધા અધૂર જ છે. સિસ્કાની બે બાજુનેજ રાધેશ્યામ કહેવામાં આવે છે. એ રાધાની બત્રીસી સ્મિતમાં પણ રળિયામણી લાગતી હતી. એ રાધા બીજી કોઈ નથી પણ રમાગૌરી જ હતી. અને શ્યામસુંદર બાબુ હતા શ્રી યશવંતભાઈ ત્રિવેદી. તેમણે મૃદુ સ્વરમાં કહ્યું : 'રમા, આ પ્રવાસીઓ આંબલાથી આવ્યા છે. તેઓ લોકશાળાના વિદ્યાર્થીઓ છે. અને વિશેષ તો તેઓ શ્રી મનુભાઈ પંચોળી દર્શકના વિદ્યાર્થીઓ સ્છે. તેઓ સોલાર સેનિટેશન જોવાના છે.'

ઘોડિયામાં પોઢેલ બાળક બીજું કોઈ નહીં પણ ચિ. ઉષા જ હતી. તેની ખાતરી હજુ હમણાં જ થઈ. ચિ. ઉષાએ પોતાના પિતાશ્રીની સ્મૃતિને તરોતાજી રાખવા માટે એક સ્મૃતિગ્રંથ કંડારવાનું સ્વપ્ન સેવ્યું. તે માટે મને પણ મારી ભાવ-સંવેદના રજૂ કરવાનું નિમંત્રણ આપ્યું. મેં સહર્ષ સ્વીકારી લીધું.

ખબર નથી કેમ ? આજે પણ ઘોડિયામાં પોઢેલી ચિ. ઉષા માટે મારા દિલમાં એટલો જ બાલપ્રેમ ધબકી રહ્યો છે. આમેય શ્રી યશવંતભાઈ માટે મારા હૈયામાં એક અનોખો આત્મભાવ પહેલાથી જ ધબકી રહ્યો છે. મને એ યુગલ માટેનો આત્મભાવ તલવાર પણ ઓછો નથી થયો. મુ. યશવંતભાઈની તબિયત અંગ્રેજોની લાઠીઓનો માર ખઆધા પછી વિશેષ નાજુક બની ગઈ હતી. આઝાદીની લડતનું આંદોલન ગાંધીજીએ ૧૯૪૨ની આઠમી ઑગષ્ટે કરેલું. અંગ્રેજોને દેશ છોડો (ક્વિટ ઈન્ડિયા)ના આંદોલનનું એલાન કર્યું તે વખતે મુ. યશવંતભાઈ ૧૮ વર્ષના હતા. તેઓ આ આંદોલનમાં ઘર છોડીને કૂદી પડ્યા.

૧૩મી ઑગષ્ટે પાલીતાણામાંથી સૌપ્રથમ ધરપકડ થઈ. પોલીસનો લાઠીમાર ઠીક ઠીક ખાધો તે પણ રાજીખુશીથી. લગભગ ઓગણીસ દિવસ સુધી કારાવાસમાં સબડવું પડ્યું.

બીજી વખત તેમને ૧૩ મી સપ્ટેમ્બરે ભાવનગરની પોલીસે પકડીને પોલીસ ચોકીના ડિટેન્શન કસ્ટડીમાં ૯ દિવસ ગોંધી રાખવામાં આવ્યા.

ત્રીજી વખત તેમને ઈન્ડિયા એક્ટ હેઠળ ડિસેમ્બરમાં પકડવામાં આવ્યા. અહીં પણ લાઠીનો માર ખમવો પડ્યો. અને છેલ્લે ચોથી વખત ૧૯૪૩ના ઓગષ્ટમાં ડિફેન્સ ઓફ ઈન્ડિયાના ધારા હેઠળ પકડવામાં આવ્યા તે વખતે લગભગ સાત માસ સુધી જેલના કસહીન રોટલા ખાધા પછી ૨૬ જૂને ૧૯૪૪માં તમામ રાજકીય કેદીઓને છોડી મૂકવાનું એલાન થયું. સૌ કેદીઓ છૂટી ગયાં.

અંગ્રેજો માટે તેઓ જરૂર ગુન્હેગાર હતા પણ આપણા માટે તો તેઓ આશીર્વાદ રૂપ હતા. અંગ્રેજોના પોલીસનો લાઠીમાર ખાધો ત્યારે ઓઈ.ઓઈ.બાપલ્યા મરી ગયા એવો સીસકારોય હોઠે કે હૈયાથી નીકળ્યો નહોતો. તે વખતે મૌન સેવીને નિંભરની જેમ બધુ સહન કર્યે રાખ્યું. અરે સામેથી પીઠ ધરીને છાતીક બની જઈ બિભત્સ શબ્દોનો માર પણ સહતા રહ્યા. તેમના માટે જેલ એ કોઈ નર્કાગાર નહોતું પણ રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતરની જ્ઞાનપીઠ હતી. તેમના આચાર વિચારોનું સાચું ઘડતર જેલમાં જ થયું હતું.

દેશના ઘણા ખરા સ્વાતંત્ર્ય સેનાનીઓનું મજબૂત માનસિક ઘડતર અને વિચારોનું ગણતર જેલમાં જ થયું હતું. જેના પ્રતાપે દેશ આઝાદી ભોગવી રહ્યો છે. પૂર્ણ સ્વતંત્રતા મળી ગયા પછી ભારતીય સરકારે આઝાદીના લડવૈયાઓને નિભાવ માટે પેન્શન આપવાની યોજના બહાર પાડી, જેમાં મોટાભાગના સેનાનીએ યોજનાનો સ્વીકાર કર્યો પણ યશવંતભાઈએ પહેલાથી જ તેનો સ્વીકાર કર્યો નહોતો. પરિવારના સભ્યો તથા હિતેચ્છુ મિત્રોએ તેમને સમજાવ્યા ત્યારે તેમણે એટલો જ જવાબ આપ્યો, ''હું પેન્શન માટે લડવા ગયો હતો ? લાઠી માર શું પેન્શન માટે ખાધો ? ના મારે એવું પેન્શન નથી જોઈતું !''

તેમને તેમના સ્વજનોએ ફરી સમજાવવા કે તમે તમારી રકમ તમારા માટે ન વાપરો ને જેને જરૂર હોય તેવા ગરીબો, વંચિતો, ઉપેક્ષિતો, દલિતો કે આર્થિક રીતે આવાજ નબળા લોકોને મદદ કરવા માટે પણ પેન્શન સ્વીકારો. જેના રીતે પણ સમાજને તમે ઉપયોગી થઈ પડશો. તમે પેન્શન સ્વીકારો જ નહીં તો તે રકમ સરકારી બાબુઓ ગમે ત્યાં વાપરી નાખશે. એમના માટે આઝાદીના લડવૈયાના પેન્શનની કોઈ કિંમત નથી. તેમને આ રીતે સમજાવ્યા પછી આ રકમનો તેમણે પોતાના કે પોતાના પરિવારના સભ્યો માટે ક્યારેય ન ઉપયોગ કર્યો પણ સેવાભાવી સંસ્થાઓ અંત્યજો માટે જે કામ કરી રહી હોય તેને મોકલી આપન ાઅને વ્યક્તિગત કોઈ દુઃખિયારા આવી ચડે તો તેમને જરૂર પ્રમાણે રકમ આપી દેતા થયા. આમ તેમણે નિરપેક્ષભાવે પેન્શનનો ઉપયોગ કર્યો હતો. જીવનમાં સાદાઈ અને કરકસરને જિંદગીભર ભાઈબંધ બનાવ્યા.

અંગ્રેજોની લાઠીમાં પણ મીઠાશ જોવાની એમની ઉદારએ આખી જિંદગી મધુરતામાં જ વીતાવી. બાકી તેમણે પોતાના સ્વાર્થ કે હિત માટે નહોતી ખાધી પણ દેશની ગુલામ જનતાની મુક્તિ અને દેશની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંવેગિક હરિયાળી માટે ખાધી હતી. તેમને એનો ક્યારેય રંજ થયો નથી. તેમણે હંમેશા પ્રસન્નતા જ માણી છે. તેઓ ઈતિહાસના વિદ્યાર્થી હતા. આપણા દેશનો ઈતિહાસ પૂરેપૂરો જાણતા હતા.

અંગ્રેજોએ આઝાદીના લડવૈયાઓને કાળા પાણીની સજા કરવા માટે આંદામાનની ખુલ્લી જેલમાં મોકલી આપતા હતા. તે વખતે ગુન્હેગારોને ઓપનમાં ગળે ફાંસો આપી સીધા સમુદ્રમાં પધરાવી દેતા હતા. તે પછી ૧૮૯૦માં પોર્ટબ્લેરમાં સેલ્યુલર જેલની રચના કરી.જે સાતમાળની અને ૬૮૯ રૂમોવાળી સાત પાંખમાં તૈયાર કરી. ૧૯૦૬માં જેલનું કામ પૂર્ણ થયું. આ જેલને ૧૯૭૯ ફેબ્રુઆરી ૧૧મી એ ભુતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈના હસ્તે રાષ્ટ્રીય


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સ્મારક તરીકે જાહેર કરી. આવા પવિત્ર સ્થાનની મુલાકાત લઈ દેશની અસ્મિતા તેમણે વધારી દીધી હતી.

જોડાના ડંખની વેદના પહેરનારને જ ખબર પડે. આમ જેણે અંગ્રેજોના પોવલીસનો નિરુર માર સહ્યો છે તેને જ તે વેદનાની ખબર પડે. તેમના કરતા પણ જેમને અંદામાનમાં કાળા પાણીની સજા થઈ હતી તેની વેદનાની કલ્પના કરવી મુશ્કેલ છે. એ તો પોર્ટબ્લેરમાં આવેલ સેલ્યુલર જેલનો લાઈટ અને સાઉંડનો શો જોયા પછી જ ભારતને આઝાદી કોણે કઈ રીતે અપાવી તેની વાસ્તાવિક આક્રદો, ચિચિયારીઓ અને વેદનાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી જંગલી માણસો પાસેથી આઝાદી કઈ રીતે છીનવી તેની ખબર જ ન પડે.

મુ.શ્રી યશવંતભાઈને પણ આંદામાનની જેલ જોવાનું મન થયું. પ્રશ્ન આવ્યો, ઢળતી ઉંમરે એકલા કેમ જવું? તે માટે તેમણે બીજા એક મિત્રનો સહારો પેન્શનરના ખર્ચે લીધો. તે હતા મનુભાઈ શાહ અને સ્વખર્ચે એક મિત્ર સાથ આપવા ગયા હતા તે વર્ષ હતું ૨૦૦૭ નું. અને પાંચેક દિવસ ઐતિહાસિક સ્થળો કુદરતી સૌંદર્યના ધામો તથા પોર્ટબ્લેરમાં આવેલ સેલ્યુલર જોવા, સમજવા અને સ્વતંત્ર્ય સેનાનીઓના અંતરના આક્રંદો સાંભળવાની પણ ઈચ્છાથી તેમણે પ્રવાસ ગોઠવેલો. તેઓ જઈ આવ્યા પછીના વર્ષ ૨૦૦૮માં અમારો પ્રવાસ ગોઠવાયેલો. તેમના અનુભવો અમને ખૂબજ ઉપયોગી થયા હતા. અમારો રાજીપો તેમની આગળ રજૂ કરવા અમે ગયા ત્યારે મારું પુસ્તક 'શહીદોનું સૌંદર્ય આંદામાન' તેમના હાથમાં મૂક્યું. જોઈને ખૂબ રાજી થયા. એકાદ કલાક અમે પ્રવાસ અને આંદામાનમાં શહીદ થયેલ સ્વાતંત્ર્ય સેનાનીઓ અંગે વાત કરી આનંદ માણ્યો હતો. અમારું છેલ્લું મિલન ઘણું સંવેદનશીલ રહ્યું હતું.

૧૯૫૩માં તેઓ લોકભારતીમાં ભણવા આવ્યા ત્યારે એક વિદ્યાર્થી સાથે તેઓ સ્વાતંત્ર્ય સેનાની પણ હતા તે ભુલાવું ન જોઈએ. લોકભારતી : ગ્રામ વિદ્યાપીઠનો પ્રારંભ ૧૯૫૩ની બુદ્ધિ જયંતિ જેવા પવિત્ર દિવસે થયો હતો. તારીખ હતી ૨૮મી મે. ઉનાળાની કાળજાળ ગરમીમાં ઉદ્‌ઘાટન કરવા આવેલ હતા શ્રી કાકાસાહેબ કાલેલકર. તે વખતે જ સણોસરા ગામની ધર્મશાળા વહેતી જ્ઞાનગંગામાં સ્નાન કરી પવિત્ર થઈ ગઈ હતી. શ્રી જુગતરામભાઈ દવે, શ્રી નરહરિભાઈ, શ્રી નારાયણ દેસાઈ, શ્રી મનુભાઈ, શ્રી મૂળશંકરભાઈ તથા બુચભાઈ એ રતિભાઈ અઘારિયા જેવા વિદ્વજ જનોની હાજરીમાં જ શ્રી યશવંતભાઈ પ્રથમ બેચના વિદ્યાર્થી તરીકે દક્ષિત થયા હતા.

તેમનો અભ્યાસકાળ ૧૯૫૬માં પૂરો થયો અને મારો અભ્યાસકાળ શરૂ થયો. આમ વર્તમાન અમારો અને ભૂતકાળ તેમનો. બંનેના સહયોગથી વિદ્યાર્થી મંડળ એક તરફથી મિલન સમારંભ જૂનના બીજા સપ્તાહમાં એટલે કે નવા સપ્તાહના પ્રારંભમાં ગોઠવાયો હતો. હું તેમની સાથે ક્યારેય રહેવા પામ્યો નહોતો. બે રેખાને સાંધતી કડીમાં આગંતુકોને પ્રવેશનો આનંદ હતો ; બીજાને અભ્યાસ પૂર્ણ કર્યાનો ઉલ્લાસ હતો.

એકનું સ્વાગત અને બીજાને અલવિદા. પોણા બસો વિદ્યાર્થીઓ તેમજ નાના-મોટા કાર્યકરો અને પરિવારજનોનો મેળાવડો જામ્યો. જાણે "વસુધૈવ કુટુંબકમ" ની ભાવનાને ચરિતાર્થ કરતું સ્નેહસભર અને ભાવમય વાતાવરણનો માહોલ ખડો થઈ ગયો હતો. મ્ગલમય શહનાઈ ગૂંજી રહી હતી. મિલનમાં હાજર રહેવાનો સૌના પગમાં થનગનાટ અને હૈયામાં ઉત્સવનો આનંદ છવાઈ ગયો હતો.

ધીરે ધીરે મિલનોત્સવમાં પધારવા સારસ્વત ભવનની ચારે બાજુથી શ્રોતાઓ, સારસ્વતો અને સેવકો આવી રહ્યા હતા. ઉનાળાની ગરમી તો હતી જ. રસ્તા પર પાણીનો છંટકાવ થઈ ગયો હતો. ચારે બાજુ ખુશાલીનો માહોલ હતો.

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના સંસ્થાપક અને નિયામક

પૂ.નાનાભાઈ ભટ્ટની નિશ્રામાં પૂ. મનુભાઈ, પૂ. મૂળશંકરભાઈ અને આદરણીય શ્રી રતિભાઈ અંધારિયા વગેરે કાર્યકરવૃંદ તથા તમામ વિદ્યાર્થીઓ આજના સારસ્વત ભવનમાં ભેગા થઈ રહ્યા હતા. પ્રથમ લૉટના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં સ્થાનિક આંગણે પરિવારો પણ આવી ગયા હતા. આવળિયાટને આંગણે આવો માહોલ પ્રથમ વખત ઉભસી રહ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના સંદર્ભમાં "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના ચરિતાર્થ થઈ રહી હતી. બધાને બધા જ પોતાના લાગતા હતા. આવા માહોલમાંથી એક સમૂદાય આજે અલગ થવાનો હતો. વાતાવરણ સંવેદનશીલ બની રહ્યું હતું. સર્વત્ર આનંદ હતો. ઉત્સાહ હતો અને અલવિદાનો વિષદ પણ વ્યાપેલ હતો.

કાર્યક્રમના પ્રારંભમાં એક ગીત માધુભાઈ વ્યાસે ગાયું, જેમાં સાથ હતો તેમના ધર્મપત્ની સુધાબહેનનો. ગીતના શબ્દોએ સૌને ભાવવિભોર કરી દીધા. પ્રથમ ભૂતોના વ્યક્તવ્યો શરૂ થયા. કેટલાકે મધુર સંસ્મરણો તાજા કર્યા તો કેટલાકે ત્રણ વર્ષના સહવાસે ખાટાં-મીઠાં સંસ્મરણો રજૂ કર્યા. કેટલાકે હાસ્ય, રમૂજ સાથે આનંદદાયત ઘટનાઓ કહી સંભળાવી. સંસ્થાની આંખ ઉઘાડનાર પ્રસંગો કહેવાની પણ છૂટ હતી. પૂ. નાનાભાઈ શિક્ષણમાં લોકશાહીને અગ્ર સ્થાન આપતા હતા. આમ સંસ્મરણો સાંભળવામાં એકાદ કલાક પૂરો થવા આવ્યો. છેલ્લે મુ. શ્રી યશવંતભાઈનો વારો આવ્યો. કાયા દુબળી પાતળા સોટા જેવી પણ મૃદુ સ્વભાવ, ઋજુ, વાણી કોમળ, કંઠ, સ્વરમાં ખર્જનો છાંટોય નહીં એટલે પાછળ બેઠેલા શ્રોતાઓ સુધી અવાજ પહોંચતો નહોતો. મુ.શ્રી રતિભાઈએ આંખને ઈશારે માઈક સંચાલકને સમજાવી દીધો. માઈક્રોફોન મોં નજીક લેવડાવ્યું.

પૂ. મનુભાઈએ સ્વાતંત્ર્ય સેનાની તરીકે જે અનુભવો થયા હતા તે પ્રથમ અભિવ્યક્ત કરવાની સૂચનાઆપી. ધરપકડપછી અંગ્રેજ પોલીસોનો જે લાઠીમાર ખાધો હતો તે પ્રસંગોને તેમણે સંવેદનશીલ ભાષામાં બહુ અસરકારક રીતે રજૂ કર્યા હતા.પરિવારની કેટલીક બહેનોના હૈયાને ઝકઝોરી ગઈ હતી. વાતાવરણ ગંભીર બની ગયું હતું. ચિત્તે/એકાગ્ર શ્રી યશવંતભાઈને સાંભળ્યા હતા. સૌથી રસપ્રદ અને અસરકારક વક્તવ્ય એમનું રહેલું. તેમના વક્તવ્યમાં સ્વાતંત્ર્ય સેનાની ખુમારી રણકતી હતી. ખુમારી પાછળ મજબૂત આત્મબળ કામ કરી રહ્યું હતું. તેમની વાગ્ધારા મૃદુ છતાં મધુર અને ભાવનાસભર હતી.

પૂ. નાનાભાઈએ તેમનું વક્તવ્ય સાંભળીને તેમને એક સ્વાતંત્ર્ય સેનાની વિદ્યાર્થી તરીકે ખૂબ બિરદાવ્યા. તેમણે કહ્યું ; "યશવંતરાયની આ ખુમારી રાષ્ટ્રધર્મ અને દેશદાઝની છે. આપણો વિદ્યાર્થી ખુમારીવાળો, આત્મવિશ્વાસવાળો અને સીધો સાદો, સરળ અને સહજ હોય તે આવકારવાદાયક છે. તેમને અમે પ્રેમ આપ્યા છે કે નહીં તે હું ન કહી શકું પણ તેમણે અમને આદર અને પ્રેમ બંને આપ્યા છે તે હું છાતી ઠોકીને કહી શકું છું. જે ભૂમિમાં તમે શિક્ષણ અને સંસ્કાર પામ્યા તે જ્ઞાનમાતાને ક્યારેય ભૂલશો નહીં. સંસ્થાના ચારિત્ર્ય ઘડતરનું કામ તેના વિદ્યાર્થીઓ અને કાર્યકરો થકી જ થતું હોય છે. આ સંસ્થા અમારી નથી તમારી છે. એટલે આ જ્ઞાનમાતાના ખોળામાં માથું ટેકવવા મન ફાવે ત્યારે આવી શકો છો."

આ સિવાય પૂ. મનુભાઈ અને મૂળશંકરભાઈએ પણ કેટલીક પ્રેરણાદાયક વાતો કરી હતી. રતિભાઈ તો સૌને વડીલ મિત્ર જેવા લાગ્યા હતા. તેમણે ખેતી-બાગાયતના કામમાં થયેલા વ્યક્તિગત અનુભવો રમૂજ ભાષામાં રજૂ કરી સૌને આનંદિત કરી દીધા હતા. લગભગ દોઢેક કલાક સમારંભ ચાલ્યો હશે. પૂર્ણાહૂતિમાં સંગીતવૃંદ તરફથી સ્ગીતમય, તાલ અને સ્વરબદ્ધ એક ભાવાત્મક ધૂન શરૂ થઈ.

*"તૂટ જાય ન માલા, કભી પ્રેમકી*

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# અંદરથી ઊગવું જોઈએ !

હરેશ ધોળકીયા

ઓગણીસમી સદીના અંતથી અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મની પહેચાન થવી શરૂ થઈ. સ્વામી વિવેકાનંદે તેમની શરૂઆત કરી. પછી સ્વામી રામતીર્થ ગયા. તેમના પછી સાવમી યોગાનંદ લાંબો સમય ત્યાં રહ્યા અને ભારતીય યોગ અને ધર્મનો વ્યાપક પ્રચાર કર્યો. તેમના પછી "સ્વામી રામ" ગયા. તેમણે પણ ત્યાં હિન્દુ ધર્મનો પ્રચાર તો કર્યો જ, પણ સાથે યોગ સાધવાનું મહત્ત્વ પણ વધાર્યું. સ્વામી રામ પહેલા એવા ભારતીય યોગી હતા જેમણે યોગને ત્યાંના વિજ્ઞાનીઓને વૈજ્ઞાનિક રીતે સમજાવ્યો અને પૂરવાર કર્યો. ઈચ્છો ત્યારે  દયના ધબકારા બંધ કરવા કે ચાલુ કરવા, લોહીનું દબાણ પણ ઈચ્છિત રીતે વધારવું કે ઘટાડવું, મગજના તરંગોને પણ ઈચ્છિત રીતે વધારી ઘટાડી શકાય - જેવા પ્રયોગો તેમણે અમેરિકન યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની પ્રયોગશાળામાં કરી બતાવ્યા અને તેમને ચકિત કરી દીધા. એક વ્યક્તિ પોતાના શરીરનું ધારી રીતે સંચાલન કરી શકે તે માનવા તેઓ તૈયાર જ ન હતા, પણ સ્વામી રામે તો પ્રયોગશાળામાં જ સાબિત કરી દીધું. તેઓને માનવું પડેલ, પણ આત્યંતિક મૂંઝાઈ ગયેલા.

સ્વામી રામે અમેરિકામાં યોગની 'હિમાલયન ઈન્સ્ટીટ્યુટ' ની પણ સ્થાપના કરેલી. અનેક અમેરિકનોને તૈયાર કરેલ અને સાધના કરાવેલ. તેમનાં એક તેમના શિષ્ય જસ્ટિન ઓ બ્રાયને સ્વામી રામ સાથેનાં પોતાનાં સંસ્મરણો લખ્યાં છે. તેમાં આ બધી ઘટનાઓના અનુભવો લખેલ છે. બહુ જ રસપ્રદ પુસ્તક છે. તેનું નામ "વોકીંગ વીથ હિમાલયન માસ્ટર સ્વામી રામ." મળે તો મમળાવવા જેવું પુસ્તક છે.

આ પુસ્તકમાં સ્વામી રામના કેટલાક વિચારો પણ આપેલ છે. તે જાણવા રસપ્રદ બને છે, કારણ કે આવા સવાલો અનેક તાલીમ આપનારાઓને થતા હોય છે. તેઓ અનેક લોકો પર કામ કરે છે, પણ બહુ ઓછા લોકોને તાલીમ અસર કરતી હોય છે. તાલીમ વખતે સરસ કામ કરનારા બહાર ગયા પછી સામાન્ય જ જીવન જીવે છે. આમ કેમ થાય છે તે આ તાલીમ આપનારાઓને સવાલ થાય છે. તેના જવાબ સ્વામી સરસ રીતે આપે છે. જસ્ટિને પણ આવા જ સવાલ પૂછેલા. તેના જવાબોમાંથી આપણને જવાબો મળી રહે છે.

જસ્ટિને તેમને સવાલ પૂછેલ કે તેમની પ્રતિભા અનેક લોકો જાણે છે. તેમના પાસે આવે પણ છે. પણ બહુ ઓછા આગળ વધે છે. તેનું શું કારણ ? કેમ લોકો તેમનો મહત્તમ લાભ નથી લેતા ? સ્વામીએ સરસ જવાબ આપેલ કે "લોકોને ફરજીયાત જાગૃત ન કરી શકાય. જાગૃત થવા માટે તેમનામાં ઈચ્છા ઉત્પન્ન થવી જોઈએ." તાલીમ આપનારાઓને આ જવાબ તદ્દન સાચો લાગવાનો. તેઓ સેંકડો લોકોને તાલીમ આપતા હોય છે, પણ તેમાંથી ગણ્યાગાંઠ્યા લોકો જ આગળ વધતા હોય છે. કારણ આ જ ! આગળ વધવાની હોંશ અનેક લોકોમાં હોય છે. પણ તે કેવળ કોરી જિજ્ઞાસા હોય છે. શીખવા ટાણે કદાચ તેમને એ બાબત ગમે છે અને તેની પ્રેક્ટીશ કરવા પણ ઈચ્છે છે, પણ જરૂરી ઈચ્છાશક્તિ તેમનામાં હોતી નથી. તેથી આગળ વધી શકતા નથી. હોંશ એક બાબત છે અને ઈચ્છાશક્તિ બીજી બાબત છે. હોંશમાં ઈચ્છાશક્તિ ભળે પછી જ પ્રગતિ થવી શરૂ થાય છે. અને આ ઈચ્છાશક્તિ ત્યારે જ આવે છે જ્યારે વ્યક્તિને "અંદરથી" ઊગે કે તેણે આગળ વધવું જોઈએ. તેને અંદરથી ઈચ્છા થવી જોઈએ. અંદરથી જાગૃતિ આવવી જોઈએ. ત્યાર પછી જ પ્રગતિ શક્ય બને છે.

તાલીમ આપનાર ગમે તેટલો આગહ કરે કે ગમે તેટલી ગાઢ તાલીમ આપે, પણ જ્યાં સુધી વ્યક્તિને પોતાને અંદરથી ઈચ્છા ન થાય ત્યાં સુધી તે આગળ ન જ વધે. આગ્રહ કે ફરજીયાતપણું કંઈ જ કામ કરી શકતું નથી. બહુ બહુ તો તેના પ્રભાવથી વ્યક્તિ કદાચ તાત્કાલિક વચન આપે કે પોતે પ્રગતિ કરશે, પણ ઈચ્છાશક્તિના અભાવે બહાર જઈ તે ભૂલી જાય છે અથવા યાદ રહે તો પણ નિષ્ક્રિય રહે છે. અને, કમનસીબે, નેવુ ટકામાં ઈચ્છાશક્તિ નથી હોતી. એટલે કેવળ દસ ટકા જ લોકો આગળ વધે છે. મોટા ભાગના જાણવા છતાં ત્યાંના ત્યાં જ રહી જાય છે અને સામાન્ય જીવન જીવ્યા કરે છે.

બીજું, મોટા ભાગના લોકો, તાલીમના અભાવે, મોટા ભાગે મૂર્ખ જ રહે છે. મૂર્ખ એટલે દુષ્ટ કે ખરાબ નહીં, અજ્ઞાની. વિચાર્યા વગર કામ કરે તે. ભાગ્યે જ વિવેકપૂર્વક નિર્ણય લે છે તેઓ. આવા લોકોનું શું કરવું ? સ્વામીજી કહે છે, “આપણે લોકોને મૂર્ખ બનતાં અટકાવી ન શકીએ. બહુ બહુ તો તેમને તેમનાથી બહાર આવવાની તાલીમ આપી શકાય.” ભયંકર અને માઠું લાગે તેવું વાક્ય છે આ, પણ તદ્દન સત્ય છે. માણસની કમનસીબી છે કે તેને ઘર કે સમાજ કે શિક્ષણમાંથી ડહાપણ નથી મળતું. તેમને જે શીખવવામાં આવે છે યા કહેવામાં આવે છે, તે મોટા ભાગે, પરંપરાગત બાબતો હોય છે. સલામત કેમ રહેવું તેની ટેકનીકો હોય છે. સમાજ ટકી જાય તેવી સૂચનાઓ હોય છે. પણ ભાગ્યે જ ડહાપણયુક્ત બાબતો હોય છે. જેને સમાજ “વ્યવહારુ બાબતો” કહે છે, તે ટકવા માટેની બાબતો હોય છે. બચાવ પ્રયુક્તિઓ હોય છે. અને તે મોટા ભાગે મૂર્ખતાભરી હોય છે. એટલે જ સમાજમાં આપણને વારંવાર એવાં પગલાં લેવાતાં જોવા મળે છે જે સમાજને અવ્યવસ્થિત કરી નાખે છે. છાપાં કે સાહિત્ય આવાં મૂર્ખ પગલાંઓના વર્ણનથી ભરપૂર હોય છે. ટી.વી. સિરિયલો જોશું તો પણ તેમાં સતત મૂર્ખ પગલાં લેવાતાં જોવા મળે છે જેનાથી કુટુંબો સતત હેરાન થયા કરે છે. ‘તારક મહેતા’ની સિરિયલ તો નિર્દોષ છે. પણ તેમાં પણ બધા સતત કશીકને કશીક ભૂલો કર્યા કરે છે અને મુસીબતોમાં ફસાયા કરે છે. દોષ ભગવાનને આપે છે. ભગવાન કે ભાગ્યનો કોઈ જ દોષ નથી હોતો. દોષ મૂર્ખતાનો હોય છે. અને વધારે કમનસીબ એ છે કે કોઈ તેમને તેમાંથી જાગૃત કેમ થવું, મુક્ત કેમ થવું તે નથી કહેતું. શાસ્ત્રો કદાચે આ કહે છે, પણ તેમને કોઈ વ્યવસ્થિત રીતે સાંભળતું નથી.

પણ હા, કોઈ કદાચે જાગૃત થાય તો તેને ખ્યાલ આવે છે કે આમાંથી મુક્ત થઈ શકાય છે. તે તેની તાલીમ લે છે. અભ્યાસ કરે છે. એવા કોઈક વીરલા હોય છે જે આવું કરી શકે છે. તેઓ જ તેમાંથી મુક્ત થાય છે. આપણે તેમને સંત, વિચારક, જ્ઞાની વગેરે નામોથી સંબોધીએ છીએ. પણ વીરલા ! બાકીના લોકો આ વીરલાઓને પૂજે ચોક્કસ છે, પણ અનુસરતા નથી. માટે ત્યાંના ત્યાં રહે છે.

સ્વામી રામ એક વાત બહુ મોટી કરે છે. તે કહે છે કે, “સમગ્ર શરીર મનમાં સમાઈ જાય છે, પણ મન શરીરમાં પૂરી રીતે સમાતું નથી.” આ બહુ મોટી વાત છે, વિચિત્ર લાગવા છતાં. આપણે એમ માનીએ છીએ કે મન તો શરીરમાં જ છે. હા, તે છે, પણ તેનાથી પણ વિરાટ છે. મન તો ચેતનાનો એક હિસ્સો છે. તે ચેતના જેમ જ વ્યાપક છે. એટલે તે તો બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. તેનો એક બહુ નાનો હિસ્સો શરીરમાં આવેલ છે. જો વ્યક્તિ એવી કોઈ સાધના કરે જેનાથી તે વ્યાપકપણાનો અનુભવ કરે, તો તેને તરત ખ્યાલ આવી જશે કે શરીર તો એક મર્યાદિત માધ્યમ છે. મન તો વિરાટ છે અને અનંત અને વ્યાપક છે. એકવાર જો આ અનુભૂતિ થાય, તો પછી વ્યક્તિ સમગ્ર બ્રહ્માંડને સમજી પણ શકે છે અને તેમાં ઘૂમી પણ શકે છે. તે પોતે પણ વિરાટ બની જાય છે. ઘણી વાર જેને સંતોનો ચમત્કાર કહેવાય છે તે આ વિરાટપણાની અનુભૂતિના પરિણામે થતી ઘટનાઓ છે. એટલે વ્યક્તિએ સૌથી પ્રથમ પોતાને,

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)

# તથાસ્તુ - કોરોનો !

**રણછોડ શાહ**
૬૩, ભૃગુપૂર સોસાયટી, ભરૂચ
સંપર્કસૂત્ર: ૯૯૭૯૮૬૧૬૩૧
shah_ranchhod@yahoo.com

*"કશા કારણ વગર, કાયમ મેં ઊંધા માર્ગ પકડીને*
*વિધાતાનાં બધાં આયોજનો કાયમ બગાડયાં છે."*
- શોભિત દેસાઈ

શીર્ષક વાંચીને આશ્ચર્ય થાય કારણ કે આવી મોટી મહામારીને કોઈ આમંત્રણ આપે ખરું ?

અગાઉના સમયમાં ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સમાજમાં સામાજિકતાનો જે આલેખ હતો તે આજ કરતાં તદ્દન અલગ હતો. એક કુટુંબમાં બે કરતાં વધુ કાકા, ફોઈ, મામા કે માસી હોય તે અત્યંત સ્વાભાવિક હતું. એક કરતાં વધુ પેઢી એક જ છત નીચે સમજી - વિચારીને અથવા મને કે કમને ભેગી રહેતી હતી. સૌ પ્રતિકુળતાને અનુકૂળતામાં પરિવર્તિત કરી દેતા. સૌ અનુકૂલન સાધી લેતા હતા. જમવાનું કે અન્ય કોઈ બાબતે મોડું વહેલું થાય તો ચલાવી લેતા. ઓછુંવત્તું પણ સ્વીકારી લેવાનું રહેતું. સવારની દેહધાર્મિક ક્રિયાઓ માટે સંયુકત કુટુંબમાં વહેલાં ઊઠવાનું સૌને સ્વીકાર્ય હતું. વહેંચીને ખાવાની વૃત્તિ હતી. અપરણિતો, વિધવાઓ કે વિધુરો સારી રીતે જીવન જીવી શકતા હતા.

પહેલાના સમયમાં મિત્ર કે સગાને ત્યાં ગમે ત્યારે આવી કે જઈ શકતું. કુટુંબો મોટા હોવાથી વર્ષના મોટાભાગના દિવસો ઘરમાં કોઈક મહેમાન ન હોય તેવું ભાગ્યે જ બનતું. કોઈ ઘેર આવે તો સૌને આનંદ થતો. કયારેક મન કચવાય તો પણ મહેમાનને તેનો અહેસાસ ન થાય તેની સૌ કાળજી રાખતા જેથી સામાજિક સંબંધોનો આલેખ ખૂબ ઊંચો હતો.

ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. શહેરમાં રહેતા પરિચિતને ત્યાં વતનથી આવતા તમામ સગાઓ કે આડોશી-પાડોશીઓ ગમે ત્યારે અને ગમે તે સંજોગોમાં હક્કપૂર્વક રહેવા જતા અને રોકાતા. શહેરમાં રહેતા સ્વજન પણ સૌ મહેમાનોને પ્રેમપૂર્વક આવકારતા. અતિથિએ તિથિ જોઈને આવવાની જરૂર નહોતી.

વારતહેવારે તો 'મળવા' જવાનું ચૂકી જવાય જાય તો વડીલોનો ઠપકો સાંભળવો પડતો. ખાસ તો નૂતન વર્ષે સવારે વહેલાં ઊઠી વડીલોને પગે લાગવા માટે અચૂક જવાનો વણલિખિત નિયમ હતો. વડીલો પણ યથાયોગ્ય બક્ષિસ આપતા. ઉત્તરાયણે સૌ સામુહિક રીતે મકાનના ધાબા ઉપર વાજતે-ગાજતે પહોંચી જતા. ધૂળેટીમાં સવારથી લઈને મોડી બપોર સુધી એકબીજાને રંગવાનું - પાણીથી નવડાવી દેવાનું અચૂક બનતું. રક્ષાબંધને બહેન ભાઈને ત્યાં અને ભાઈબીજે ભાઈ સપરિવાર બહેનને ત્યાં જતા. ભેટની આપ-લે કરતા અને ઘેર જ સમુહ ભોજનનો આનંદ માણતા. હોટેલમાં લઈ જઈને જમાડવાની વાતો લગભગ છેલ્લા દશકામાં આવી. લગ્નપ્રસંગે બે-ત્રણ દિવસ રહેવામાં અને રાખવામાં પરસ્પરને આનંદની અનુભૂતિ થતી.

*"પહેરીને વસ્ત્રો નવાં, મીઠાઈ મન આરોગતું*
*પૂર્વજોનાં સૌ સ્મરણ, તહેવાર લાગે છે મને."*
- શોભિત દેસાઈ

ભારતીય સમાજનો સાંસ્કૃતિક વારસો ભવ્ય છે. વૈજ્ઞાનિક અભિગમ તેના સામાજિક વ્યવહારમાં રહેલો છે. ઓટલા ઉપર હાથપગ ધોવાઈ જાય ત્યારબાદ જ ઘરમાં પ્રવેશ મળતો. સ્મશાનેથી પરત આવ્યા બાદ સ્નાન કરવાનું ફરજિયાત હતું. વાળ કપાવ્યાં બાદ અને પણ ટોયલેટ જઈ આવીને પણ નાહવાનું અનિવાર્ય હતું. આ તમામ બાબતો સ્વચ્છતા સાથે જોડાયેલી હતી. આજે કોરોના બાદ જાહેરમાં થુંકવા ઉપર પ્રતિબંધ છે તે આપણા

વ્યવહારમાં પણ હતો જ. પરંતુ ધીરેધીરે આધુનિકતાના નામે આપણે આ સ્વચ્છતા જાળવના નિયમોને પણ તિલાજંલી આપી.

પરમકૃપાળુ પરમાત્માએ આપની આ વર્તણૂકની ગંભીરતાપૂર્વક નોંધ લીધી. તેને થયું કે મેં તો માણસોને સમુહ રહેવા માટે અને સ્વચ્છતા જાળવવા પ્રેરણા આપી છે. સામાજિક સંબંધો મજૂબત થાય માટે સગાઓ અને મિત્રોના જૂથ બનાવી આપ્યા. વારતહેવારોનું આયોજન કયું છે. પરંતુ હવે જયારે એક મનુષ્ય જ બીજા મનુષ્યથી દૂર રહેવા માંગે છે. ચોખ્ખાઈ રાખવામાં નિષ્કાળજી રાખે છે. તો હું શા માટે કાંઈક ન કરું ? "મળવા તો આવવું છે, પરંતુ સમય મળતો નથી; આપને અનુકૂળતા છે કે કેમ તેની મને કેવી રીતે ખબર પડે; ફોન કર્યા વિના કેવી રીતે મળવા અવાય..." જેવા બહાનાઓ કે કારણો શોધી મળવા જવાનું ટાળ્યું. આપણો સામાજિક સંબંધોનો આલેખ (Graph of Social Relationship) લગભગ તળીયે પહોંચી ગયો. ભગવાનને લાગ્યું કે આવું ખોટું બોલીને માનવો એકબીજાને મળવાનું ટાળે છે. લોકો ઘરમાં રહેશે એટલે ગંદકી કરશે નહીં. તેના કરતાં હું જ તેમને તાળાબંધી – લોકડાઉન (Lockdown) કરી દઉં તો કેવું ? ભગવાનને થયું કે એકબીજાથી મોં છૂપાવતા આ મનુષ્યો તેમના ઘરમાં જ બેસી રહે તો વધુ સારું !

પરમાત્મા આપના તમામ વ્યવહારો, રીતભાત અને હલનચલન ઉપર બારીક નજર રાખીને જ બઠો હોય છે. આપણે સામાજિક અંતર (Social Distancing) રાખતા થયા ત્યારે તેને થયું કે હું જ સગવડ કરી આપું. આપણે કોરોના – કોવિડ ૧૯ ની મહામારીમાં સપડાઈ ગયા. કોરોના વાયરસ કેવો છે, કયાંથી આવ્યો અને તેને કેવી રીતે દૂર કરીશું તેની મથામણમાં પડી ગયા. આપણને દૂર રહેવાનું ગમવા માંડતા આપની સગવડ માટે જ કોરોના આવ્યો. ખરેખર તો કોરોના આવ્યો નથી આપણે તેને આમંત્ર્યો છે. આપણે વાજતે–ગાજતે તેનું સ્વાગત કર્યું છે. આપણે તેને આવકાર્યો છે, વધાવ્યો છે, સુસ્વાગતમ્ કર્યું છે ! કારણ કે આપણે જ અંતર (Distancing) રાખવાનું ઈચ્છતાં હતાં ને ? તેથી પ્રભુએ કહી દીધું "તથાસ્તુ" – કોરોના !

*"જીવનમાં સૌ, પ્રથમ આંખો મીંચીને ભાન ભૂલે છે,*
*પછી પોતાના હાથે ભૂલ પોતાની કબૂલે છે;*
*સિકંદરનું એ અંતિમ દ્દશ્ય દર્શાવે છે દુનિયાને,*
*મરણ આવે છે ત્યારે માનવીની આંખ ખૂલે છે."*

*– બરકત વીરાણી 'બેફામ'*

# તો નથી કોઈ સ્વાર્થ હોતો...

**દિપ્તીબેન એમ. ક્રિશ્ચિયન**
**(સરસ્વતી કુમારશાળા ૧)**

મળે છે નદી જો સાગરને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
ખીલે છે કળી પુષ્પ થવાને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
થાય છે ઉષા જો ચંદ્રને અસ્ત કરીને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
બને છે વાલ્મિકી વાલિયો મટીને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
વરસે છે વર્ષા અનરાધાર
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
આપે છે વૃક્ષ જો છાંયો માનવીને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
કરે છે પ્રેમ માતા બાળકને
તો નથી કોઈ સ્વાર્થ હોતો,
કરે છે સ્વીકાર ઈસુ પાપીનો
તો નથી કોઈ સ્વાર્થ હોતો,

# વિદ્યાર્થીઓની આત્મકથા, એક સમસ્યા...

**ડૉ. ઊર્મિલા શાહ**
૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબની સામે, એસ.જી. હાઈવે,
અમદાવાદ-૩૮૦૦૧૫.

માર્ચ અને એપ્રિલ મહિનો આવે એટલે રોજ સવારે છાપું ખોલીએ અને એકાદ બે વિદ્યાર્થીના આપઘાતના સમાચાર વાંચવા મળે અને મારું દય દુઃખથી પોકારી ઊઠે. 'આ પરીક્ષા તો છોકરાંઓનો જીવ લઈ જાય છે, શું એનો બીજો કોઈ વિકલ્પ જ નથી ? શિક્ષણ શું માત્ર પરીક્ષાના માર્કસ માટે જ છે ?' શિક્ષણનો મૂળભૂત હેતુ તો 'સ્વતંત્ર વિચારશક્તિ વિકસે અને મુક્ત અભિવ્યક્તિ ખીલે એટલા માટે છે', ત્યારે આપણે તો 'શિક્ષણ માત્ર પરીક્ષામાં માર્કસ માટે છે' એવું માનતા થઈ ગયા છીએ. આજે દરેક મા-બાપની મહત્વાકાંક્ષા હોય છે કે 'મારું સંતાન ટોપર થવું જોઈએ', દરેકને એના સંતાનને ડૉક્ટર, એન્જિનીયર, સી.એ., એમ.બી.એ. બનાવવું છે.એ મહત્વાકાંક્ષા હોય એમાં કશું ખોટું નથી, એને કારણે જ આપણે મા-બાપ રાત-દિવસ, ભૂખ-તરસ, ટાઢ-તડકાં કશાની પણ પરવા કર્યા વિના છોકરાના શિક્ષણ માટે તન, મન અને ધનથી તેની પાછળ લાગી જઈએ છીએ. કહેવાતી સારામાં સારી સ્કૂલ પછી ભલે ને ગમે તેટલી ફી હોય, 'છોકરાં કરતાં કંઈ પૈસા વધારે છે' હું તો એ પાણી માગે તો દૂધ ધરી દઉં છું. એવું માનતા મા-બાપો છોકરું બોર્ડના વર્ષમાં આવે એટલે એ પહેલાં જ 'પાણી પહેલા પાળ બાંધવાની' જેમ સારામં સારા ટ્યુશનો નક્કી કરી દે છે. અરે ! હવે તો એ માટે એકકે બે ધોરણ વહેલા ટ્યુશનો ચાલુ કરી દેવા પડે છે. ટ્યુશનના વિષચક્રમાં ફસાવતાં એ શિક્ષકો પણ દલીલ કરે છે, 'એમ એક જ વર્ષમાં કંઈ ધાર્યું પરિણામ લાવી ન શકાય, ઊંચી ટકાવારી લાવવી હોય તો પહેલેથી પાયો પાકો કરવો પડે' અને એટલે 'ત્રણ સાંધતા તેર તૂટે' એવી પરિસ્થિતિમાં જીવતાં મા-બાપ પણ ઓવરટાઈમ કરીને, પાર વિનાની મહેનત કરીને પણ સંતાન માટે ટ્યુશન નક્કી કરી દે છે. તેમાં ક્યારેક એવું પણ બને છે કે પહેલાં લગભગ સિત્તેર ટકા માર્કસ મેળવનાર વિદ્યાર્થી સીધો પચાસ-પંચાવન ટકા પર પહોંચી જાય છે. ટ્યુશનમાં જતો સમય, એનો સ્ટ્રેસ, એની પાછળની કાળી મજૂરી, અરે ! પેલો દેવાંગ તો બાયોલોજીનું પેપર લખતાં લખતાં જ ઊઠી ગયો ને બોર્ડની પરીક્ષા, પરીક્ષાને ઠેકાણે રહી ગઈ. ટ્યુશનના સાહેબો પણ ક્યારેક વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ તોડી નાંખે છે. બધાં જ ક્યાંથી જીનીયસ હોય ! દરેકની શક્તિની પણ મર્યાદા હોય ને ! અને એટલે 'શક્તિ જેટલી ભક્તિ' કરનાને બદલે એની અભિરૂચિ અને અભિયોગ્યતાનો જરા સરખોય વિચાર કર્યા વીના મા-બાપ સાયન્સ સ્ટ્રીમ લેવડાવે, મેડિકલમાં મોકલવાની મહત્વાકાંક્ષા રાખે. આખું વર્ષ ભણવામાં રસ ન પડે એટલે નિઃસાસા નાંખતો નાંખતો બિચારો વિદ્યાર્થી ભણે તો ખરો પણ પરીક્ષા આવે ત્યારે ! ખરેખર રસ જ ન હોય અને તે માટેની શક્તિ પણ ન હોય એ વિષય આખું વર્ષ ભણવો પડે, પરીક્ષામાં ગોખવો પડે, એ યાદ પણ કેવી રહે ! માંડ માંડ પરીક્ષા આપતા નવ નેજા થાય. મનમાં સખત સંઘર્ષ ચાલતો હોય કે સારે ઠેકાણે એડમિશન જોઈતું હશે તો ઘણી ઊંચી ટકાવારી તો જોઈશ જ. પેપર આવે, લખે અને આખરે આટલા વખતથી ટકાવી રાખેલી હિંમત કકડભૂસ કરતીકને તૂટી પડે અને એને એક જ વિકલ્પ દેખાય, 'મા-બાપે ટ્યુશનોનો આટલો બધો ખર્ચ કર્યો છે, એમને સંતોષ તો નહીં જ આપી શકાય' એ એના

દયને કોરી ખાય છે ને એ પંખે લટકીને કે નદીમાં કૂદી પડીને આપઘાત કરે છે. જેનો જન્મ થયો ત્યારે મા-બાપના આનંદને કોઈ સીમા ન હતી. એવા એ મા-બાપે સંતાન દુનિયામાં નામ રોશન કરે એવી મહત્વાકાંક્ષાને કારણે બોર્ડનું વર્ષ શરૂ થાય ત્યારથી જ ઘરમાં સોપો પાડી દીધો હતો. એવા પોતાના દયના ટુકડા જેવા વહાલા સંતાનનું આ અપમૃત્યુ ! મા-બાપને માથે તો આભ તૂટી પડે છે. આ

પરીક્ષા કોણે કરી હશે ? શું શિક્ષણ માત્ર પરીક્ષા માટે જ છે ! પરીક્ષામાં માર્કસ એ જ શું સંતાનની હોંશિયારી માપવાની પારાશીશી છે ? પરીક્ષા વીના શું વિદ્યાર્થીને આગળ લઈ જઈ ન શકાય ?

અરે ! પહેલાં બીજા ધોરણની પરીક્ષાઓ નાબૂદ કરી તો શિક્ષકો એક પાઠ ચાલે ને એનો ટેસ્ટ લે. હજી તો બેલ પડ્યો ને અંશિની હાંફતી હાંફતી મારી ઑફિસમાં આવી. 'બેન, મને જુદી બેસાડોને ! મને શ્વાસ નથી લેવાતો'. પેલા પાર્થને હજી ચોથાની પરીક્ષા છે ને છાતીમાં દુઃખાવો ઉપડ્યો. મમ્મીને બોલાવીને ઘેર મોકલ્યો. તો ઘેર ગયો ને પરીક્ષામાંથી મુક્તિ મળી ગઈ. સારો થઈ ગયો અને ટી.વી. જોઈને મજા કરી. પેલી નંદિતાને છઠ્ઠા ધોરણથી હંમેશા પરીક્ષા વખતે બાટલા ચડાવવા પડતા, ઉબકા અને ઉલ્ટી શરૂ થઈ જાય. આપણે મા-બાપ, બાળક નાનું હોય ત્યારથી જ 'પરીક્ષાનો હાઉ' તેના મગજમાં ઘૂસાડી દઈએ છીએ. એટલું જ નહીં પણ પરીક્ષા આપતા વર્ગમાં જતો હોય તો છેલ્લી ક્ષણ સુધી 'જો જે, ઉતાવળ ન કરીશ, રાતે બાર વાગ્યા સુધી બધું ગોખાવ્યું છે તે બરાબર લખજે ઉઠવાની ઉતાવળ ન કરીશ તને ખબર છે ને.'પછી ગઈ વખતે નિશાંતને તારાથી બે માર્ક્સ વધુ આવેલા અને તારો પહેલો નંબર ગયો હતો. જીવનમાં લગભગ બાર પંદર વર્ષ સુધી પરીક્ષાઓ આવવાની છે એ જ પરીક્ષા માટે આપણે નાની ઉંમરથી કેવો ફોબિયા ઊભો કરી છીએ. આવા અપમૃત્યુના કારણના મૂળમાં પરીક્ષા એનો માહોલ અને સાથે સાથે આપણે મા-બાપ પણ એટલા જ જવાબદાર છીએ.

હવે તો દરેક મા-બાપને માત્ર એક કે બે જ સંતાન હોય એમના ભાવિનો મદાર એની પર બાંધીને બેઠા હોય. એ સર્વગણ સંપન્ન થાય તેવી મહત્વાકાંક્ષા હોય. નાનું હોય ત્યારથી જ કોઈ વસ્તુની 'ના' કહેવાની ટેવ પાડી ન હોય. તે જે ધારે, જે માંગે, જે ઈચ્છે તે થવું જ જોઈએ એવા લાડથી એને ઉછેર્યું હોય પણ તે જીવનમાં જેમ આગળ વધે તેમ તેને ઘણું નહીં ગમતું સ્વીકારવાનું અને કરવાનું આવે છે.એના સામાજીકરણમાં તેણે સ્વીકાર્યતા કેળવતાં શીખવી જ પડે જેમાં આપણે મા-બાપો ઠામા પડીએ છીએ અને પરિણામે એ વિષય પરિસ્થિતિનો સામનો કરી શકવા અસમર્થ બને છે ત્યારે તેને માત્ર આપઘાતનો જ વિકલ્પ દેખાય છે. જીવનમાં આ ભાગેડુવૃત્તિ કેવી રીતે આવે છે ?

આપણે મા-બાપ પણ આપણી પ્રવૃત્તિમાં એટલા વ્યસ્ત રહીએ છીએ કે ક્યારેય આપણા સંતાનની આંખમાં આંખ પરોવીને, એને આપણે ગળે લગાડીને એના   દયની વ્યથા અને કથા સાંભળવા જેટલો સમય કાઢી શકીએ છીએ ખરાં ? એને માટે આપણામાં સમજ કે ક્ષમતા છે ખરાં ? સંતાનના   દયની કોઈપણ અકળામણ, મુંઝવણ તેના ચહેરા પર વ્યક્ત થયા વીના રહેતી નથી. એનાથી સંતાનનું વર્તન સમસ્યા બને છે. તે ખૂબ સંવેદનશીલ હોય છે. તે હંમેશા આપણી આંખમાંથી નીતરતો પ્રેમ અને સ્પર્શમાંથી વ્યક્ત થતો સ્નેહ પારખે છે, ઝંખે છે.

સંતાનને આપણે જીત જીરવતાં અને હાર સ્વીકારતા શીખવાનું છે. આપણે મા-બાપ પણ એની નાની અમથી સિદ્ધિની પ્રશંસા અને એટલો બધો પ્રચાર કરીએ છીએ કે જેને કારણે તે પોતાની શક્તિની મર્યાદા સમજી કે સ્વીકારી શકતા નથી. અને પોતાની જાતનો ઘણો ઊંચો અંદાજ બાંધીને બેસે છે, ને પછી ધાર્યા પ્રમાણે ન થાય ત્યારે એ હિંમત હારીને 'લોકોને શું મોં બતાવીશ ?' એવી બીકે આત્મહત્યા જેવું વિષમ પગલું ભરે છે. આપણએ પણ તે પરીક્ષા આપવા જતો હોય ત્યારે ફૂલ આપી તેનું સ્વાગત કરીને પરીક્ષાને ઘણી અગત્ય આપીને ક્યારેક અવળી અસર કરીએ છીએ. પરીક્ષાને આટલી બધી અગત્ય શા માટે આપવી જોઈએ ? વિદ્યાર્થીની હોંશિયારી માપવાની શું એ જ માત્ર પારાશીશી છે ? પરીક્ષાને આટલી બધી અગત્ય શા માટે ? આપણા સંતાનની શક્તિ અને મર્યાદા સમજીને જ એને પ્રોત્સાહન કેમ ન આપીએ. નાનપણથી જ પરીક્ષાનો ફોલીયા ન આવવા દેવો જોઈએ. અને આપણી પ્રેરણા અને પ્રોત્સાહન આપીને જ આ પરિસ્થિતિ સુધરી શકશે એને આત્મવિશ્વાસની જરૂર છે.

# કેળવણીના સાંપ્રત પ્રવાહો-પરિવાર સજાવો સદ્‌ગુણોથી

**ડૉ. કિરીટ જોષી**
ડાયરેક્ટર, સી.એન. વિદ્યાલય, આંબાવાડી

**પરિવાર સજાવો સદ્‌ગુણોથી**

કોઈ વનસ્પતિના છોડ પર રંગબેરંગી સુવાસિત પુષ્પો ખીલેલા હોય તો તેની સુગંધ ચારેબાજુ પ્રસરે છે. અનેક પતંગિયા, કીટકો, મનુષ્યો તેની તરફ આકર્ષાય છે. પરંતુ તેજ છોડ પર કાંટા સર્જાયેલ હશે તો તે છોડથી લોકો દૂર ભાગશે. તેવું જ મનુષ્ય જીવનનું. માનવ પરિવારનું છે. સદ્‌ગુણોથી ભરેલું જીવન સુવાસિત પુષ્પો ધરાવતા છોડ જેવું, આભુષણોમાં જડેલા હીરા જેવું. તમે કે તમારો પરિવાર ભલે અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતા હોય પરંતુ તે પરિવારના સભ્યોમાં સદ્‌ગુણો નહીં હોય તો તે સંપત્તિનું મૂલ્ય તુચ્છ થઈ જાય છે. મૂલ્યવાન સંપત્તિ કરતાં સદ્‌ગુણોનું જીવનમાં વધુ મહત્ત્વ છે.

સાદગી, ધીરજ, લાગણી, પ્રેમ, દઢતા, દયા, નિર્ભયતા, સંતોષ, સહનશીલતા, વિનમ્રતા, પ્રમાણિકતા, નીતિ આ બધા તેવા સદ્‌ગુણો છે જેને રૂપિયાથી ખરીદી શકાતા નથી. જે પરિવારના બધા સભ્યો ગુણવાન હોય કે તે પરિવારના દરેક સઊય અન્ય સભ્યમાં સદ્‌ગુણો કેળવવા પ્રોત્સાહિત કરતા હોય તે પરિવાર આજના સમયનો આદર્શ અને અનુકરણીય પરિવાર કહેવાય. કોઈ ગરીબ પરિવાર પણ જો ગુણવાન હશે તો તે પરિવાર ધનવાન પરિવાર કરતાં સારો ગણાશે.

થોડા સમય પહેલા સમાચાર પત્રમાં એક સમાચાર હતા કે અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતા એક અગ્રગણ્ય ઉદ્યોગપતિએ પોતાની ઉંમર થતા પોતાને સંતાનને પોતાનો સમગ્ર કારોબાર અને સંપત્તિ સોંપી દીધી તે સંતાને તેના માતા-પિતાને એક ફલેટ, કાર અને ડ્રાઈવર આપી અલગ રહેવા મોકલી દીધા. મોટી ઉંમરે સંતાનોનો સહકાર, લાગણી, પ્રેમ ઈચ્છતા માતા-પિતા તેનાથી વંચિત થઈ ગયા અને જાણે કે તેમનું જીવન નિરાધાર બની ગયું હોય તેવું અનુભવવા લાગ્યા.

પરિવાર સમૃદ્ધ હતો. બાળકોને ઉચ્ચ શિક્ષણ પણ આપેલ હતું છતાં આવું કેમ બન્યું ? કારણ કે... માતા-પિતાએ બાલ્યાવસ્થામાં બાળકોને યોગ્ય સમય આપી તેની સાથે નચિકેતા, શ્રવણ, પ્રહલાદ, ધ્રુવ જેવા બાળકોના બાલ્યાવસ્થાના વિચારો, વર્તન, પ્રસંગો, અનુભવોની વાતો કરવી જોઈએ તેનો અભાવ, માતા-પિતાના વિચારો અને આચરણમાં ઐક્યતાનો અભાવ, બાલ્યાવસ્થામાં માતા-પિતા દ્વારા મળવા જોઈતા પ્રેમ થકી પારિવારિક કે પોતિકાપણાંની લાગણીના બીજ રોપવામાં નિષ્ફળ રહેવું. જો માતા-પિતા દ્વારા સંતાનોની બાલ્યાવસ્થામાં સદ્‌ગુણો પ્રસ્થાપિત થઈ શકે તેવી વાણી, વર્તન, વાર્તાઓ, મુલાકાતો, પ્રવાસો, પ્રવૃત્તિ દ્વારા વિચારો વહેંચ્યા હોત તો ઉદ્યોગપતિને પોતાના સંતાનથી જ આઘાત પહોંચે. દુઃખ અનુભવે તેવા દુષ્ટ વર્તનથી દુઃખી થવાનો સમય ન આવેત.

દુનિયાનો સૌથી મોટો આંદ કયો ? તે જાણવા એક સંશોધકે વિવિધ વ્યક્તિઓને પ્ર' કર્યો તો લગભગ ૭૦ વ્યક્તિનો જવાબ હતો કે પોતાના મિત્રો, સગા સંબંધી, પરિવારજનો સાથે લાગણીભર્યા, પ્રેમસભર સંબંધ હોય, આવી વ્યક્તિઓ સાથે હકારાત્મક વિચારો અને કાર્યો માટે વધુમાં વધુ સમય પસાર કરવાની તક મળે તે દુનિયાનો મોટામાં મોટો આંનંદ છે. આ માટે બાળકોનો સામાજિક અને આધ્યાત્મિક ઉછેર પણ જરૂરી છે. જે ફેમીલી ફંક્શન, ફેમીલી ડીનર, ફેમીલી ટૉક, ફેમીલી ટાઈમ જે સંતાનોના ઘડતર માટે એક વેક્સીન છે. પરિવાર જ ઘરનું સુખ છે. સમુહમાં ઉત્સવ ઉજવણી, સાથે બેસીને વાતો કરવી, સાથે બેસીને આનંદ કરવો, સાથે બેસીને ભોજન કરવું જે સંતાનોને કૂટેવોથી બચાવે છે અને તેઓમાં સદ્‌ગુણોનું ઘડતર થાય છે.

કેટલાક પરિવારોમાં માતા-પિતાને અણબનાવ હોય છે પરિણામે જેવા પિતા ઘરમાં આવે કે માતા દ્વારા પ્રેમની જડી વર્ષે કેમ મોડા આવ્યા. તમે ખોટો ખર્ચ કરો છો. તમે કંજૂસ છો. તમને તો હું યાદ જ નથી આવતી અને તેજ રીતે પિતા પણ ચૂરકવા લાગે હજુ રસોઈ નથી થઈ, તું આપણા દીકરાની ફી ન ભરી આવી તને એટલો પણ ટાઈમ નથી. આખો દિવસ મોબાઈલમાં ઓનલાઈન જ હતી વિગેરે... અને આ બધું ભગવાને પરિવારને આપેલી અમુલ્ય ભેટ પોતાના સંતાનની હાજરીમાં જ થાય. આ કંકાસથી બાળક ડરપોક બને, ઉગ્ર એ ક્રોધી બને, ઝઘડાળુ બને, સંકુચિત સ્વભાવનું થઈ જાય. લાગણીહીન બને, પોતાના માતા-પિતા પ્રત્યે પ્રેમનો અભાવ ઉત્પન્ન થાય. શિક્ષણમાં નબળો પડે. શિક્ષકોએ આવું વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓને શોધી તેમના પરિવારની ખાસ મુલાકાત લેવી જોઈએ. શિક્ષકે આ મુલાકાત દરમિયાન ઘરની, પરિવારની, માતા-પિતાની પરિસ્થિતિ, મુશ્કેલીઓ, સમસ્યાઓથી માહિતગાર થઈને સમજવી જોઈએ. માતા-પિતા સાથે પોતીકાપણાની લાગણી દર્શાવી જણાવવું જોઈએ કે ભાઈ હવે આપણે મકાન, કાર, નોકરી બદલી શકીશું પરંતુ પતિ, પત્ની, પિતા કે પુત્ર બદલી શકવાના નથી અને ઈશ્વરે આપણને મોંઘો મનુષ્ય અવતાર આપી કાંઈક સારું કરવાની તક આપેલ છે. જેથી પરસ્પર એક બીજાને સમજવા સાથે સ્વીકાર કરીને ચાલવું જોઈએ. શિક્ષકે મુલાકાત દરમિયાન બાળકોના સાંનિધ્યમાં સાથે બેસી આત્મીયતા કેળવી માતા-પિતાની હાજરીમાં હકારાત્મક વાતો કરવા સાથે બાળકોમાં નૈતિકતા, પ્રમાણિકતા, કરૂણાભાવ, ત્યાગની ભાવના, પરિવાર પ્રત્યે લાગણી અને જવાબદારીની સમાનતા ઉભી થાય તેવી વાતો કરવી જોઈએ. વાલી તેમજ બાળકો સાથેની પ્રસંગોપાત થતી મુલાકાતો દરમિયાન તે પરિવારમાં સદ્‌ગુણોનું વાવેતર કરી તે માતા-પિતાને પોતાનામાં અને સંતાનોમાં તે વિકસાવવાની તક આપવી જોઈએ. શાળામાં વાલી સંમેલનોમાં પણ પરિવાર ભાવના અને બાળકોના ઘડતરમાં સદ્‌ગુણોનું મહત્ત્વ દર્શાવવા ઉદાહરણો રજુ કરી વાલીઓને સદ્‌ગુણોનું મહત્ત્વ સમજાવવા સાથે તેનું બાળકોના જીવન ઘડતરમાં કેવી રીતે સ્થાન આપી શકાય તે વિચારો મુકવા જોઈએ.

પરિવારને સદ્‌ગુણોથી સજાવવો હોય તો પરિવારને તૂટતો અટકાવવો પડે તે માટે દરેક પરિવારજનોએ પોતાના અહમ છોડી એક બીજા સાથે સુમેળથી રહેવું પડે. એક બીજાનો સ્વીકાર કરવો પડે. મોટું મન રાખી જતું કરવાની ભાવના વિકસાવવી પડે. પરસ્પર સંશયથી જોવાને બદલે વિશ્વાસ ભરેલા શ્વાસથી ચાલવું પડે. જો કોઈ એક બાબતમાં વાંકુ પડશે તો તમારી આંખોના ચશ્મા બદલાઈ જશે અને તે વ્યક્તિનું બધું જ વાંકુ દેખાવા લાગશે એ પરિવારમાં રહેલ સુમેલ તૂટી જશે. એટલે હંમેશા હકારાત્મક વિચારો કરવા જોઈએ.

કીડી જેવા નાના કીટકના પરિવારમાં સૌથી વધુ સુમેળ જોવા મળે છે. કીડી ક્યારેય એકલી ખાતી નથી તે સમુહભાવનાને વરેલી છે. કોઈ એક કીડીને કોઈ પણ સ્થળે ખોરાક કે ગળપણ મળી જાય તો તે બીજીને, ત્રીજીને, ચોથીને તેમ આગળ અને આગળ એકબીજાને સામ સામે મળીને સંદેશો મોકલી ચોક્કસ સંકેતથી ખોરાકના સ્થળે હોંચાડે છે અને સંપીને ખાય છે આ નાનકડા કીટકમાં કેટલી ઉંચી પારિવારિક જીવનની સમુહભાવના છે મનુષ્યને આ નાનકડી કીટક પાસેથી પણ એક સદ્‌ગુણોથી ભરેલો પરિવાર ભાવ શીખવા જેવો છે.

વર્ગખંડમાં અપાતા અભ્યાસક્રમ આધારિત પુસ્તકિયા શિક્ષણની સાથે મૂલ્યો આધારિત આવા ઉદાહરણો, વિચારો મુકવામાં આવે તો તે શિક્ષણ બાળક ક્યારેય ભુલતો નથી. બાળક આ વિચારોનું સતત મનોમંથન કરશે અને તેનામાં વર્તન પરિવર્તન થવા સાથે આ સદ્‌ગુણથી ભરેલો વિચાર તેના જીવનનો એક ભાગ બની જશે. સમય જતા બાળક ચોપડીના પ્રશ્નો એ તેના જવાબો ભુલી જશે પરંતુ શિક્ષકે આપેલ જીવન ઉપયગી અનુભવનું ભાથું ક્યારેય નહીં ભુલે. હું માનું છું કે તમને વર્ગખંડમાં શિક્ષકે ભણાવેલું બધું ભુલી જાવ અને પછી જે યાદ રહે તેજ સાચું શિક્ષણ.

# બાળકોને ઉત્સવી આનંદ કરાવતી સળંગ વારતા

પરિચયકાર : ઈશ્વર પરમાર
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો. ૯૪૨૭૨૮૮૭૪૨

પુસ્તક : ગોલુ અને બોલતું ઝાડ, લે. જીગર જોષી, પ્રકા. સ્વયં, સંપર્ક : જીવનકલા ફાઉન્ડેશન, ૫૯, ગંગોત્રી પાર્ક, સવાણી કિડની હોસ્પિટલ સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫. મો. ૯૯૨૫૧૫૭૮૪૭૫

મોટેરા કરતાં છોટેરાં વિશેષ ઉત્સવ પ્રેમી હોય છે. શબ્દો દ્વારા ઉત્સવી આનંદની લ્હાણ કરતા રહેતા આ પુસ્તકના લેખક જીગલ જોષીનું બાલવાર્તા સ્વરૂપનું આ પહેલું જ પ્રદાન છે. બાળસાહિત્ય ક્ષેત્રે, આ પૂર્વે ઉખાણાં અને બાળગીતોનો તેઓ એકેક સંગ્રહ આપી ચૂક્યા છે. ગીત-ગઝલ ક્ષેત્રે પણ એમનું યશસ્વી પ્રદાન છે. યુવા ગૌરવ પુરસ્કાર સહિત એમને સાત એવોર્ડસ્ એનાયત થયેલ છે. તેમનું આ પુસ્તક પ્રથમ નજરે જ બાળવાચકોને નવીન નજરાણાં જેવું લાગી શકે છે.

આ સળંગ બાળકથાના આ ત્રણ પાત્રો બાળકોના વિશેષ માનીતા થાય તેવા છે. તેમાં એક છે સ્વયં ગોલુ. મોટેરાંને પણ ગમી જાય તેવા બાળક ગોલુના મા-બાપ હયાત નથી તેથી એ બાલાશ્રમમાં રહીને ભણે છે. ગોલુ સ્વભાવે શાંત, સરળ, સંવેદનશીલ, ભોળો અને શરમાળ છે. નમ્ર અને નિખાલસ ગોલુ પરગજુ અને પ્રેમાળ એવો કે પોતાના લંચબૉક્સમાંનો નાસ્તો ખિસકોલીને ખવડાવી દે અને કામવાળા કમળાબેનને આંગણું વાળવામાં મદદ કરે. કલ્પનાની પાંખે વિહરતો ગોલુ શાળાના આંગણામાં ઊગેલા ઝીણા ફૂલો અને જબરજસ્ત જણાતા વડદાદા સાથે ગપશપ કરતો રહે. એના માતા-પિતા હયાત ન હોવાથી હિજરાયા કરે. એમાં વળી શાળામાં નવાં આવેલ શ્વેતા ટીચરે એને પ્રશ્ન કર્યો : 'માતા-પિતા કોને કહેવાય ?' આ પ્રશ્નથી ગોલુ કંઈક ઓઝપાઈ ગયેલો. આ પ્રશ્નનો ઉત્તર મેળવવાની તલપ આ બાળકને અને વાર્તા-પ્રવાહને પણ ગતિ આપ્યા કરે છે.

બાળકોને બીજું યાદ રહી જાય તેવું પાત્ર છે : વડનું ઝાડ - ઝાક અંકલ. બાળકો તો એને વડદાદા કહેવા ઈચ્છશે. આ વડદાદા સામાને સમજાય તેમ ગુજરાતી ભાષામાં બોલે છે. ગોલુનવે સતાવતા પેલા પ્રશ્નનો ઉત્તર વડદાદાએ પોતાના વર્તન વ્યવહાર અને વહાલ દર્શાવી દીધો. એણે તો ગોલુ સાથેના પ્રથમ પરિચય વખતે જ તેને હેતથી બાથ ભરીને ગળે લગાવી લીધો. વડદાદાએ પોતાની કરામતથી ગોલુને જંગલની સફર કરાવી, કેટલાય જંગલી જાનવરો સાથે દોસ્તી કરાવી, હોળી સરખા તહેવાર વિશે રસાળ વાતો કરી અને પોતાની હેતે હૂંફાળી ગોદમાં ગોલુને સુવડાવી પણ દીધો.

આ વાર્તાનું ત્રીજું પાત્ર છે : નવાં નવાં જ શાળામાં આવેલા શ્વેતા ટીચર, એમણે તો વર્ગના બાળકો સાથેની પહેલી મુલાકાત સાથે જ સૌનાં દિલ જીતી લીધાં. એમની આ જીતનું રહસ્ય છે એમનો પ્રેમાળ વર્ગવ્યવહાર. વર્ગમાં આવતાવેંત ગંભીર ચહેરે બાળકોને સતત ભણાવ્યા કરવાને બદલે અનોપચારિક સંવાદ દ્વારા સસ્મિત સૌનો પરિચય કર્યો, પ્રશ્નો પૂછ્યા. ઉખાણા-જોડકણાં અને ગીતોની મજેદાર લ્હાણી કરી. તહેવાર અને જાનવરો વિશે નવતર વાતો કહી, પીકનીક-ટૂર કરી, અને ખાસ તો ગોલુ જેવા સંકોચશીલ બાળકને હૂંફ આપતા રહીને એને હોંશિયાર તો એવો બનાવ્યો કે શિલ્ડ જીતી ગયો. ગોલુને માતા સરખું હેત આપીને માતા-પિતાનો અર્થ એના દિલ-દિમાગમાં ઊતારી દીધો. શ્વેતા ટીચરે બાળકોને અભ્યાસમાં ધ્યાન આપવાની જે નાટકીય ઢબે ટકોર કરી એને સંતોષકારક પરિણામ મેળવ્યું છે તેમાં તેનું શિક્ષકત્વ ઝળકી ઊઠ્યું છે.

બાળવાર્તામાં 'દૃશ્ય', 'વરદાન', 'મૃત્યુ', 'અપેક્ષા', 'ઉજ્જવળ', 'આત્મવિશ્વાસ' જેવા શબ્દો સરળ સમજૂતી દ્વારા તરત સમજાય ; જો કે 'પ્રશ્નોત્તર' ને 'જન્મદાતા'

જેવા શબ્દ માટે લેખકે યોગ્ય સમજ આપી પણ છે. હા, 'અનાથાશ્રમ'ને બદલે 'બાલાશ્રમ', 'બાલઘર' કે 'બાલગ્રામ' જેવા શબ્દો તેમાં રહેતા બાળકોને બાઘવભાવથી દૂર રાખી શકે. આ તો હવે પછી લખાનાર વાર્તા એવી મર્યાદાથી યુક્ત રહે તે આશયથી કહેવાઈ ગયું.

બાકી આ મૌલિક વાર્તા અથથી ઈતિ બાળવાચકને ઉત્સવના ઉત્સાહ અને ઉમંગમાં લય-લીન રાખે છે. વેકેશન પછી હેય...હેય...ના હાંકોટા સાથે શાળામાં પ્રવેશ વખતે જ ગોલુ ફૂલો સાથે ગોઠડી માંડે છે તેવા નિર્દેશ સાથે ઉત્સવ આરંભાયો છે. તે પછી શ્વેતા ટીચરની બાળકો સાથેની હળવી વાતો, ગીત-ઉખાણા-જોડકણાં, અદ્ભૂત વડદાદાનું ચમત્કારી વહાલ, જંગલ અને ઝૂની મુલાકાત, તહેવારોની રસાળ વાતો, પ્રાણીઓનાં ટીખળ, ચૉકલેટની ભેટ અને ગોલુની 'મમ્મી-પપ્પા કોને કહેવાય' - એ સવાલના જવાબમાં એનું શ્વેતા ટીચરને વળગી પડવું. - આથી જબરો ઉત્સવ કયો હોય ? ઉત્સવ વખતે સમૂહમાં ગાવા જેવાં ગીતો પણ વાર્તામાં હાજર.

આ ઉત્સવોમાં સામેલ થઈને તેના પ્રયોજક અને લેખકજીગર જોષીને આવી મધુર વાર્તા બાળકોને ધરવા બદલ હાર્દિક ધન્યવાદ અને બાલસાહિત્યક્ષેત્રે તેઓ વધુને વધુ ઊંચા શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

## કદર કરવાની આ રીત કેવી ?

**મનસુખ સલ્લા**

રિવાજ પડે એટલે એ શા માટે છે એ વિચારવાનું લગભગ બનતું નથી. કોઈને પૂછો કે, "આમ કહે છે ?" તો જવાબ મળશે કે, "રિવાજ છે." એટલે કે આગળથી ચાલ્યું આવે છે માટે છે. એની યોગ્યતા વિશે ભાગ્યે જ વિચાર થાય છે. સંગીતના, ખાસ કરીને લોકડાયરાના, કાર્યક્રમોમાં નોટો ઉછાળવાનો રિવાજ શરૂ થયો છે. એ ખરું કે ગૌશાળા, સદાવ્રત, આરોગ્ય કે બીજાં લોકોપયોગી કાર્યો માટે એ રકમ વાપરવામાં આવે છે. પરંતુ જો રકમ આપવાની ભાવના જ છે તો રકમ આપી પહોંચ મેળવી લો. તમે ઉત્તમ કાર્યમાં સહભાગી થયા તેનો આનંદ લો. નોટો જાહેરમાં ઉછાળીને શું બતાવવું છે ?

જો ઓરામાણ મિર સરસ રીતે ગાતા હોય તો તેની ગાયકી, સૂરની ખૂબીઓ, સૂરને ઊંચે ખેંચવાની શક્તિ, તાન પલટા, સૂરસાધના, ગીત કે ગજલની ઉત્તમતા, સાજિંદાઓનો સાથ આ બધું માણવાનું હોય. ઉત્તમ સંગીતકાર આપણા દયને ડોલાવી દે. આનંદથી ઊભરાવી દે એની કદર આમ રૂપિયા ઉડાડીને કરવાની હોય કે એના સંગીતની ખૂબીઓને પારખીને વાજબી દાદ આપવાની હોય એ વિચારવાની જરૂર છે. આ તો સંગીતની કદર સિવાયનું ભળતું દાખલ થઈ ગયું છે.

સંગીતને કદર અને રૂપિયા ઉડાડીને કોઈ સંબંધ નથી. સાચા સંગીતકારને તો સુજ્ઞ શ્રોતાઓની ઉચિત દાદની ખેવના હોય છે, પરંતુ સંગીતકારો પણ આ કુરિવાજ વિશે બોલવાની હિંમત કરતા નથી. હાસ્યકલાકારોમાં પણ નોટોનો ઢગલો મોટો કરવાની જાણે હોડ લાગી છે. પૈસાનું આ જાહેર પ્રદર્શન અને હાસ્યના કાર્યક્રમને કોઈ સંબંધ નથી. એ નિમિત્તે દાન આપવાનું હોય તો યોગ્ય જગ્યાએ જઈને નોંધાવો. કલાકારની આગળ આવીને નમ્રપણે નોટોની થપ્પી મૂકી દેવાતી નથી, નોટો ઉડાડાય છે એ પ્રદર્શન છે, કલા કે કલાકારનું ગૌરવ નથી. એટલે રિવાજને તપાસતા રહેવાની જરૂર હોય છે. રિવાજને તપાસવાનું ત્યારે બને જ્યારે પ્રજા મૌલિક અને બિનંગત રીતે વિચારવાની ટેવ પાડે. તો જ જીર્ણ રિવાજના કળણમાંથી બહાર આવી શકે. ભારતમાં શિક્ષણમાં મૌલિક અને બિનંગત રીતે વિચારવાનું શીખવાતું નથી. એટલે પ્રજા રિવાજોને ગળે વળગાડીને ઘેનમાં રહી શકે છે. આવા રિવાજો સામે પ્રશ્નાર્થ કરનારને નાસમજ કે ઊંધી ખોપરીના ગણાવાય છે. એ બદલાવું જોઈએ. વિચારવાન પ્રજા જ વિકસી શકે. અંધાનુકરણવાળી પ્રજા નહીં.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શાળા જીવનના સાથીદારો

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

માનવીના વિકાસમાં અનેક ઘટકો-પરિબળોની મહત્ત્વની ભૂમિકા હોય છે. તેમાં શિક્ષણનું સ્થાન મોખરાનું છે. બાળકના જીવન વિકાસની શરૂઆત શિક્ષણની થાય છે. તેના અભ્યાસ દિરમિયાન એનું ઘડતર યોગ્ય રીતે થાય અને અંતે એ કેળવાયેલો નાગરિક બની પોતાની ફરજ ઉત્તમ રીતે બજાવી શકે એ જરૂરી છે. આ માટે તેણે અનેક ઘટનાઓ, પ્રસંગો, શિક્ષકો, વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને અનેક મિત્રોના સંપર્કમાં આવવાનું થતું હોય છે. સારું માર્ગદર્શન, સારા મિત્રો અને શિક્ષક-ગુરુજનોની જરૂરિયાત તેને અનેક તબક્કે પૃતી હોય છે. આમાં એકાદ પણ જો નબળું હોય તો તેના વિકાસમાં માઠી અસર થવાની સંભાવના રહે છે. આજે આપણે બાળકના શાળા જીવનના મિત્રો-સાથીદારોની થોડીક વાત કરીએ.

**બાળકની મૂંઝવણ :** બાળક શાળાએ જાય છે ત્યારે તેને અનેક બાબતો મૂંઝવતી હોય છે. અભ્યાસ, શાળાકીય ગૃહકાર્ય, ઈત્તર પ્રવૃત્તિઓના અનેક કાર્યક્રમો, પાઠ્ય પુસ્તકો, ઈત્તર વાંચન, પરીક્ષાઓ, રમત-ગમત, માંદગીના સમયે કે પ્રસંગોપાત શાળામાં ગેરહાજર રહેવાનં થાય ત્યારે તેને કોઈની મદદ કે હૂંફની જરૂર પડતી હોય છે. આવા સમયે તેને એક સારા સાથીદાર મિત્રની આવશ્યકતા રહે છે.

આનાથી થોડુંક આગળ વિચારીએ તો જ્યારે બાળક ઉંમરલાયક થાય અને તે સમાજ જીવનમાં પ્રવેશે ત્યારે પણ તેને કોઈ સાથી મિત્રની જરૂર રહેતી હોય છે. એમ કહો કે સમગ્ર જીવન દરમિયાન પણ તેને આની ઝંખના રહેતી હોય છે.

**કયા કયા સંજોગોમાં તેને સાથી મિત્રની જરૂર રહે છે.**

(૧) પોતાના સુખ-દુ:ખમાં અને અંગત જીવનમાં
(૨) ઘરના સારા-નરસા પ્રસંગોમાં
(૩) પરિવારના નાના-મોટા કામકાજમાં
(૪) પોતાના ધંધા - વ્યવસાયમાં
(૫) ઘરના સભ્યોની નાની મોટી માંદગીમાં
(૬) પ્રસંગોપાત આર્થિક વ્યવહારમાં
(૭) ઘરનો કોઈ સભ્ય ગેરમાર્ગે હોય તો તેને સમજાવવામાં
(૮) કજીયા-કંકાસ કે તકરારનો ઉકેલ લાવવામાં
(૯) લગ્ન પ્રસંગ
(૧૦) મરણ પ્રસંગોમાં

તેને સાથીદારની જરૂર પડે છે. ઉપરના મુદ્દાઓની બીજી ઘણી બાબતોનો સમાવેશ કરી શકાય.

સારા મિત્રો હોવા જોઈએ એ વાતને અનુમોદન આપતો સંસ્કૃતનો આ શ્લોક સૌને ખૂબ ઉપયોગી વાત સમજાવે છે.

न हि मानसिको धर्मः कस्यि ज्जायेनज्जसा।
अ तो यतेत तात्प्राप्त्यै मित्रलब्धिर्वरा नृणाम् ॥

અર્થાત્,

કોઈના મનોભાવ જાણવાનું કામ સહેલું નથી. કેવળ મિત્રના મનોભાવ તત્કાળ જાણી શકાય છે. એટલે વધારે મિત્રો પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરવો. કારણ કે મનુષ્ય માટે મિત્ર પ્રાપ્તિ ઉત્તમ વસ્તુ ગણાઈ છે.

**મિત્રો વિશે બેદરકારી રાખતા મા-બાપો**

બાળકને સમય જતા ઘણા મિત્રો હોય છે. પરંતુ એ સૌમાંથી તેને એકાદ-બે સાથીદાર વધુ પસંદ હોય છે. તેની સાથે તે અનેક પ્રકારના વ્યવહારમાં વધુ રહેતો હોય છે. અને અભ્યાસકાળ પૂરો થઈ ગયા પછી પણ તેની સાથેના સંબંધ જળવાઈ રહેતો હોય છે. પરંતુ ઘણા મા-બાપ એવા હોય છે કે તેઓ પોતાના પાલ્યના મિત્રો કોણ છે ? કેવા છે

? તેની આદતો કેવી છે ? તેની દરકાર રાખતા નથી. પરિણામે ભવિષ્યમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે છે. અયોગ્ય મિત્ર તેના વિકાસમાં નડતરરૂપ થાય છે. પરિવાર માટે પણ સમસ્યા ઊભી કરી શકે છે. સારી અને ઉજવળ કારકિર્દી ધરાવતો વિદ્યાર્થી પણ ક્યારેક ખરાબ સોબતના લીધે અવળે માર્ગે ચડી જતો હોય છે. પોતાના પાલ્યના મિત્રમાં, વ્યવહારમાં ખામી જેવું જણાય તો તેને તરત જ રોકવો જોઈએ. આવા પગલાં સાવધાનીપૂર્વક વેળાસર લેવાય તો ઘણી અયોગ્ય ઘટનાઓ ટાળી શકાય છે.

ઘરની સામાન્ય વાતચીત દરમિયાન મિત્રો સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ તે પણ સરળતાથી સમજાવી શકાય. સાદા અને સરળ વ્યવહારમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.

(૧) મિત્રોનો વિશ્વાસ ન તોડવો.
(૨) તેની ગેરહાજરી દરમિયાન વારંવાર તેના ઘરે ન જવું.
(૩) બંને પરિવારની ગુપ્ત વાતો કહેવાનું ટાળવું.
(૪) વાણી-વ્યવહાર અને ચારિય બાબતે શિસ્ત રાખવી.
(૫) સ્વાર્થ અને કોઈપણ પ્રકારના ભેદ વગર સંબંધ રાખવો.
(૬) તેના અવગુણ બાબતે તેના પરિવારનું ધ્યાન દોરવું.
(૭) તેના વિકાસમાં કે મૂંઝવણમાં સહાયરૂપ થવું.

**સારા મિત્રો થાય તે માટે શિક્ષણ-ગુરુની ભૂમિકા**

ભારતીય સંસ્કૃતિના ગુરુ ઉચ્ચ સ્થાને છે. નીચેની ચોપાઈ આ વાતને વધુ સ્પષ્ટ કરી મહત્ત્વ આપે છે.

"ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુદેવ કી જિસને ગોવિંદ દિયો બતાઈ"

પ્રભુને પામવા માટે પણ ગુરુને અનોખી સાંકળરૂપ કડી માનવામાં આવ્યા છે. આથી ગુરુની ભૂમિકા ભજવતો શિક્ષક બાળ વિકાસમાં, વ્યક્તિ વિસાકમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે વિદ્યાર્થીનો ગુરુ, મિત્ર અને વાલી પણ બની શકે છે. નીચે દર્શાવેલ મુદ્દાઓ દ્વારા તે વિદ્યાર્થીને સારા મિત્રો આપી શકે છે.

(૧) સંવેદનશીલ કે કોયડારૂપ બાળક માટે તે વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થી સાથે ચર્ચા કરી તેને ઉપયોગી થાય તેવા વિદ્યાર્થી સાથે દોસ્તી કરાવી શકે.
(૨) શાળાના વાલીદિનના દિવસે તેના માતા-પિતા સાથે ચર્ચા કરી તેને સારા મિત્રોના નામ આપી તેની સાથે મિત્રતા રાખવાનું સૂચન કરી શકાય.
(૩) ક્યારેક તેના ઘેર મુલાકાત લઈ તેના ઘડતર, ભણતર અને તેના મિત્રો વિશેની નિખાલસ ચર્ચા કરી શકાય. આવી મુલાકાત પરિવારના સૌ માટે અસરકાર બની શકે.
(૪) અભ્યાસમાં, ઈત્તર્પ્રવૃત્તિમાં કે પછી અન્ય કામોમાં નબળા પડતાં વિદ્યાર્થીને અન્ય સેવાભાવી વિદ્યાર્થીને સહકાર આપવા સમજાવી શકાય.
(૫) વગ્રખંડમાં પણ તે મિત્રની અગત્યતા સમજાવી શકે છે.
(૬) મિત્ર એ પરિવારનો ન હોવા છતાં તે ઉત્તમ શુભેચ્છકોની ગરજ સારે છે. તેનું સ્થાન પરિવારના સભ્ય કરતાં જરાય ઉતરતું નથી. આમ તેનું મહત્ત્વ આગળ ધરી શકાય.
(૭) આડા માર્ગે એકલાને સીધા માર્ગે લાવવામાં મિત્રોનો પ્રયાસ ખૂબ જરૂરી હોય છે. તેની મદદ અસરકારક સાબિત થઈ શકે.
(૮) સારો મિત્ર સ્વાર્થી કે દગાબાજ હોતો નથી. તે કોઈપણ સમસ્યા કે મડાગાંઠમાં મધ્યસ્થી બની શકે. આ વાતો કરવાથી મિત્રની અગત્યતા ઉપસી શકે છે.
(૯) તેમાં માન-પાન કે ઔપચારિકતાને સ્થાન હોતું નથી.
(૧૦) આર્થિક સ્થિતિ, સામાજિક પ્રતિષ્ઠા, હોદ્દા કે અન્ય નાના-મોટા મોભાને સારો મિત્ર સ્થાન આપતો નથી.

તો આવો, આપણા દીકરા - દીકરીઓને સારા મિત્રો મળી રહે અને તે જીવનભર ટકી રહે તેવા પ્રયત્નો કરીએ.

# "લોક સાહિત્ય"
# "રાસ"

**વિનીતા વાછાણી**
જે.એન.બાલિકા

ગુર્જર નારીએ કેટકેટલું ગાયું છે ! એણે તો એના ગીતોથી જીવનના રંગો પૂર્યા છે. અમૃત સિંચ્યા છે. ગુર્જરી મહિલાઓએ પેટ ભરી ભરીને માણેલી "રઢિયાળી રાતો"નો પરિચય પણ એના ગીતો દ્વારા એમણે કરાવ્યો છે.

કેવી હતી એ રઢિયાળી રાત્રિઓ ? ચાંદો જ્યારે આકાશમાં તારાઓની સાથે રમવા નીકળ્યો હોય ત્યારે ગુજરાતની શેરીએ શેરીએ નીકળતી કુમારિકા અને નવોઢા ગામના ચોકમાં ભેગી થતી. પુરુષવર્ગ ગામના પાદરમાં કે મેડીએ બેસીને ગપાટા મારતો હોય ત્યારે ગુજરાતણનો કે કાઠિયાવાડની સ્ત્રીઓનો કંઠ ગુંજી ઊઠતો અને એમના સ્વરો રાસની તાળીઓ સાથે ગગનમાં ગુંજતા...

ખાસ કરીને વારે-તહેવારે અને ફાગણ મહિનામાં હોળીના દરેક દિવસ પહેલા રાત્રે જમી પરવારીને સ્ત્રીઓ ગામના ચોકમાં એકઠી થાય અને રાસ રમે. પચાસ પચાસ હાથની તાળીઓ પડતી હોય પણ જાણે એક જ સુંદરી ગાઈ રહી હોય ને તેવો તાલ જળવાય. નદીના પાણીની જેમ ગોરીઓનો સ્વર વહેવા માંડે. તેમના ગીતની ધારામાં મીઠાસ ટપકતી હોય.

સ્ત્રીઓના દયમાં જ્યારે સુખદુઃખ, આશા-નિરાશા, અમંગ-આઘાત જેવી કોઈ ઊર્મિ દયમાંથી વહેવા માંડતી ત્યારે તેમાંથી "રાસ" રચાયા, ગવાયા, રમાયા. નારી દયે અનુભવેલા મનોભાવ તેમના ગીતોમાં ઉતર્યા. તેમની સર્જન શક્તિનો પરિચય એક "રાસ" દ્વારા જાણીએ...માણીએ...

રાસ

*રાધાજીના ઊંચા મંદિર નીચા મો'લ*
*ઝરૂખડે દીવા બળે રે...લોલ...*
*રાધા ગોરી રાસ રમવા હાલો*
*સાહેલી સહું ટોળે વળે રે...લોલ...*
*ત્યાં છે મારા કયા ભાઈની ગોરી*
*મુખલડે અમી ઝરે રે...લોલ...*
*ત્યાં છે મારા... ભાઈની ગોરી*
*મુખલડે અમી ઝરે રે...લોલ...*
*રાધાજીના ઊંચા મંદિર...*
*ત્યાં છે મારા કયા ભાઈની ગોરી*
*હાથડીએ હીરા જડ્યા રે...લોલ...*
*ત્યાં મારા... ભાઈની ગોરી*
*હાથડીએ હીરા જડ્યા રે...લોલ...*
*રાધાજીના ઊંચા મંદિર...*
*ત્યાં છે મારા કયા ભાઈની ગોરી*
*પગડીએ પદમ જડ્યાં રે...લોલ...*
*ત્યાં છે મારા... ભાઈની ગોરી*
*પગડીએ પદમ જડ્યાં રે...લોલ...*
*રાધાજીના ઊંચા મંદિર નીચા મો'લ*
*ઝરૂખડે દીવા બળે રે...લોલ...*

## પુસ્તક પરિચય

# ગાંધીજી અને નવી પેઢી

**નિશાબેન જે. ત્રિવેદી**
(અસારવા વિદ્યાલય)

*"સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું નવ સંગ્રહવું, બ્રહ્મચર્યા અને જાત મહેનત, કોઈ અડે ન અભડાવવું, અભય, સ્વદેશી, સ્વાર્થ ત્યાગ અને સર્વ ધર્મ સરખાં ગણવા."*

એવા ગાંધીજીના જીવન સાથે સંકળાયેલા અમૂલ્ય એવા ૧૧ મહાવ્રતોથી આજની નવી પેઢીને વાકેફ કરવા અને તેમને ગાંધીજીના  દય સુધી લઈ જવા ફાધર વાલેસ દ્વારા લખાયેલું આ પુસ્તક "ગાંધીજી અને નવી પેઢી". યુવાનોને ગાંધીજીમાં રસ અને શ્રધ્ધા છે એવું દઢ પણે માનનાા એવા ફાધર વાલેસનો જન્મ ૪, નવેમ્બર ૧૯૨૫ સ્પેનના લોગ્રોનોમાં થયો હતો. ગણિતશાસ્ત્ર માટે ઉત્તમ ગણાતી એવી મદ્રાસ યુનિવર્સિટીમાંથી એમ.એ. ગણિતશાસ્ત્રની પદવી પ્રાપ્ત કરી. ગુજરાત માટે ગૌરવની બાબત એ છે કે તેઓ ગુજરાતની ભાષા શીખીને અમદાવાદ માટે ગણિતશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયાં.

"શિક્ષત લોકો સાથે વાત કરવા અંગ્રેજી ચાલે પરંતુ દિલની વાત કરવા માટે માતૃભાષા જ ચાલે" એવું માનનારા ફાધર વાલેસ Spanish હોવા છતાં 'Indian by heart' હતા.

તેમને ૧૯૭૮માં ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ એવોર્ડ રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. સાથે સાથે બીજા ઘણા એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા છે પરંતુ સૌથી વિશેષ ૨૦૨૧માં એટલે કે આ વર્ષે પદ્મશ્રી એવોર્ડ માટે પાંચ ગુજરાતીઓને આપવામાં આવ્યા તેમાં ફાધર વાલેસ ને મરણોત્તર પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. તેમનું મૃત્યુ ૯, નવેમ્બર ૨૦૨૦ માં ૯૫ વર્ષે થયું.

ગાંધીજી જેવા યુગ પુરુષને નાકડા પુસ્તકમાં સમાવવા એ કપરું કાર્ય હોવા છતાં ફાધર વાલેસે ગાંધીજીની અને તેમના વ્યક્તિત્ત્વની તર્કબદ્ધ છબી 'ગભરુ વિદ્યાર્થી' થી 'મહાત્મા' સુધીની સફરને સુંદર રીતે રજૂ કરી છે.

પુસ્તકના પ્રથમ પ્રકરણમાં 'ગભરુ વિદ્યાર્થી'માં કાચા વિદ્યાર્થીની છબી એજ એમના વ્યક્તિત્ત્વમાં રહેલી ત્રુટિ વિશે. નિખાલસતાથી  દયનો એકરાર અર્થાત્ વાસ્તવિકતાનો સ્વીકાર દર્શાવે છે. 'સ્વમાન જાગ્યું' તે પ્રકરણમાં તેમનું સ્વમાન સ્વાભિમાનમાં ફેરવાયું. પ્રજાનો સાથ અને સહકાર લઈને સત્યાગ્રહ જેવી ચળવળનું નિર્માણ, તેમનામાં દેશબંધુત્વ અને રાષ્ટ્રભાવના કેળવી માતૃભૂમિની આઝાદીનો માર્ગ પકડ્યો. સ્વતંત્ર મિજાજના અને પ્રખર વ્યક્તિત્ત્વવાળા નેતાઓના દૃષ્ટિકોણ બદલાવવા પાછળનું મુખ્ય કોઈ ચાલકબળ હોય તો ગાંધીજીનો સંગ કે સંપર્ક. તેમના 'વ્યક્તિત્ત્વના જાદુ' જ થી સાબરમતી આશ્રમની મજાક ઉડાવતો વા સરદાર ધીમે ધીમે ગાંધીજીના અંધ અનુયાયી બની ગયા.

વર્ષોથી પરતંત્રતાથી પ્રભાવિત, ઉદાસીન, નિષ્ક્રિય, પરાવલંબી જનતાને જાગૃત કરવા એક 'દેશના શિક્ષક' તરીકે પ્રજાના ઉપદેશક-દુનિયાના ગુરૂ બન્યા. ત્યારબાદ 'આત્મગૌરવ', 'અહિંસા' અને 'એકતા', અને 'શ્રેષ્ઠતા' પ્રકરણ દ્વારા ઉપવાસની અનિવાર્યતા અને લોકોમાં દઢ મનોબળ જાગૃત કરવાનો પ્રયત્નો, સાદો પહેરવેશ (ઈંગ્લેન્ડના રાજા-રાણી સાથેનો મુલાકાતનો પ્રસંગ સહજ રીતે આલેખાયો છે).

'કાળની ઉપાસના', 'નિયમની પવિત્રતા', 'ઉર્ધમયજ્ઞ' દ્વારા સમયનું મહત્ત્વ, નિયમિત્તતાની પવિત્રતા એ સતત મહેનતનો મહિમા દર્શાવાયો છે.

"સાચી આઝાદી માટે દેહ પણ માંદગીને કમજોરીની ગુલામીમાંથી મુક્ત હોવો જોઈએ ને ! - તેવા આરોગ્ય વિશેના ખ્યાલોને 'દેહની માવજત' પ્રકરણ દ્વારા આજની પેઢીને આહાર શુદ્ધિ અને સફાઈ સ્વચ્છતાની કેળવણી આપે છે. વાણી તેવું વર્તન એટલે 'પ્રચાર એ આચાર' સૂત્રને સાર્થ કરતાં 'વિશ્વાસ'થી કામ લેવાની આવડત પણ ગાંધીજીના વ્યક્તિત્ત્વનું આગવું પાસું છે. સ્ત્રી એ સંસ્કારનું


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઝરણું, શક્તિનો ભંડાર, પ્રેરણામૂર્તિ એવું માનનારા ગાંધીજીએ સ્ત્રીઓમાં પણ દેશભક્તિની જાગૃતતા લાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ પ્રજાના એક એક જૂથના સંપર્કમાં આવીને 'એકરૂપતા' સાંધતા ગયા. ગાંધીજીનું સાચું જીવન રહસ્ય તેમનો ભગવાન પરનો અટલ વિશ્વાસ, શ્રધ્ધા, માનવપ્રેમ અને લોકસેવા કરતાં કરતાં ''મહાત્મા'' સુધીની સફર પાર કરી. ''

ગાંધીજીની શ્રધ્ધા ફળી

પ્રજા જાગૃત થઈ

આઝાદી આવી

નવયુગની ઉષા પ્રગટી – આ પ્રગટેલા દિપકને આજની પેઢી ઝીલશે, ફેલાવશે, ટકાવશે અને ગાંધીજીનો મંગલ વારસો અમર રહેશે.

## 'ધી હેબીટ ઓફ વિનીંગ'

**શ્રી બળદેવભાઈ એમ. છત્રોલા**

મેં આજે પુસ્તક વાંચ્યું. જેનું નામ છે 'ધી હેબીટ ઓફ વિનીંગ' એટલે 'જીતવાની ટેવ'.

મિત્રો આપણે આ જીવનરૂપી મહાસાગરમાં કેટલાય પડકારોનો સામનો કરી મહાસાગર પાર કરી રહ્યા છીએ. આપણે જાણે એક તપસ્વી છીએ. અને તપ કરી રહ્યા છીએ. જીવનરૂપી પડકારોમાં આપણે હંમેશા જીવવાનો પ્રયત્ન કરીએ છીએ અને હાર મળતા જ નિરાશ થતા હોઈએ છીએ. પ્રસ્તુત પુસ્તકમાં લેખકે ઘણા દૃષ્ટાંતો દ્વારા આપણને સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જીવનમાં જીતવા માટે હારવું જરૂરી છે.

આ પુસ્તકમાં લેખક 'પ્રકાશ ઐયરે' સ્વમાન્યતા, ખંત, વિજેતાઓના મનોવલણ, સખતકામ, વિજેતાનો માર્ગ, સંતુલન આવા ૧૧ (અગિયાર) પ્રકરણો દ્વારા ખરેખર આપણને જીતવાનો માર્ગ ચીંધ્યો છે.

લેખકે જીવંત રહેવું, એ પ્રકરણમાં દેડકાનું ઉદાહરણ આપી એમાંથી જીવંત રહેવાનો બોધપાઠ આપવાનો પ્રયત્ન કર્યો છે. તમે જ્યારે ઢીલા પડ્યા હો, અને મુશ્કેલીમાં હો, ત્યારે લડતા રહો, ધ્યેય છોડી દેશો નહીં. પગ પછાડતા રહો. સફળતા એક દિવસ તમારા ચરણ સ્પર્શ કરશે તે નક્કી છે.

પુસ્તકના અંતમાં એક પ્રકરણ મને બહુ ગમ્યું જેનું ામ છે 'શ્રેષ્ઠ સમય' કોઈ પણ કામનો શ્રેષ્ઠ સમય આજથી જ, અત્યારથી જ છે. તમને આજે ખબર હોય કે તમારે માત્ર છ જ મહિના જીવવાનું છે, તો તમે શું કરો ? તે ગમે તે હોય તે હમણાં જ કરો સાંજે જ. કારણ કે સત્ય એ છે કે તમે કદી એ જાણવા પામવાના નથી કે તમારે માત્ર છ જ મહિના જીવવાનું છે.

આમ આ પુસ્તક જીવનરૂપી બોધપાઠ આપે છે. સાચા અર્થમાં જીવન જીવવાની કળા શીખવે છે. જીવનના પડકારોને હળવાશથી ઝીલી લઈ સામનો કરવાની શક્તિ શીખવે છે.

## Poem

**ચેતના કે. રાવલ**

(જે. એન. બાલિકા વિદ્યાલય)

### Let's Be Human Today

In criticism be polite.
In praise be truthful.
In help be generous.
Let's be human today.
In ethics be just.
In care be keen.
In giving be munificence.
Let's be human today.
In meeting be listener.
On stage be eloquent.
At home be amiable.
At Job be openminded.
Let's be human today.

# વિદ્યાર્થી કે રેસનો ઘોડો ?

**મનોજકુમાર સુથાર**
(મદદનિશ શિક્ષક, અસારવા વિદ્યાલય)

આજના આ સ્પર્ધાત્મક યુગમાં આપણે વિદ્યાર્થીને ખરા અર્થમાં વિદ્યાર્થી રહેવા દીધો નથી પણ માત્ર રેસનો ઘોડો બનાવી દીધો છે. જે દરેક હરિફાઈમાં શ્રેષ્ઠ બને તેવું આપણે ઈચ્છીએ છી. વધુ પડતી અપેક્ષાઓ વિદ્યાર્થીને નુકશાન કરે છે જેનું પરિણામ મા-બાપે ભોગવવું પડે છે.

ધોરણ ૧૦ ગુજરાતી વિષયમાં વર્ષા અડાલજા લિખિત નવલિકા છે 'રેસનો ઘોડો'. આ નવલિકાના આધારે આ લખાણ લખવા પ્રેરાયો છું. આ નવલિકામાં લેખિકાએ આજની શિક્ષણ પદ્ધતિને કારણે બાળકનું બાળપણ મા-બાપ કે વાલી દ્વારા કેવું છિનવાઈ જાય છે એ વિગતે સમજાવ્યું છે. આજે ઘોડાદોડની રેસની જેમ શિક્ષણક્ષેત્રમાં પણ દોડ જામી છે. અનેક ડીગ્રી મેળવવી, સ્પર્ધામાં ચંદ્રક લાવવા, ઊંચા માર્કસ મેળવી પ્રથમ નંબરે આવવું, કોચિંગ ક્લા ભરવા વગેરેમાં મા-બાપ બાળકોને રચ્યાંપચ્યાં રાખે છે. આથી બાળક આવા શિક્ષણના તેમજ મા-બાપની વધારે પડતી અપેક્ષાના ભાર નીચે દબાઈ જાય છે. મા-બાપના સખત દબાણ અને આગ્રહને કારણે બાળકનો વિકાસ થતો નથી, એનું બાળપણ છિનવાઈ જાય છે, પરંતુ મા-બાપ એની પરવા કરતા નથી. આજના શિક્ષણે બાળકને રેસનો ઘોડો બનાવી દીધો છે.

આપણે આપણા બાળકોને ભણાવવા અધીરા બનીને ઘણુંબધું શીખવીએ છીએ. ઝડપથી ગૃહકાર્ય કેમ કરવું તે શીખવીએ છીએ. હરિફાઈમાં ઉતરવાનું શીખવીએ છીએ. પરંતુ શીખવવા જેવી ઘણી મહત્ત્વની બાબતો આપણે આપણા બાળકોને ક્યારેય શીખવતા નથી અને પરિણામે ભણતરમાં સફળ થતા બાળકો જીવનના ઘડતર અને ગણતરમાં તદ્દન નિષ્ફલ નીવડે છે. ત્યારે બાળકોને ખરેખર શું શીખવવું તે આપણે આજે ચોક્કસ વિચારવાની જરૂર છે.

માતા-પિતા તરીકે આપણા બાળકને શિક્ષિત બનાવવું એનો આપણા મનમાં ખરેખર શું અર્થ હોય છે ? તગડી ફી ચૂકવવી એ ડોનેશન આપી સારી કહેવાતી પ્રતિષ્ઠિત શાળામાં એડમિશન અપાવવું, એડમિશન માટેના ઈન્ટરવ્યૂ માટે દબાણપૂર્વક બાળકની પાસે તૈયારી કરાવવી, આપણને બિલકુલ અંગ્રેજી આવડતું ન હોય તો પણ બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવવાનો આગ્રહ રાખવો, બાળકને શાળા, ટ્યૂશન અને હોમવર્કના ભાર નીચે ફસાવીને બાળપણના આનંદથી દૂર રાખવું, શિક્ષણના નાતે બાળકને હંમેશા તનાવગ્રસ્ત અને બયભીત રાખવું અને આપણે પોતે પણ બયભીત રહેવું. એકબીજાનું આંધળુ અનુકરણ કરીન ખરેખર આપણે આપણા બાળકોનું બાળપણ છીનવી રહ્યા નથી ?

માતા-પિતા તરીકે આપણે આપણી જાતને એ પૂછવાની જરૂર છે કે આપણે ક્યારેય બાળકની સાથે બેસીને પ્રકૃતિને માણી છે ? ખેતરો, જંગલો, નદી, ઝરણાં, પહાડ, દરિયો આ બધું ક્યારેય ધ્યાનથી નિહાળ્યું છે અને કદી બાળકોને દેખાડ્યું છે ? ક્યારેય એના વિશે બાળકો સાથે બેસીને વાતો કરી છે ? ક્યારેય બાળકને એકાદ કવિતા ગાતા કે બોલતા શીખવાડી છે ? વેકેશનમાં ફરવા જતી વખતે ક્યારેય બાળકની સાથે જ્ઞાન વિજ્ઞાનની વાતો કરી છે ? ક્યારેય ગુજરાતનો, ભારતનો કે દુનિયાનો નકશો લઈને બાળકો સાથે બેઠા છીએ ? ક્યારેય બાળકની સાથે માટીમાં રમીને આપણા હાથ ગંદા કર્યા છે ?

ના ! આપણામાંથી મોટાભાગના મા-બાપે આમાંથી કંઈજ કર્યું નથી. બાળકોને સમયસર શાળા તથા ટ્યુશનમાં મોકલવા સિવાય બીજું કશું જ આપણે કર્યું નથી. પરીક્ષા ટાણે બાળકોને અપેક્ષિત અને ગાઈડો ગોખાવીને પરીક્ષાની તૈયારી કરાવવી સિવાય બીજું કં જ આપણે કર્યું નથી. પરીક્ષામાં પોતાની ઉત્તરવહીમાંથી બીજાને ન બતાવવાની સલાહ આપણે ચોક્કસ આપણા બાળકોને આપીએ છીએ અને સાથે મોકો મળે તો બીજાની ઉત્તરવહીમાંથી ન આવડતું જોઈ લેવામાં વાંધો નથી એ પણ શીખવીએ છીએ. આ બધું આપણે આપણા બાળકોને એમના જીવન ઘડતરના નામે શીખવાડીને તેઓને વધુ સ્વાર્થી, સંકુચિત અને અજ્ઞાની બનાવવાના તમામ પ્રયાસો કરીએ છીએ.

માતા-પિતા તરીકે આપણે સમાજની કહેવાતી તમામ પ્રચલિત માન્યતાઓને એકબાજુ મૂકીને માત્ર આપણા બાળકની અંદર રહેલી કલ્પનાશક્તિ અને ક્ષમતા પર સંપૂર્ણ વિશ્વાસ કે ભરોસો મૂકવાની જરૂર છે. બાળકના જીવનને આનંદથી અને ઉત્સાહભેર નિહાળવાની આવશ્યકતા છે. આપણા બાળકો માટે આપણે ક્યારેક જ મા-બાપ બનવાનું હોય છે તો ક્યારેક બાળક સાથે આપણે પણ બાળક જેવા બનીને આપણે તેમની પાસેથી ઘણું બધું શીખવાનું હોય છે.

ખલીલ જિબ્રાને સાચે જ કહ્યું છે કે "તમે તમારા બાળકોને તમારો પ્રેમ આપી શકો, તમારા વિચારો નહીં, કારણ કે એમની પાસે એમના પોતાના વિચારો છે જ."

એક માતા-પિતા તરીકે જો આ એક જ વિચાર આપણે આપણા જીવનમાં ઉતારી શકીએ તો આપણે માત્ર આપણા બાળકનું જ નહીં પરંતુ આપણું પોતાનું જીવન પણ ચોક્કસ સફળ બનાવી શકીએ તેમાં કોઈ બે મત નથી.

મારા મતે માતા-પિતા કે વાલી તરીકે આપણે આપણા બાળકોને જીવનઘડતરમાં ઉપયોગી કેટલીક બાબતો અવશ્ય શીખવવી જોઈએ.

- સારા મિત્રો કેવી રીતે બનાવવા અને આજીવન કેમ ટકાવી રાખવા તે બાળકોને ચોક્કસ શીખવવું.
- પરિસ્થિતિ કે સંજોગો વિપરિત હોય ત્યારે તેનો હિંમતભેર સામનો કેવી રીતે કરવો તે સૌથી પહેલા શીખવવું જોઈએ કારણ કે સામાન્ય રીતે બાળકો વિપરિત પરિસ્થિતિમાં જ નિષ્ફળ જતા હોય છે.
- નિષ્ફળતા એ સફળતાનો જ એક ભાગ છે. અને સફળ થવા માટે નિષ્ફળતાઓ પણ જીવનમાં એટલી જ જરૂરી છે, તે બાળકોને અવશ્ય શીખવવું જોઈએ.
- પોતાનામાં રહેલી શક્તિ (talent) ને કેવી રીતે બહાર લાવવી અને તક મળે તો કેવી રીતે ઝડપી લેવી તે શીખવવું જોઈએ.
- સત્ય, સદાચાર, સાદગી, પ્રમાણિકતા, હકારાત્મક વલણ અને સહનશીલતા જેવા જીવનપયોગી ગુણો આપણે આપણા બાળકોમાં સીંચવાની ખાસ જરૂર છે.
- બાળકોને એ શીખવવું જોઈએ કે પોતાની વસ્તુઓ, નાસ્તો, સાધનો વગેરે અન્ય સાથે વહેંચીને વાપરવા અને જરૂરતમંદ હોય તેવા લોકોને પહેલા આપવા.
- બચત અને કરકસર, જરૂરિયાત અને શોખ તથા સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેના તફાવત આપણે આપણા બાળકોને શીખવવા જોઈએ.
- જીવનનું ધ્યેય અને અપેક્ષાઓ વચ્ચેનું અંતર લાગણીઓથી વણવાને બદલે મહેનતના પરસેવાથી કેમ વણી શકાય તે શીખવવું જોઈએ.

# આજના વિદ્યાર્થી માટે શિક્ષણ કેટલું જરૂરી...

ખુશાલસિંહ ચાવડા
(મ.શિ. અસારવા વિદ્યાલય)

'શિક્ષણ' શબ્દ સાંભળતાની સાથે આપણી સ્મૃતિઓમાં શાળા મહાવિદ્યાલય, શિક્ષક, વિદ્યાર્થીઓની ઝાંખી થાય છે. આજે પ્રશ્ન એ છે કે આજના વિદ્યાર્થી માટે શિક્ષણ કેટલું જરૂરી છે ? ત્યારે જવાબ મળશે ખૂબ જ જરૂરી છે.

આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. આવા યુગમાં શિક્ષણ ખૂબ જ અગત્યનું અને અવિભાજ્ય અંગ છે. આજના વિદ્યાર્થીને સ્પર્ધાત્મક યુગમાં ટકવું હશે તો શિક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આજના બાળકને આવતીકાલના યુગ સાથે અનુકુળ થવાનું હશે તો શિક્ષણ પ્રાપ્ત કર્યા વગર અનુકુળ થવાશે નહીં.

ભારત દેશનો તેમજ સમાજના વિકાસનો મુખ્ય પાયો યુવાન બાળક છે. યુવાન બાળકની ઉન્નતિ એ રાષ્ટ્રની ઉન્નતિ છે. તેથી બાળકની ઉન્નતિ વ્યવસ્થિત થશે તો જ ખરા અર્થમાં દેશની, સમાજની ઉન્નતિ થશે. કારણકે આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. તેથી યુવાન બાળકનો યોગ્ય વિકાસ થાય તે જરૂરી છે.

યુવાન બાળકને વિકસાવવામાં મા-બાપ, પ્રેમ, પોષણ, રક્ષણ, શિક્ષણ, સઘન નિરીક્ષણ, યોગ્ય માર્ગદર્શન, યોગ્ય સાનુકુળ વાતાવરણ ઉપલબ્ધ કરી આપે તે મહત્વનું છે. સમાજ તેમજ રાષ્ટ્રના ભાવિનો આધાર તેના કેળવાયેલા યુવાન બાળકો પર છે. બાળકને શિક્ષણ ન આપનારા મા-બાપ શત્રુ સમાન છે. શિક્ષણ દ્વારા જ દરેક વ્યક્તિ ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે શક્તિમાન હોય છે. તેને જરૂરી માર્ગદર્શન મળી રહે તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

શિક્ષણકાર્યમાં સહાયભૂત શિક્ષક, વિદ્યાર્થી અને વાલીને સાંકળતી કડી વિશે મહત્વના વિચારો રજૂ કરતાં ગર્વ અનુભવી રહ્યો છું.

**શિક્ષક વિદ્યાર્થી વાલી**

- **શિક્ષક :** શિક્ષક પોતે વિદ્યાર્થી બનીને આયોજન પૂર્વક ભણાવે તો સમયસર અને સારી રીતે પાઠ્યક્રમ પૂર્ણ કરી શકે. પાઠ્યપુસ્તકો તો વિદ્યાથીઓની જનેતા છે. તેથી વિદ્યાર્થીઓ પાઠ્ય પુસ્તકનો વધારે ઉપયોગ કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

વિદ્યાર્થી તેના તાસને ત્રાસ ન માનતાં હોંશે હોંશે ભણે. વર્ગ છોડીને ભાગી જવાની વૃત્તિ ન રાખે બલ્કે વર્ગમાં એવું ચુંબકીય વાતાવરણ સર્જે કે જેથી ભાગી ગયેલા વિદ્યાર્થીઓનો પણ એના વર્ગમાં ખેંચાઈ આવે. ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ કદાચ આપમેળે, આંતરસૂઝથી તૈયાર થઈ જશે. પરંતુ ઓછી ક્ષમતાવાળાને પ્રેમ, હૂંફ અને યોગ્ય માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓમાં પડેલી શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરતાં શીખવે એ જ સાચો શિક્ષક.

- **વિદ્યાર્થીઓ :** વગખંડમાં શાંત ચિત્તે, એકાગ્રતાથી તૈયાર કરવું જોઈએ. પરીક્ષાના સમય દરમિયાન સમયપત્રક બનાવીને આયોજન પૂર્વક અભ્યાસ કરવો જોઈએ. આદર્શ વિદ્યાર્થી બનવા પ્રયત્ન કરવો જોઈએ. શાળાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ.
- **વાલી મિત્રો :** બાળકની રસરુચિ જાણીને અભ્યાસ પ્રવાહની પસંદગી કરવી. બાળકની રસરુચિ જાણવા માટે શાળાના શિક્ષકો અને મિત્રોની સલાહ લેવી. બાળક પાસે વધારે પડતી અપેક્ષા ન રાખવી. બાળકને નિયમિત સુપાચ્ય ભોજન અને પૂરતો આરામ મળે તેનું ધ્યાન રાખવું. બાળકનો સમય ન બગડે તે માટે ટેલિવિઝનથી દૂર રહે અને વધારે પડતા હરવા ફરવા પર કાપ મૂકવો. અવારનવાર શાળાના શિક્ષક અને આચાર્યની મુલાકાત લેવી. બાળકને મૂંઝવતા પ્રશ્નો સમજવા અને પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ

રહેવું. બાળકના યોગ્ય વિકાસ અર્થે પ્રયત્નશીલ રહેવું. દરેક વાલીએ સમજી લેવું જોઈએ કે તમે તમારા બાળકના પાલક અને માર્ગદર્શક બનો પણ ચાલક ક્યારેય બનશો નહીં.

શિક્ષણની સાથે આજના યુવાનોમાં નીચેના ઉત્કૃષ્ટ લક્ષણો-ગુણો પ્રકટે તે જરૂરી છે.

(૧) આત્મવિશ્વાસુ બનો (૨) તમનમને સ્વસ્થ રાખો (૩) આત્મહીનતાને દૂર કરો (૪) સંયમ તથા શિસ્ત રાખો (૫) ભય ત્યાગો (૬) સ્વાવલંબી બનો (૭) આત્મબળ વધારો (૮) સત્યને ઓળખો (૯) દૂર્બળતાનો ત્યાગ કરો (૧૦) તત્પરતાથી કાર્ય કરો.

અંતમાં શિક્ષણ, સંસ્કાર, સાહસ, સમજ અને શાંતવન આપી શકે તેનું નામ જ વિદ્યા. વિદ્યાર્થીનું લક્ષ અને લગાવ તથા વિવેક વિનાની અને દિશાવિહીન મહેનત એટલે પાણી વલોવીને માખણ કાઢવા બરાબર છે.

# બાળ ઘડતરના અનુભવો

**પટેલ રમેશભાઈ બી.** (ભૂતપૂર્વ શિક્ષક શેઠ અ.હ. સરસ્વતી)

બાળકના ઘડતરમાં બાળકના માતા પિતાના સંસ્કારો, બાળકના જીવનમાં ઉતરતા હોય છે. માતાના ગર્ભમાં હોય છે ત્યારથી જ તેનું ઘડતર ચાલુ થાય છે. બાળકની સાથે જ માતૃ-પિતૃત્વ ઊછરવું જોઈએ પણ મોટાભાગમાં આમ થતું નથી. બાળક દ્વારા કુદરત અમાપ શક્તિનો એક પિંડ આપણને ભેટ ધરે છે. બાળક કુદરતનો એજન્ડા લઈને આવે છે. મીરાબહેન ભટ્ટ કહે છે, કુદરતે બાળતમાં કુંબ કાર્ય કર્યું છે. મા-બાપ, શિક્ષકો અને સમાજે મળી કાર્ય કરવાનું છે.

બાળકને પ્રેમની વિશેષ જરૂર છે. ગિજુભાઈ ઈન્દુભાઈના શિક્ષક દક્ષિણામૂર્તિના ત્રણ-ચાર તોફાની બાળકો. શિક્ષકને છેતરવા ગૃહકાર્યની નોટબુકમાં વચ્ચે કોરા પાના છોડી દે. ગિજુભાઈ લગીરેક ગુસ્સે થયા વિના પૂછે : બોલો આ કોરા પાનામાં મારે શું લેસન લખવાનું છે ? ઈન્દુભાઈ કહે છે : ‘તે પછી ત્યારેય આવું કરવાની હિંમત ન થાય.’

શાળામાંથી પાલિતણાનો પ્રવાસ જવાનો હતો. ચાર આના ફી ઈન્દુભાઈએ તેમના માતા-પિતાને વાત કરી. રાત્રે માતા-પિતા ફી વિશે વાત કરતાં હતાં ત્યારે ઈન્દુભાઈએ આ વાત ચિત સાંભળી. પછી બીજા દિવસે પોતાનું નામ કમી કરાવ્યું અને પ્રવાસે જવાની ના પાડી. કારણ પૂછતાં બાળમાનસને જાણકાર શિક્ષક ગિજુભાઈને સમજતાં વાર ન લાગી. બાળને પ્રવાસમાં જવાની ઈચ્છા તો છે જ પણ કારણ બીજું જ છે. તેઓ ઈન્દુભાઈના પિતાને મળ્યા અને ચાર આના ફી તેમના પિતાના હાથમાં મુક્યા કારણ એ જ હતું કે પુત્રને એવું લાગે કે પિતાએ જ પૈસા આપ્યા. પિતાએ જ વ્યવસ્થા કરી.

આજના માતા-પિતાઓને બાળકો માટે સમય જ નથી. બદલાયેલા સમયમાં બાળકનું વર્તન વધુ પડકારરૂપ લાગતું હોય તો તેનું સૌથી મહત્ત્વનું કારણ છે પ્રેમની ભૂખ. માત્ર બાળકનો માતા-પિતા અને શિક્ષક દ્વારા પ્રેમની જરૂર છે.

બાળકના વર્તન, તેનો આનંદ, નિરાશા વગેરેનું ધ્યાન રાખીએ બાળક પાસેથી વધુ પડતી અપેક્ષાઓ તો તેની તાકાત બહારની તો નથી ને ?

બાળકમાં કઈ કઈ ક્ષમતાઓ પડેલી છે તે શોધી કાઢવા સારુ આપણે તેને જુદી જુદી પ્રવૃત્તિમાં સંસર્ગમાં લાવી તેમાં તેના રસ, રુચિ તથા દેખાવ જાણી ઈશ્વરે તેનામાં જે પ્રતિભા મુકી છે તેને બહાર લાવવાની શિક્ષકે પ્રયત્ન કરવો જોઈએ.

આમ શિક્ષક, માતા-પિતા અને સમાજના લોકો દ્વારા બાળકમાં રહેલી સુસુપ્ત શક્તિઓ કેળવવાની જરૂર છે. તે માટે તેને માત્ર પ્રોત્સાહન, પ્રેમની જરૂર છે.

## પ્લાસ્ટિક સ્વાસ્થ્ય માટે લાભકારક કે હાનિકારક ?

કુસુમબેન
(બાલભારતી)

આપણી જિંદગીમાં પ્લાસ્ટિકે ટલી હદે વણાઈ ગયું છે કે જેની વાત નહીં. માર્કેટમાં પણ સ્ટિકની જાતજાતની ને ભાતભાતની બરણીઓ, ગ્લાસીસ, થેલીઓ વગેરે જોવા મળે છે. રોજબરોજની ચીજવસ્તુઓ અનાજ, મીઠું, ઘી, તેલ, ઘઉંનો લોટ વગેરે પ્લાસ્ટિકની થેલીમાં મળે છે. પ્લાસ્ટિક કન્ટેનર આજકાલ આવશ્યક બની રહ્યા છે. પ્લાસ્ટિકનો બહોળો ઉપયોગ લાંબે ગાળે તબિયત માટે હાનિકારક નીવડી શકે છે.

પ્લાસ્ટિકની ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ ખાસ કરીને ચા કે ઠંડા પીણા માટે થાય છે. ડિસ્પોઝેબલ વસ્તુઓની અંદરની સપાટી ઉપર મીણ જેવા પદાર્થ હોય છે. જેને ગરમ કે ઠંડા પ્રવાહોનો સંપર્ક થતા રાસાયણિક પ્રક્રિયા થાય છે અને અંતે તે આપણા પેટમાં પહોંચી જાય છે. પ્લાસ્ટિક જ્યારે ગરમ થાય ત્યારે તેમાંથી બીપીએ (બીસ્ફોનેલ એ) નામનો પદાર્થ છૂટો પડે છે. આ પદાર્થનો ઉપયોગ પ્લાસ્ટિકને કડક કરવા માટે વપરાય છે. આપણે જાણીએ છીએ કે પ્લાસ્ટિક મૂળભુત રીતે લચકજાક હોય છે. એટલે તેને ખાસ આકારમાં ઢાળવા માટે તેમાં પ્પલેટ નામનો રાસાયણિક પદાર્થ ઉમેરવામાં આવે છે. ઘણી વખત પ્લાસ્ટિકને આકર્પક બનાવવા માટે તેમાં અલગ અલગ પ્રકારના રંગો ઉમેરવામાં આવે છે. આ રંગોમાં સીસા અને આર્સેનિક જેવા હાનિકારક પદાર્થોનો ઉપયોગ થયો હોય છે એટલે બાળકો માટે રમકડાની પસંદગી કરતી વખતે પણ સાવચેતી રાખવી જોઈએ.

**ગુણવત્તાનું પરીક્ષણ :** આપણે સાય રીતે પ્લાસ્ટિકના લંચબોક્સ એ પાણી ભરવા માટે પણ પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરતા હોઈએ છીએ. પણ શું કદી જોવાની દરકાર કરી છે કે તળિયા કે સાઈડ પર સૂચના લખી છે કે કેમ ! સારી ગુણવત્તાવાળા પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ પર તેનો સિમ્બોલ હોય છે. જે માર્કબ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. આ સિમ્બોલ ક્લોકવાઈઝ એરોટ્રાઈન્ગલ છે. આને રિજન આઈડેન્ટિફિકેશન કોડ સિસ્ટમ કહેવામાં આવે છે. ટ્રાઈંગલની વચ્ચે નંબર હોય છે. નંબર પરથી પ્લાસ્ટિકના પ્રકારની ખબર પડે છે. દા.ચ. પ્રોડક્ટ પર ૧ નંબર લખ્યો હોય તો એ પ્રોડક્ટ ટેરેપાલેટનું બનેલું છે. સોફ્ટ ડ્રીંક્સ, વૉટર, કેચઅપ, અથાણા, જેલી એ પીનટ, બટર આવી ચીજવસ્તુઓ માટે સુરક્ષિત હોવાનું જણાવ્યું છે. ૨ નંબરનો અર્થ થાય છે એ પ્રોડક્ટ હાઈ-ડેન્સિટી પોલિથિનની બનાવટ છે. દૂધ, પાણી, જ્યુસની બૉટલ, દહીંના પેકેજીંગ, રીટેલ બૅગ્સ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. નંબર ૩ ના પ્લાસ્ટિકનો ઉપયોગ કન્ફેકશનરી પ્રોડક્ટ, ડેરી પ્રોડક્ટસ, સૉસ, હર્બલ પ્રોડક્ટસ, મસાલા, ચા, કૉફી વગેરેના પેકેજીંગમાં થાય છે. આવા પ્રકારના પ્લાસ્ટિકમાં પેક કરેલી ચીસ્તુઓને ભેજ લાગતો નથી. ૪ નંબર અર્થાત પ્રોડક્ટ ડેન્સિટી પોલિથિનમાંથી બન્યું છે. ૫ નંબરનો અર્થ પ્રોડક્ટ પોલિપ્રોપિલિનમાંથી બન્યું છે. બૉટલના ઢાંકણા ડ્રિન્કીંગ સ્ટ્રો એ યોગર્ટ કન્ટેનર બને છે. એસિડ સાથે કોઈ રાસાયણિક પ્રક્રિયા નહીં હોવાથી ક્લિનિંગ એજન્ટસ ફર્સ્ટ એડ પ્રોડક્ટસના પેકેજીંગ માટે ઉપયોગ કરવામાં આવે છે. ૭ નંબરનો અર્થ ઓં અનેક પ્રકારના પ્લાસ્ટિકનું મિક્સીંગ હોવાથી સીડસ્સિપર, સનગ્લાસ, કૅચઅપ કન્ટેનર બનાવવામાં આવે છે. ખાવાની ચીજવસ્તુઓ રાખવા ૧, ૨, ૩, ૪ એ ૫ કેટેગરીના પ્લાસ્ટિક કન્ટેનરનો ઉપયોગ કરવાનું બહેતર છે.

પરંતુ અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના માનવા પ્રમાણે બધા પ્રકારના પ્લાસ્ટિકમાંથી નિયત સમય બાદ રસાયણ વછૂટે છે. ખાસ કરીને માઈક્રોવેવમાં ખાવાનું ગરમ કરવા માટે વપરાતા કન્ટેનરનો લાંબો સમય સુધી ઉપયોગ કરવામાં આવે તો પ્લાસ્ટિકના કેમિકલ ખાવાની ચીજમાં ભળી જાય છે. તે એટલા સૂક્ષ્મ હોય છે કે ખ્યાલ પણ નથી આવતો. લાંબા ગાળે ગંભીર પોલિથિનની થેલીમાં ગરમ ચા લઈ જતા હોય છે. કેટલાક નિષ્ણાતોના મત પ્રમાણે આવું વારંવાર કરવાથી લાંબા ગાળકેન્સર થવાનો ડર રહે છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

### ધોરણ ૯ અને ૧૨ ની પરીક્ષાના પ્રશ્નપત્રોની રૂપરેખા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવી :

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૯ થી ૧૨ની પ્રથમ સત્ર અને ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રોની ઘટાડેલા અભ્યાસક્રમ મુજબ નવી પેપર સ્ટાઈલ જાહેર કરી છે. જે મુજબ ધો.૯ થી ૧૧ (સા.પ્ર.)માં પ્રથમ પરીક્ષામાં ૩૦ ટકા પ્રશ્નો હેતુલક્ષી પૂછવાના રહેશે.

જે મુજબ ધો.૯ થી ૧૧, ધો. ૧૨ સા.પ્ર.માં તમામ પ્રશ્નપત્રોમાં ૩૦ ટકા હેતુલક્ષી એ ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો રહેશે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫ ટકા એમસીક્યુ પ્રશ્નો અને ૫૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો રહેશે. ધો. ૯ અને ૧૧માં પ્રથમ પરીક્ષાના ૫૦ ગુમના પ્રશ્નપત્રમાં ૧૫ ગુણના હેતુલક્ષી પ્રશ્નો અને ૩૫ ગુણના વર્ણનાત્મક પ્રશ્નો રાખવાના રહેશે.

ધોરણ ૧૦માં ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૪ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૩૦ પ્રશ્નો હેતુલક્ષીશ્રાખવાના રહેશે. ધો.૯ થી ૧૨ના પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ટૂંકજવાબી, લાંબા પ્રશ્નો અને નિબંધ પ્રકારના પ્રશ્નો પૂછી શકાશે. ઉપરાંત વર્ણનાત્મક પ્રશ્નોમાં અંદાજિત ૩૦ ટકા જેટલા જનરલ ઓપશનના પ્રશ્નો આપવાના રહેશે.

આ વર્ષે કોરોનાને લઈને ધો.૯ થી ૧૨માં ૩૦ ટકા અભ્યાસક્રમ ઘટાડવામાં આવ્યો છે. ત્યારે ઘટાડેલા અભ્યાસક્રમ બાદ સુધારેલા અભ્યાસક્રમમાં આ વર્ષે પ્રથમ સત્રની પરીક્ષા કઈ રીતે લેવી તે માટેની તમામ ધોરણની પ્રશ્નપત્રની પેપર સ્ટાઈલ વેબસાઈટ ઉપર પણ જાહેર કરવામાં આવી છે.

શાળાઓમાં પરીક્ષાના પ્રશ્નપત્રોની રૂપરેખા બાબતે શાળાઓ મૂંઝવણ અનુભવતી હતી. આ અંગે સરકાર તમામ વિગતો સાથે સ્પષ્ટતા કરીને તમામ શાળાઓની મૂંઝવણ દૂર કરી છે. સરકારશ્રીની આ સ્પષ્ટતા દરેક શાળાઓને ખૂબ ઉપયોગી નીવડશે અને તેઓ સહેલીથી પરીક્ષાકાર્ય કરી શકશે.

### ગુજરાત સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૮ હજાર કરતાં વધુ ઓરડાઓની ઘટ :

ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળોમાં ઓરડાઓના ઘટની સંખ્યા વધવા પામી છે. વર્ષ ૨૦૧૫માં ૮૩૮૮ ઓડાઓની ઘટ હતી. જે વધીને ૧૮૫૩૭ થઈ છે. વર્ષ ૨૦૧૯-૨૦ના વર્પમાં માત્ર ૯૯૪ ઓરડાઓ જ બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યની ૫૩૫૩ સરકારી અને ૪૫૮ ખાનગી પ્રાથમિક શાળામાં કમ્પાઉન્ડ વૉલની પણ સુવિધા નથી. સરકાર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટની સંખ્યા વધીને માર્ચ ૦૧૮માં ૧૬૦૦૮ થઈ છે. આમ ઓરડાઓની ઘટની સંખ્યામાં ખૂબ વધારો થવા પામ્યો છે.

**નીચેનું કોષ્ટક જિલ્લાવાર ઘટની માહિતી દર્શાવે છે**

| જિલ્લો | ઘટતાં ઓરડા | ૨૦૧૯-૨૦માં બનાવેલા ઓરડા |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૫૫૫ | ૧૭૨ |
| દાહોદ | ૧૪૭૭ | ૬૬ |
| પંચમહાલ | ૧૧૯૪ | ૧૨ |
| ભાવનગર | ૯૬૩ | ૫૯ |
| કચ્છ | ૯૧૪ | ૪૧ |
| સાબરકાંઠા | ૯૦૬ | ૧૫૮ |

| | | |
|---|---|---|
| મહેસાણા | ૯૦૫ | ૧૨ |
| આણંદ | ૮૪૯ | ૬૨ |
| ખેડા | ૮૨૯ | ૬૯ |
| વલસાડ | ૭૩૫ | ૪૩ |

### કમ્પાઉન્ડ વૉલ વગરની સરકારી પ્રાથમિક શાળા

| જિલ્લો | શાળા | જિલ્લો | શાળા |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૬૯૨ | પંચમહાલ | ૨૩૫ |
| છોટા ઉદેપુર | ૪૩૧ | ખેડા | ૨૩૩ |
| કચ્છ | ૩૯૭ | સુરત | ૧૯૬ |
| દાહોદ | ૩૫૦ | | |
| મહીસાગર | ૩૪૨ | | |
| અરવલ્લી | ૩૦૪ | | |
| સાબરકાંઠા | ૨૪૫ | | |

### ગુજરાતમાં બે વર્ષમાં માત્ર ૨૦ સરકારી પ્રાથમિક શાળાને મંજૂરી

છેલ્લાબે વર્ષમાં ૪૪૬ ખાનગી અને ૨૦ સરકારી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમાં ૩૦૮૪૨ સરકારી શાળાઓ, ૫૭૦ ગ્રાન્ટેડ અને ૧૦૯૨૫ ખાનગી શાળાઓ આવેલી છે. પરંતુ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એકપણ ગ્રાન્ટેડ શાળાને મંજૂરી આપવામાં આવી નથી. બનાસકાંઠામાં ૮ શાળાઓ, દ્વારકામાં ૪ શાળાઓ, જામનગર-મહેસાણા ૨, ગીરસોમનાથ, વડોદરા, ડાંગ અને અમદાવાદમાં એકે ક શાળાને મંજૂરી અપાઈ છે. એક એવી પણ માહિતી છે કે ૧૭ પ્રાથમિક શાળામાં વીજળીની સુવિધા નથી.

### ગુજરાતમાં ચાર લાખ બેરોજગારો

રાજયમાં ૩,૯૨,૪૧૬ શિક્ષિત બેરોજગાર અને ૨૦૫૬૬ર્ધશિક્ષિત બેરોજગાર મળીને કુલ ૪,૧૨,૯૮૫ બેરોજગારો નોંધાયા છે. આ ઉપરાંત બે વર્ષમાં માત્ર ૧૭૭૭ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી છે.

### કયા જિલ્લામાં સૌથી વધુ બેરોજગારો

| જિલ્લો | શિક્ષિત બેરોજગાર | અર્ધશિક્ષિત બેરોજગાર | કુલ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૦૧૯૨ | ૩૮૭૧ | ૩૪,૩૬૨ |
| વડોદરા | ૨૬૪૩૯ | ૯૨૩ | ૨૭,૩૬૨ |
| આણંદ | ૨૩૪૩૯ | ૬૯૭ | ૨૪,૧૩૬ |
| રાજકોટ | ૧૯૭૯૪ | ૧૩૬૭ | ૨૧,૧૬૧ |
| સુરત | ૧૭૯૬૬ | ૮૦૧ | ૧૮,૭૬૭ |
| મહેસાણા | ૧૭૮૮૮ | ૫૬૧ | ૧૮,૪૪૯ |
| ખેડા | ૧૭૬૭૨ | ૭૩૮ | ૧૮,૪૧૦ |
| ભાવનગર | ૧૬૫૮૬ | ૧૨૭૧ | ૧૭,૮૫૭ |
| જામનગર | ૧૪૨૬૮ | ૧૭૭૦ | ૧૬,૦૩૮ |
| કચ્છ | ૧૧૮૫૫ | ૧૯૬૬ | ૧૩,૮૨૧ |
| સુરેન્દ્રનગર | ૧૨૭૨૫ | ૫૧૫ | ૧૩,૨૪૦ |
| દાહોદ | ૧૨૬૮૦ | ૫૧ | ૧૩,૦૩૧ |

### ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીના પ્રવેશમાં આ વર્ષે વિદ્યાર્થીનીઓ વધુ

ડટલ બાદ આયુર્વેદ અને હોમિયોપેથીમાં પણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ છે. છેલ્લા પ્રવેશના આંકડા મુજબ ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં આ વર્ષે પ્રવેશ લેનારાઓમાં યુવતીઓનું પ્રમાણ વધુ છે.

આ વર્ષે મેડિકલમાં ૫૩૪૩, ડેન્ટલમાં ૮૦૩, આયુર્વેદમાં ૧૬૩૪, હોમિયોપેથીમાં ૨૨૮૧ પ્રવેશ થયા છે. જેમાં મેડિકલમાં ૨૯૯૩ યુવકો અને ૨૩૫૦ યુવતીઓએ પ્રવેશ લીધો છે. ડેન્ટલમાં ૨૪૦ યુવકો અને ૫૬૩ યુવતીઓએ પ્રવેશ લીધો છે. આયુર્વેદમાં ૭૬૫ યુવકો અને ૮૬૯ યુવતીઓએ પ્રવેશ લીધો છે. હોમિયોપેથીમાં ૯૬૧ યુવકો અને ૧૩૨૦ યુવતીઓએ પ્રવેશ લીધો છે. આ વર્ષે મેડિકલમાં યુવતીઓ કરતા યુવકોના પ્રવેશ વધુ થયા છે.

ચારેય અભ્યાસક્રમોમાં કુલ મળીને ૪૯૫૯ વિદ્યાર્થીઓએ અને ૫૧૦૨ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ લીધો છે. કુલ

૧૦૦૬૧ પ્રવેશ થયા છે.

**ટૂંકાવીને**

- ટેકનિકલ કૉલેજોની ઈન્ટરનલ ક્વોલિટી એસ્યોરન્સ રચવા માટે જીટીયુ GTU નો આદેશ. વર્ષ ૨૦૨૨ સુધીમાં કૉલેજો એનબીએ અથવા નેક એક્રિડિટેશનથી માન્યતા પ્રાપ્ત થાય તેવા ટાર્ગેટ હેઠળ તમામ કૉલેજોને સૂચના અપાઈ.
- ફાર્મસી એ આર્કિટેક્ચર કૉલેજોને હવે એઆઈસીટીઈની મંજૂરી લેવી જરૂરી નથી. આ બંને કોર્સની કૉલેજોએ પોતાના કોર્સની કાઉન્સીલની જ મંજૂરી લેવાની રહેશે.
- યુનિવર્સિટી કૉલેજોના અધ્યાપકોને સાતમા પગારપંચનું ૪૫૨ કરોડનું એરિયર્સ ચૂકવવામાં આવશે.
- પરીક્ષા ફી અને હૉસ્ટેલ ફીમાં વધારાની ફરિયાદ સાથે ટીચર્સ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનો ભારે અસંતોષ.
- નવી ટેલેન્ટ વિકસાવવા માટે બી.એસસી., એગ્રી યુનિવર્સિટી માટે સરકારે જમીન ફાળવી.

# સેવામૂર્તિ દંપતી

નાગપુરની મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા રાની અને અભય નામના બે સહઅભ્યાસીઓ એકબીજાના પ્રેમમાં પડ્યા. ભણવામાં બંને ખૂબ હોંશિયાર. અભયને ત્રણ અને રાનીને એક ગોલ્ડમેડલ મળ્યો હતો જે તેઓની તેજસ્વિતાનો વિશેષ પરિચય કરાવે છે. આગળનો અભ્યાસ કરવા માટે બંને અમેરિકા ગયા અને અમેરિકાની જોન હોપકિન્સ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડીગ્રી લીધી.

અમેરિકામાં અભ્યાસ કર્યા પછી પતિ-પત્ની બંનેએ ભારતમાં જ એમની પ્રેક્ટીશ શરૂ કરી. ેકવાર ડૉ. રાની પાસે એક સ્ત્રી એની બીમાર બાળકીને લઈને આવી. નવજાત બાળકીને તપાસીને ડૉ. રાનીએ એને બાળકોની હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપી. પેલી સ્ત્રી એની દીકરીને લઈને જતી રહી. બે દિવસ બાદ એ સ્ત્રી ફરીથી બાળકીને લઈ ડૉ. રાની પાસે આવી. ન્યુમોનિયાને કારણે બાળકીને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડી રહી હતી. બાળકીનું ત્યાં જ અવસાન થયું. ડૉ. રાની પેલી સ્ત્રી પર રીતસરના ત્રાડૂક્યા "તારામાં કંઈ અક્કલ જેવું છે કે નહીં ? બે દિવસ પહેલા જ મેં તને કહ્યું હતું કે આ છોકરીને હોસ્પિટલમાં દાખલ કર. તારી બેદરકારીને કારણે તારી દીકરીએ જીવ ગુમાવ્યો."

પેલી સ્ત્રીએ રડતા રડતા કહ્યું, "ડૉક્ટર સાહેબ હું આને હસ્પિટલ કેવી રીતે લઈ જાવ ? એ માટે પૈસા તો જોઈએ ને ? મારે ચાર સંતાનો છે અને મારા પતિનું તાજેતરમાં અવસાન થયું છે. સંતાનોનું પેટ ભરવા માટે મારે રોજ કમાવા જવું પડે. હવે જો હું આને હોસ્પિટલમાં રાખું તો કમાવા ના જઈ શકું અને મારા બાકીના સંતાનો ભૂખ્યા મરી જાય. બહેન આ એકને બચાવવા હું બીજા ત્રણને કેમ મારી શકું ? અને બચાવવી હોય તો પણ મારી પાસે નૈયો પૈસો પણ નથી હોસ્પિટલનો અને દવાનો ખર્ચો કેમ કરવો ?

ડૉ. રાની આ લાચાર માની સામે ફાટી આંખે જોઈ રહ્યા. આ ઘટનાથી એનું મન બેચેન થઈ ગયું. ગરીબ આદિવાસીઓ માટે કંઈક કરવાનો એણે સંકલ્પ કર્યો. એના પતિ ડૉ. અભય બંગ તો સેવાભાવી અને ગાંધીવાદી વિચારસરણી વાળા હતા એટલે એનો સાથ મળ્યો. પતિ-પત્ની બંનેએ મહારાષ્ટ્રના ગઢચિરોલી નામના ૫૦૦૦૦ની વસ્તીવાળા નાના શહેરને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું અને આજુબાજુના ગરીબ આદિવાસીઓની આરોગ્ય સેવાનો યજ્ઞ શરૂ કર્યો. કોઈ જાતની ફી લીધા વગર વિદેશમાં ભણેલા ગોલ્ડમેડાલીસ્ટ પતિ-પત્ની ગરીબ આદિવાસીઓની સારવાર કરવાનું કામ કરી રહ્યા છે.

આપણે સાલું બીજા માટે ખિસ્સામાંથી એક ફદીયુ કાઢી શકતા નથી એ આ દંપતીએ બીજાઓને પોતાનું આખું જીવન આપી દીધું.

વાહ... ડૉ. અભ્ય બંગ અને ડૉ. રાની બંગને

**'એકલીપીટ'માંથી સાભાર**

# અનુસંધાન પૃષ્ઠ

**એક વિદ્યાર્થી સ્વાતંત્ર્ય સેનાની**

*વરના અણમોલ મોતી બિખર જાયેંગે*
*આપ માનો ન માનો, ખુશી આપકી*
*હમ મુસાફિર હૈ કલ અપને ઘર જાયેંગે"*

આ ધૂનનો પ્રારંભ સંગીતવૃંદથી થયો પણ પછી તો સમગ્ર માહોલ ધૂન ગાવામાં જોડાઈ ગયો. અંતે સૌની આંખો ભીની હતી. સૌના હૈયા થંભી ગયા હતા. વાતાવરણ શાંત-ગંભીર બની ગયું હતું. કારણ કે જ્ઞાનમાતાનો એક સમુદાય કાયમ માટે ક્ષેત્રથી અલગ થઈ રહ્યો હતો. કેટલાક વિશેષ સંવેદનશીલ મિત્રો મૌનમાં ચોંધાર આંસુએ અલવિદા થઈ. રહ્યા હતા.

આ પહેલો પ્રસંગ શિક્ષકની દિશા નક્કી કરી ગયો. શિક્ષણની સાચી વિભાવના દર્શાવી ગયો. શિક્ષણ ચાર દિવાલમાં આપી શકાય પણ દિવાલનું બંધન નથી હોતું. એ તો વૃક્ષ નીચે, ખુલ્લા મેદાનમાં કે નદી કિનારે પણ આપી શકાય છે તેની અનુભૂતિ આ જ્ઞાનભૂમિમાં સૌએ કરી હતી.

**અંદરથી ઊગવું જોઈએ !**

પોતાના શરીર અને મનને સમજવાનો પ્રયાસ કરવાનો છે. જેમ જેમ તે સમજાતાં જશે, તેમ તેમ બંનેની અનુભૂતિ થતી જશે. શરીરની મર્યાદાઓ સમજાતી જશે અને મનની વિરાટતા સમજાતી જશે. ત્યારે તેમને ઉપનિષદની ગર્જના "અહમ બ્રહ્માસ્મિ" કે બાઈબલનું વાક્ય "હું જ ઈશ્વર છું" વગેરે સમજાશે.

આ સમગ્ર પુસ્તકમાં સ્વામી રામનાં આવાં તો અનેક વિધાનો પથરાયેલાં પડેલ છે. તે વાંચીએ તો તેમની તાકાત સમજાશે. સાથે, સંભવ છે, પોતાની પણ તાકાતને ઓળખી શકાશે. સ્વામી રામની આત્મકથા "હિમાલયના યોગીઓ" પણ સંદર્ભમાં વાંચવા જેવી છે.

હા, તે ઈચ્છા પણ અંદરથી ઊગવી જોઈએ.

**ચૂંટણી પછીની જવાબદારી**

કામગીરી કરીને પ્રજાનું કામ અને સેવા કરવાની રહે છે. પ્રજાનો વિશ્વાસ ઓછો ન થાય તે જોવાની જવાબદારી હવે આ નવા ચૂંટાયેલા સભ્યોની રહે છે.

તેમના અંકુશ અને તાબા હેઠળ સેવા કરનારી સેવાભાવી સંસ્થાઓ, શાળાઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પ્રશ્નો પ્રત્યે પણ પોતાના કાર્યક્ષેત્ર એ મર્યાદામાં રહીને ધ્યાન આપવું પડશે. તેમના વિકાસકાર્યને વધુ મહત્ત્વ અપાય, દરેક નિર્ણયમાં હકારાત્મક અભિગમ રાખે તો વિકાસની ગતિ વધારે ઝડપી બને એ નિર્વિવાદ છે.

ચૂંટાયેલી પાંખ, તેમના વડાઓ, અને અન્ય સત્તાધીશો સર્વકક્ષાએ ગંભીર બની, સારા કાર્યોનો ત્વરિત અમલ કરે અને કરાવે એ જ ઈચ્છાજોગ.


**અશોક સોમપુરા**

## ચાલો જંગ જીતીએ...

**મૃણાલ ઓઝા**
(જે. એન. બાલિકા)

**૨૦૨૦નો ધરખમ બદલાવ એટલે કોરોના**
**બધાં જ પ્રાણી - પક્ષી પર પ્રભુત્વ રાખનાર**
**મનુષ્ય જ થયો પાંગળો !**
**અન્ય જીવો ને પાંજરામાં પૂરનાર**
**પોતે જ થયો quarantine ઘરમાં !**
**જૂની ટેવોને અપનાવતા થયા**
**જૂની રમતોને રમતા - રમાડતા થયા**
**મોબાઈલ ન આપતા જે હાથમાં,**
**તેજ મોબાઈલ બની ગયો પ્રબળ દાવેદાર શિક્ષણનો !**
**વાતાવરણમાં પ્રદુષણનો પારો થંભ્યો**
**કુટુંબ વચ્ચે તાલમેલમાં થયો વધારો,**
**ચાલો આ વિશ્વવ્યાપી જંગ જીતીએ**
**કોરોનાને માત આપીએ.**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



# માતૃભાષા અને રવીન્દ્રનાથ ટાગોર

બાળક માતૃભાષા શી રીતે શીખે છે ? માને મોઢેથી સાંભળી સાંભળીને ખેલતાં કૂદતાં આનંદ કરતાં કરતાં શીખે છે.

તે જે થોડું શીખે છે, તેટલાનો જ તે પ્રયોગ કરે છે. ત્યારે તેનાં વાક્યો અર્ધા અર્ધા અને વ્યાકરણની ભૂલોથી ભરેલાં હોય છે. ત્યારે અધૂરી ભાષામાં તે જે કંઈ ભાવ વ્યક્ત કરી શકે છે તે પણ અત્યંત મર્યાદિત હોય છે. તેમ છતાં બાળપણમાં ભાષા શીખવાનો એ જ એક સ્વાભાવિક ઉપાય છે.

બાળકની ભાષાની એ અશુદ્ધતા અને મર્યાદા જોઈને જો એવો હુકમ ફરમાવવામાં આવે કે જ્યાં સુધી વ્યાકરણના બધા નિયમોમાં તે પૂરેપૂરો પાકો ન થાય, ત્યાં સુધી બાળકને ભાષા ઉપર કશો અધિકાર મળશે નહિ, ત્યાં સુધી તેને ભાષા સાંભળવા કે વાંચવા દેવામાં આવશે નહિ, અને તે ભાષા બોલી પણ શકશે નહિ - તો ભાષાનું શિક્ષણ તેને માટે માત્ર મુશ્કેલ બની જશે એટલું જ નહિ, અશક્ય બની જશે.

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

હું પ્રાર્થના કરું છું કે હું મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં, મેં જીવવાની ઇચ્છા કરી હતી તેવી જિંદગી નહિ; અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી. તે કરવાનો બોજ તેના પર લાદવા સામે હે પ્રભુ, મને સાવધ રાખજે.

તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું તેનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે પ્રભુ. અને એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.

એની ઉંમરના નાનાં નાનાં તોફાનો સામે ક્યારે હસી લેવું, અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે ક્યારે સંરક્ષક દૃઢતાથી કામ લેવું. તે જાણવા જેટલું ડહાપણ તું મને આપજે.

તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગૂમસૂમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા ! મને એ ઔદાર્ય આપજે જેથી અમારી વચ્ચેની ખાઈ હું હૂંફભરી સમજદારી વડે પૂરી દઈ શકું.

(પરમ સમીપેમાંથી સાભાર)

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.